સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

જાન્યુઆરી - ૨૦૧૭ ❖ બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-





સર્વાવતારી ભગવાન શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી
સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જૂનાગઢ દ્વારા પ.પૂ.
ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં
જૂનાગઢ પ્રદેશના જુદાં જુદાં દેશોમાં ઉજવાયેલ



## ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા














સર્વાવતારી ભગવાન શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જૂનાગઢ દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ 'મહા શાકોત્સવ તથા સત્સંગ સભા'













સર્વાવતારી ભગવાન શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જૂનાગઢ દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં જૂનાગઢ પ્રદેશના જુદાં જુદાં દેશોમાં ઉજવાયેલ 'ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા'


















સર્વાવતારી ભગવાન શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જૂનાગઢ દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં જૂનાગઢ પ્રદેશના જુદાં જુદાં દેશોમાં ઉજવાયેલ 'ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા'






યોગીચોક-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળની ત્રિમાસિક સત્સંગ સભા.





















**સર્વાવતારી ભગવાન શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જૂનાગઢ દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં જૂનાગઢ પ્રદેશના જુદાં જુદાં દેશોમાં ઉજવાયેલ 'ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા'**



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


વર્ષ : ૪, અંક : ૧૨, તા. ૨૦-૦૧-૧૭

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


## અનુક્રમણિકા


૧. એક પ્રાસંગિક નજર : તીર્થસ્થાન મહિમા પર... ૦૬

૨. સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની દીક્ષાભૂમિ તીર્થધામ મેઘપુર ૦૮

3. શ્રીજીપ્રસાદીભૂત મેઘપુરમાં પ્રાસાદિક સ્થાનો ૧૦

- ૧. પ.ભ. શ્રી નારાયણ સોનીનું પ્રાસાદિક ઘર (નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર)....૧૧
- ૨. સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી દીક્ષાસ્થાન સ્મૃતિ છત્રી........................૧૨
- ૩. લાડકીબાઈનું પ્રાસાદિક ઘર..........................................................૧૩
- ૪. પ્રસાદીનું આંબલીનું વૃક્ષ તથા ગંગાજળિયો કૂવો..............................૧૪
- ૫. પ્રાસાદિક વાવ.........................................................................૧૪
- ૬. પ.ભ. મૂળજી લોહાણા સ્મૃતિ છત્રી...................................................૧૫

૪. તીર્થધામ મેઘપુરમાં શ્રીજીમહારાજે કરેલ દિવ્ય લીલાચરિત્રો ૧૮

૫. સત્સંગ સમાચાર પત્રિકા 33


**ચૈત્રી પંચાગ નિર્ણય વિષે :-** આગામી ચૈત્રી પંચાગ નિર્ણયમાં જે હરિભક્તો વ્યવાસિક જાહેરાત તેમજ શુભેચ્છક નામ લખાવવા ઈચ્છતા હોય તેઓએ તેમજ નિર્ણયમાં જે શિખરબધ્ધ મંદિરો અને હરિમંદિરના સરનામું-સંપર્કમાં સુધારો-ઉમેરો કરાવવા ઈચ્છતા હોય તેમણે પૂ. ઘનશ્યામ સ્વામી (મો. ૯૮૨૫૧૩૪૧૦૮)નો સંપર્ક કરવો.


:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન-વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી ::

સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

:: સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર ::

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-

પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : $ 260 (યુ.એસ.એ), : £ 175 (યુરોપ)

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

Visit us : www.sardharkatha.com

www.swaminarayanvadtalgadi.org

E-mail :- chintankaryalay@gmail.com



હમારા લક્ષ્ય

www.lakshya.tv

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦


છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦

# એક પ્રાસંગિક નજર :
# તીર્થસ્થાન મહિમા પર...

અમિત એવા આકાશને જોયા પછી કે વિશાળ સમુદ્રને જોયા પછી, ઊગતા સૂર્યની અરુણતાને જોયા પછી કે આથમતા સૂર્યની લાલીને જોયા પછી, આકાશમાં પૂનમના ચંદ્રને જોયા પછી કે અમાસની રાત્રે ચંદ્ર વિહોણા આકાશને જોયા પછી, ઝરણાના ખળખળ અવાજને શ્રવણ કર્યા પછી કે પંખીઓના (તદ્દન અવ્યક્ત અવાજ) કલરવને સાંભળ્યા પછી, ઊંચા પર્વત પરથી ઊંડી ખીણને જોયા પછી કે ઊંડી ખીણમાં ઊભા રહી ઊંચા પર્વતને જોયા પછી, વર્ષાઋતુની હરિયાળીને જોયા પછી કે ગ્રીષ્મઋતુની ઉજ્જડતાને જોયા પછી, શિયાળામાં ઘાસ ઉપર બાઝેલા ઝાકળના બિંદુને જોયા પછી કે ચોમાસામાં અનરાધાર વરસતા મેઘને જોયા પછી, કાદવમાં ઊગેલાં કમળને જોયા પછી કે આકાશમાં અધ્ધર બનતા નાળિયેરના પાણીને પીધા પછી, કેરીની મીઠાશને માણ્યા પછી કે કારેલાની કડવાશને જાણ્યા પછી - એ આદિક અનંત આશ્ચર્ય, ઐશ્વર્ય અને કુદરતી સૌંદર્યને જોયા - સાંભળ્યા અને અનુભવ્યા પછી આપણા મનમાં **એક પ્રશ્ન** અવશ્ય ઊભો થાય અને ન થયો હોય તો અચૂક પ્રશ્ન થવો જ જોઈએ કે, આ કુદરતી સૌંદર્ય જો ચિત્તચોર હોય, આકર્ષક હોય તો પછી તેના સર્જનહાર સાક્ષાત્ પરમાત્મા કેટલાં આકર્ષક અને સ્વરૂપવાન હશે ? પ્રશ્ન ખરેખર **યોગ્ય** છે.

ઈતિહાસના પ્રપર્ણ ઉપર **પ્રસંગ** લખાયો કે સંત નામદેવ પંઢરપુરની ગલીઓમાં ફરે, વિઠ્ઠલ ! વિઠ્ઠલ ! ભજન કરે. બધા લોકોને ખબર હતી કે નામદેવ વિરક્ત પુરુષ છે. સાચા સંત છે. એક દિવસનો સમય. કોઈ જગ્યાએ મુશાયરો રાખેલો હતો. ત્યાં નર્તકીઓ નાચગાન કરતી હતી. ઘણા લોકો ત્યાં ઊભા ઊભા જોતા હતા. નામદેવનું ત્યાંથી પસાર થવું, પરંતુ લોકોની જેમ તે પણ જોવા મંડ્યા. કેટલાક લોકોએ મશ્કરી કરતા કહ્યું : "શું થયું મહારાજ ? વૈરાગ્ય ઉતરી ગયો ? રૂપમાં મન મોહી ગયુંને ?" મંદ મંદ હસતા સંત નામદેવજીએ કહ્યું : "હું તો એ વિચાર કરું છું કે આ સ્ત્રીમાં આટલું બધું રૂપ છે, તો આનો બનાવનાર મારો માલિક વિઠ્ઠલ ! કેટલો બધો સ્વરૂપવાન હશે ?" બધા લોકોને એક દીર્ઘદષ્ટિવાળા સંતના દર્શન થયા.

આપણા અંતઃકરણમાં પણ કાંઈક આવો જ **પ્રશ્ન** ઊઠે કે, આ લોકમાં કોઈક રૂપવાન પંચભૂતના દેહમાં આટલું બધું રૂપ છે, તો તેના સર્જનહાર સ્વયં પરમેશ્વર તે કેટલા સ્વરૂપવાન અને સ્વસૌંદર્યવાન હશે ?

થોડો વાંકડો વિચાર કરીએ તો, આ પ્રશ્ન દેહદર્શીને જ થાય - માયિક જગતના જીવને જ થાય, પરંતુ ભગવાનના ભક્તને તો એવો **વિચાર** આવે જે એ મહાપ્રભુના દર્શન મને ક્યારે થશે ? એમના (પ્રભુના) દીદારની ઝંખના એના મનમાં થયા કરે - શબરીની જેમ સવાર-સાંજ થયા પછી પણ જો પ્રભુના દર્શન ન થાય તો ચૈતન્ય મહાપ્રભુની જેમ **'શામ ઢલ ગઈ મગર મેરે શ્યામ ન આયે...'**નો આર્તનાદ કરી, આંખોમાં સમાય નહિ તેટલા આંસુ પરમાત્માની યાદમાં વહાવી મૂકે.

કારિયાણી પ્રકરણના ૮મા વચનામૃત પ્રમાણે જે કાંઈ નરી આંખે દેખાય છે, એ તમામ જીવપ્રાણી માત્રની અંદર સગુણપણે **પરમાત્મા** રહ્યા છે. અને જે નરી આંખે નથી દેખાતા તે તમામની અંદર પણ નિર્ગુણપણે **ભગવાન** રહ્યા જ છે. લોયા પ્રકરણના ૭મા વચનામૃત પ્રમાણે ઈન્દ્રિયો-અંતઃકરણ અને અનુભવ આ ત્રણે કરીને એનો પ્રત્યક્ષ **સાક્ષાત્કાર** કરવો છે - આવી ઈચ્છા પરમ ભક્તના મનમાં રહ્યા કરે છે. એ ભગવાન સર્વે કુદરતી સૌંદર્યોમાં હોવા છતાં મારી કૂખે જન્મ ધારણ કરી મારા ખોળાને ખુંદે અને મને **'માઁ'** બનવાનું સુખ મળે. કોઈક ભક્ત એવું વિચારે કે મને 'ભાઈ' બનીને સુખ આપે. કોઈ એવો સંકલ્પ કરે કે ભગવાન મારા હાથનો રોટલો જમવા પધારે, કોઈક તો એવો **સંકલ્પ** કરે કે ભગવાન મારા (સ્ત્રી ભક્તોના) વસ્ત્રો ધારણ કરે, મારા ખભા ઉપર હાથ મૂકે - એ આદિક અનંત ભક્તો અનંત સંકલ્પો દ્વારા અનંત એવા પરમાત્માને **પ્રેમ** કરે છે. અને પોતાના અનંત પ્રેમના તાંતણે પ્રભુને બાંધી અને પોતાના ધામમાંથી મૃત્યુલોકમાં આવવા માટે **વિવશ** કરે છે.

એક ખૂબજ સુંદર વાક્ય છે કે, 'ઈચ્છાઓ રહી જાય અને શ્વાસ પૂરા થઈ જાય તેને **મૃત્યુ** કહેવાય. અને ઈચ્છાઓ ટળી જાય અને શ્વાસ વધી રહે તેને **મુક્તિ** કહેવાય.' એક ડગલું આગળ વિચાર કરીએ તો શ્વાસ ભલે પૂરા થઈ જાય અને ઈચ્છાઓ ભલે

રહી જાય પણ એ ઈચ્છાઓ જો ફક્ત ભગવાન સંબંધિત હોય તો તેને **સમ્યક પ્રેમ** કહેવાય. અને હા ! એ પ્રેમ જ પ્રભુમિલનનું **માધ્યમ** બને છે.

કારિયાણી પ્રકરણના ૫મા વચનામૃત પ્રમાણે **ભગવાનનું અવતરણ** કેવળ ધર્મના સ્થાપન માટે નહિ, અધર્મના ઉત્થાપન માટે નહિ, અસુરોના વિનાશ માટે જ નહિ, પરંતુ કેવળને કેવળ પોતાના પ્રેમીભક્તોના ભાવને પૂરા કરવા અને મનોરથને સાકાર કરવા જ મનુષ્યતનુ ધારણ કરે છે. અને સાથે જ ધર્મનું સ્થાપન અને અસુરોનો વિનાશ પણ કરે છે. આવા **પ્રેમીભક્તોને માટે જ** પરમાત્મા અહીં પધારે છે અને ભગવદીય માટે નાના પ્રકારના ચરિત્રોને કરે છે અને એ ચરિત્રો કરવા પાછળનો હેતુ પણ એજ હોય છે કે, પછીની પેઢીના ભક્તો તેનું **મનન-ચિંતન** અને **સાક્ષાત્કાર** કરી પરમપદને પામે. (વચ. પ્ર. ૩)

ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮મા વચનામૃત પ્રમાણે જોઈએ તો **ભગવાન શ્રીહરિ** કહે છે કે - ચરિત્રો તો અમે અપાર કર્યા છે, તેને ચિંતવતા ચિંતવતા આખો જન્મ પસાર થઈ જાય છતાં તે ખૂટે તેમ નથી. માટે એક **ચરિત્ર** પૂરું થયું તો બીજું ચિંતવવું અને બીજું પૂરું થયું તો ત્રીજું ચિંતવવું - એમ મનને ચરિત્રોરૂપી જાળામાં ગૂંચવી મેલવું.

વૈશ્વિક દૃષ્ટિએ અને હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે ભગવાનના **અવતારોના ચરિત્રો** જો ખોળવા બેસીએ તોપણ એ **અખૂટ** છે, પરંતુ પ્રત્યક્ષની વાત કરીએ તો પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**, કે જેના ગુણો ને મહિમા કહેતા વેદો પણ **'ન ઈતિ ન ઈતિ'** કહીને વિરામ પામે એવા મહાપ્રભુ શ્રીહરિ - તેઓના ચરિત્રોને જો ચિંતવવા બેસીએ તો એ પણ અખૂટ, અમાપ, અગાધ અને અગણિત છે. કારણ કે સ્વયં ભગવાન શ્રીહરિ જેમ અનંત-અપાર છે. તેમજ તેમના ગુણ અને કર્મરૂપી **કલ્યાણકારી ચરિત્રો** પણ અનંત-અપાર જ છે.

**'સબ પૃથ્વી કાગજ કરું, લેખની કરું વનરાઈ, સબ સમંદર શાહી કરું, પર હરિગુન લિખ્યો ન જાય...'** એ મુજબ પ્રગટના ચરિત્રો જ **અસંખ્ય** છે, પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉજવાતા નાના-મોટા ઉત્સવ-સમૈયા અનુરૂપ સત્સંગીઓના સત્સંગને પોષણ મળે, બળ મળે તેમજ પ્રેરણા મળે તેવા ચરિત્રોને આપણે વાંચતા-સાંભળતા કે ચિંતવતા આવ્યા છીએ. તેમજ જે તે ગામના **આદર્શરૂપ** સંતો-હરિભક્તોના જીવનકવનને વાગોળતા આવ્યા છીએ. એ ઉપરાંત સંપ્રદાયના પ્રસિદ્ધ તીર્થસ્થાનો અને લુપ્તપ્રાય એવા પણ પ્રસાદીના સ્થાનોને આપણે **વાંચનયાત્રા**ના માધ્યમથી **માનસિક દર્શન** કરતા આવ્યા છીએ.

એ પ્રાસાદિક તીર્થસ્થાનોમાંનું જ એક **મહિમાસભર** તીર્થસ્થાન છે **મેઘપુર.** જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ એક, બે કે દસ-બાર દિવસ નહિ કે બે-ત્રણ મહિના જ નહિ, પરંતુ પૂરા છ મહિના સુધી મેઘપુર ગામમાં નિવાસ કરીને **અનંત ચરિત્રો** કર્યા છે. એવા આ સોરઠ પ્રદેશના મેઘપુર ગામમાં તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**ના ઉપલક્ષમાં સંપ્રદાયના શાસ્ત્રોના આધારે સંકલિત કરાયેલી ચરિત્રગાથાના તલસ્પર્શી અભ્યાસપૂર્વક આવો આપણે પણ આપણા વિશુદ્ધ હૈયા રૂપી સોળવલ્લા સોનાના પાત્રમાં આ **'મેઘપુર શ્રીહરિચરિત્ર દર્શનગાથા'**ના ચરિત્રોરૂપી **અમૃત**ને ભરી, જન્મોથી પ્યાસા જીવાત્મા સુધી પહોંચાડી તેને તૃપ્ત કરીએ.

**સંપાદક :- સાધુ અમૃતસ્વરૂપદાસજી** તથા
**પાર્ષદ અમિત ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી





શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન વિદ્વાન પંડિતવર્ય **સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની**

# દીક્ષાભૂમિ તીર્થધામ મેઘપુર

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ **'પુરુષોત્તમ પ્રકાશ'**માં શ્રીજીમહારાજના સંબંધમાં આવેલ જડચેતન પદાર્થોનો મહિમા ખૂબજ વર્ણવ્યો છે :-

**'જિયાં જિયાં અમે વિચર્યા, વળી રહ્યા જે જે ગામ;**
**તે જરૂર જન જાણજો, સર્વે થયાં છે સ્વધામ.**
**તિયાં પ્રાણી કોઈ તન તજે, જાણ્યા વિના એહ જાગ્ય;**
**કહ્યાં ન જાય વળી કોઈથી, એવાં ઉઘડિયા એના ભાગ્ય.**
**ચરણે અંકિત જે અવનિ, વળી પદની સ્પર્શેલ રજ;**
**તે જોતાં ન જડે જાણજો, જેને ઈચ્છે છે ઈશ્વર અજ.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪/)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં કહે છે કે, જ્યાં જ્યાં અમારા **ચરણારવિંદ**ની **છાપ** પડી છે ત્યાં ત્યાં કોઈ ભૌતિક ભાવના ન કરશો. માયામય એવી જડ વસ્તુ પણ નિર્ગુણ એવા પરબ્રહ્મ પરમાત્માના સંબંધથી દિવ્યભાવને પામી જાય છે. સૃષ્ટિના સનાતન નિયમમાં અપવાદ સર્જાય છે, તે ભૂમિ 'સ્વધામ' ભગવદ્ધામ રૂપ બની જાય છે. સર્વ કોઈની દૃષ્ટિમાં આવો દિવ્યભાવ શક્ય નથી. દા.ત. એવા જ એક મહાન તીર્થસ્થાન મેઘપુરમાં શ્રીજીમહારાજ છ-છ મહિનાઓ સુધી રહ્યા છે. ત્યાંની ગલીઓને, ભક્તજનોના ઘરોને, વાડી-ખેતરો વગેરે ભૂમિને ભગવાન શ્રીહરિના શ્રીચરણોનો સાક્ષાત્ સંબંધ પ્રાપ્ત થયો છે માટે તે સાક્ષાત્ અક્ષરધામ છે. આવો દિવ્યભાવ માયિક દૃષ્ટિમાં બંધાયેલા આપણા જેવા જીવદશાના આત્માઓને નથી આવતો એટલે શ્રીજીમહારાજ ભારપૂર્વક કહે છે :- **'તે જરૂર જન જાણજો, સર્વે થયા છે સ્વધામ...'**

જેના ધામમાં જવા માટે આપણે રાત્રિ-દિવસ પુરુષાર્થ કરીએ છીએ, ઈન્દ્રિયો, અંતઃકરણ સાથે સંઘર્ષ કરીએ છીએ, નજર સામે દેખાતાં જગતના સુખોનો ત્યાગ કરીએ છીએ, આ વિષમ કળિકાળમાં પંચવર્તમાન પાળીએ છીએ ત્યારે શ્રીજીમહારાજ કહે છે કે, અમારા પદસ્પર્શથી પવિત્ર ધામ જેવી ભૂમિમાં કોઈ અજાણે પણ દેહનો ત્યાગ કરે તો તેના ભાગ્યના દરવાજા ઉઘડી જાય. યોગીઓને દુર્લભ ગતિ પણ તેને સુલભ થઈ જાય.

ભગવાન શ્રીહરિ કોઈક ભક્તજનને ઘેર પધાર્યા, એક રાત કે એક દિવસ જ ત્યાં રહ્યા હોય, છતાં પણ એ ભૂમિ **અક્ષરધામ તુલ્ય** સુખકારી છે. આ સુખ આવી દિવ્ય દૃષ્ટિ થાય ત્યારે જ પ્રાપ્ત થાય છે. આપણે આ અંકના માધ્યમથી **તીર્થધામ મેઘપુર**ના સંદર્ભે વાંચી રહ્યા છીએ ત્યારે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીના વચન પ્રમાણે મેઘપુર ગામ કેટલું મહાન દિવ્ય ધામ કહેવાય ? ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પાંચસો પરમહંસો અને હજારો હરિભક્તો સાથે અનેકવાર પધારીને દિવ્ય લીલાઓ કરી છે.

વળી, પ.પૂ ધ.ધુ. અંચંર્યપ્રવર શ્રી વિહંરીલંલજી મહંરંજશ્રી કહે છે :- **'પ્રભુપદ રજ હોય જેહ ઠામે, અજ ભવ આદિ તહાં સ્વશીશ નામે; પુનિત કરણ તીર્થ ત્યાં ગણાય, બહુ મહિમા મુખથી કહ્યો ન જાય.'** (શ્રીહરિલીલામૃત : ૧/૬)

પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્પર્શથી, પદરજના અભિષેકથી તીર્થ સ્વરૂપ બનેલી જે કોઈપણ ધરાના ભાગ્યની તો વાત શું કરવી ? પ્રભુચરણની રજ જે સ્થાનમાં પડેલી હોય તે સ્થાનમાં સૃષ્ટિકર્તા સ્વયં બ્રહ્માજી અને સંહારકર્તા મહાદેવ શિવજી પણ તે પવિત્ર ભૂમિમાં આવી મહિમાપૂર્વક **વંદન** કરી તે પૃથ્વીની ચરણરજ પોતાના મસ્તક ઉપર ચડાવી પોતાનું **પરમ સૌભાગ્ય** સમજે છે.

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ નારાયણની ચરણરજનો મહિમા વર્ણવતા **'પુરુષોત્તમ પ્રકાશ'**માં લખે છે :-

**'ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિચરણે અંકિત રે;**
**ધન્ય ધન્ય એ શેરી બજાર રે, જીયાં હરિ ફર્યા બહુવાર રે.**
**ધન્ય ઘર ઓસરી આંગણાં રે, જીયાં પગલાં થયાં પ્રભુતણાં રે;**
**એહ આદિ બીજાં બહુ સ્થાન રે, જિયાં જમ્યા રમ્યા ભગવાન રે.**
**જુવે સર્વ સ્થળ એ સંભારી રે, એક એકથી કલ્યાણકારી રે;**
**એહ ભૂમિકાનાં મોટાં ભાગ્ય રે, નથી જાણજો એ કહ્યા લાગ્ય રે.**
**ફળી ચોક વળી શું વખાણું રે, શ્વેત વૈકુંઠ સમ સહુ જાણું રે;**
**ચરણરજે ભર્યાં ભરપૂર રે, સ્પરશે રજ કરે દુઃખ દૂર રે.**
**તિયાં પાપી તજે કોઈ પ્રાણ રે, તે પણ પામે પદ નિર્વાણ રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૬ તથા ૨૯)

જે જે સ્થાનોમાં પ્રગટ પ્રભુએ વિચરણ કર્યું, પધરામણીઓ કરી તે તે શહેર-ગામ-ઘર-ધર્મશાળા-ફૂલવાડી-બગીચા-નદી-તળાવો અને સ્થાવર-જંગમ સમસ્ત મહાપ્રસાદીરૂપ પવિત્ર બની ગયાં. જ્યાં જ્યાં પ્રગટ પરમેશ્વર એવા ભગવાન શ્રીહરિના પદારવિંદ પડ્યાં એ ઓરડા, ઓસરી, ફળી, વાડી, ખેતર અને ચોક વગેરે **અક્ષરધામ સમાન** બની ગયાં ! જ્યાં પ્રગટ પરમાત્મા પોતે રમ્યા-જમ્યા અને હર્યા-ફર્યા એ સર્વે ભૂમિ **વંદન કરવા યોગ્ય** બની ગઈ. તે પવિત્ર પૃથ્વીની રજને સ્પર્શતા તન ને મન બંને પાવન થઈ જાય છે. પ્રસાદીની ધરતીમાં કોઈ પાપી મૃત્યુ પામે તો પણ તેની સદ્‌ગતિ થાય છે !


આવા જ મહિમાયુક્ત સોરઠ ભૂમિમાં અવતારોનાં, મહાપુરુષોનાં અનેક **પવિત્ર સ્થાનો** પ્રાચીન કાળથી જ છે. વિશ્વનું સર્વપ્રથમ જ્યોતિર્લિંગ - સોમનાથ મહાદેવ, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીનું દેહોત્સર્ગ સ્થળ - પ્રભાસપાટણ, શ્રી વામન ભગવાનની વિચરણભૂમિ-વંથલી એ આદિક **સોરઠ ભૂમિ** છે. ગિરનારની આસપાસ સંતો-ભક્તો, ઋષિઓ, સિદ્ધોના આશ્રમો, પવિત્ર તીર્થો, દેવમંદિરો આવેલા છે. એ બધા સુખ અને શાંતિપ્રદ સ્થાનોથી સોરઠભૂમિનો મહિમા અપરંપાર છે. આ ભૂમિમાં અનેક સંતો-ભક્તો, સિદ્ધો, યોગીઓ થયા છે કે જેની **યશોગાથા** આજે પણ સમાજમાં ગવાય છે. ઉદ્ધવ સંપ્રદાયના આદ્યસ્થાપક ઉદ્ધવાવતાર સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી પોતાની જન્મભૂમિ અયોધ્યાથી નીકળીને તીર્થયાત્રા કરતા કરતા સોરઠભૂમિમાં પધાર્યા હતા. તેઓને સોરઠભૂમિ જેવો પ્રદેશ, સરળ સ્વભાવનો દૈવી મુમુક્ષુ સમાજ જ્યાં અધિક પ્રમાણમાં રહેતો હોય તેવો બીજે ક્યાંય જોવા ન મળ્યો હતો. તેથી જ અહીં શ્રી રામાનંદ સ્વામીએ અનેક શિષ્યો, આશ્રમો વગેરે કરી મુમુક્ષુજનોને કલ્યાણના માર્ગ તરફ વાળ્યા હતા. તેમજ જનસમાજના કલ્યાણ માટે અનેક જગ્યાએ **સદાવ્રતો** ચાલુ કર્યા હતા. જેમાંનું એક આ **મેઘપુર** ગામમાં પણ સદાવ્રત ખોલ્યું હતું. જેની **નોંધ** લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

**'એમ સદાવ્રત બાંધ્યા બહુ રે, તેહ ગામ તણાં નામ કહું રે;**
**લોજ માંગરોળ અગત્રાઈ રે, સદાવ્રત માણાવદ્ર માંઈ રે.**
**મેઘપુર ધોરાજી સાંકળી રે, અન્ન આપે ભાડેરમાં વળી રે;**
**જાંમવાળી ને નવેનગરે રે બ્રાહ્મણ ભેખ ત્યાં ભોજન કરે રે.'**

આમ, સોરઠ પ્રદેશના લોજ, માંગરોળ, અગત્રાઈ, માણાવદર, મેઘપુર, ધોરાજી, સાંકળી, ભાડેર, ફરેણી, જેતપુર અને સરધાર વગેરે અનેક ગામોમાં સદાવ્રતો ખોલ્યા હતા.

સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીએ સંપ્રદાયના શ્રીગણેશ સોરઠમાંથી જ કર્યા, તો એમના અનુગામી ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ સદાચાર, ભક્તિ અને ચમત્કારપૂર્ણ ધર્મપ્રચારના શુભ કાર્યની શરૂઆત સોરઠમાંથી જ કરી છે. ભગવાન શ્રીહરિએ છપૈયામાં અવતાર ધારણ કરી ૧૧ વર્ષની નાની ઉંમરે ઘરનો ત્યાગ કરી તપઃપૂર્ણ ભારત ભરમાં **વનવિચરણ** કર્યું. આમ સતત સાત વર્ષ સુધી તીર્થયાત્રામાં વિચરણ કર્યું. તે દરમ્યાન ઘણા સિદ્ધો, તપસ્વીઓ, મોટા મોટા રાજાઓ વગેરેનો પ્રસંગ થયો. છતાં તેમાં ક્યાંય ન રોકાતા સોરઠની પવિત્ર ભૂમિ ઉપર લોજ ગામે સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીના શિષ્યોને સાધુગુણસંપન્ન, સરળ સ્વભાવ યુક્ત જોતાંની સાથે ત્યાં યાત્રાની **પૂર્ણાહુતિ** કરી. લોજમાં રહી સર્વકારણના કારણ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠ

અનુસંધાન પેજ - ૩૨ પર...



# શ્રીજીપ્રસાદીભૂત મેઘપુરમાં પ્રાસાદિક સ્થાનો

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે મનુષ્ય તન ધારણ કરીને ભરતખંડને અતિશય પાવન કર્યો છે. અનેક સ્થળોએ વિચરણ કરીને તે તે સ્થળોને તીર્થધામરૂપ બનાવ્યા છે.

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'પુરુષોત્તમ પ્રકાશ'**માં પ્રત્યક્ષ પરમાત્માના સંબંધથી થયેલ પાવનકારી ભૂમિનો મહિમા વર્ણવતાં વધુ એક પંક્તિ લખે છે :-

**'ભાગ્ય મોટાં એ ભૂમિનાં, જીયાં હર્યા ફર્યા હરિ આપ;**
**પાવન થઈ એ પૃથવી, હરિચરણને પ્રતાપ.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૯/૪)

જ્યાં જ્યાં શ્રીજીમહંરંજે વિચરણ કર્યું છે તે ભૂમિનં મોટં ભંગ્ય છે. અન તે ધરતી **ંપ્વંન્કંરી તીર્થરૂંં** બંની ગંઈ છે. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી જાણવા છતાં પુનરુક્તિ કરે છે. કાવ્યની દૃષ્ટિએ એક જ વાતને બીજીવાર કહેવી તે દોષ ગણાય છે. છતાં પણ સ્વામી આપણામાં રહેલા માયિકભાવરૂપ દોષને ટાળવા પોતાની કાવ્યપંક્તિમાં પુનરુક્તિદોષને સ્વીકારીને પણ એ જ દિવ્યભાવને પુનઃ વર્ણવતાં કહે છે :-

**'જન ભવનમાં જ્યાં જ્યાં ગયા રે, તિયાં દિનરજની જે રહ્યા રે;**
**એહ ભૂમિકાનાં ભાગ્ય ભારી રે, થઈ ધામરૂપ સુખકારી રે.**
**સર્વ ધામનાં ધામ એ થિયાં રે, રહ્યા સંત સહિત અમે જિયાં રે;**
**બીજાં તીર્થ ધામ બહુ કા'વે રે, પણ અમે રહ્યા તે તુલ્ય નાવે રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪)

જે સ્થળો સાથે શ્રીજીમહારાજનો પ્રત્યક્ષ સંબંધ હોય તે સ્થળનું કદાચ કલમ વડે વર્ણન કરી શકાય અને તે સ્થળ સાથે સંકળાયેલ દિવ્ય લીલાચરિત્રો સંભારી શકાય, પરંતુ તે તીર્થસ્થાનોનો મહિમા તો હંમેશાં અવર્ણનીય જ રહે છે. આવું જ એક અનેરું તીર્થસ્થાન સોરઠભૂમિના પીપલાણા પાસે આવેલું **મેઘપુર** ગામ છે. જ્યાં ભગવાન શ્રીહરિ તથા સંતો-ભક્તોના ચરણોથી અંકિત થયેલી પ્રાસાદિક ભૂમિ અને સ્થાનો આજે પણ **મોજુદ** છે. આપણે મેઘપુર તીર્થધામમાં જઈએ ત્યારે તે સ્થળો પોકારી પોકારી શ્રીજીમહારાજનો જયનાદ સંભળાવતા હોય તેવું લાગે છે. કારણ કે પરમાત્માના સંપર્કમાં આવતા તે સઘળાં સ્થાનો એવી ધન્યતા પામેલ છે કે તેવી ધન્યતા પ્રાપ્ત કરવા આ પામર જીવાત્મા સમર્થ નથી. તો આવો... આપણે આ 'ચિંતન' અંકના માધ્યમથી મેઘપુરમાં હાલમાં મોજુદ, શ્રીજીમહારાજના દિવ્ય લીલાચરિત્રોથી સભર **પ્રાસાદિક સ્થાનો**નું મહિમા સહિત ઈતિહાસની સાથે **દર્શન** કરીએ...

## પ.ભ. શ્રી નારાયણ સોનીનું પ્રાસાદિક ઘર (નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર)



પરમ ભક્તરાજ નારાયણભાઈ સોનીના પ્રાસાદિક આ ઘરના સ્થાને **હરિમંદિર** બનેલું હતું. (આજે એ હરિમંદિરના સ્થાને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના અથાગ પરિશ્રમ અને સાથ-સહકારથી ભવ્ય **નૂતન હરિમંદિર** તૈયાર થયેલ છે.) આ સ્થાને ભગવાન શ્રીહરિએ જન્માષ્ટમી ઉત્સવ ઉજવ્યો હતો અને ઘણીવખત રાત્રિનિવાસ પણ કર્યો હતો. અહીં એક પીપળાનું ઝાડ ત્યાં હતું. ત્યાં હિંડોળો બાંધીને ભક્તજનો શ્રીજીમહારાજને ઝુલાવતા હતા. હાલ તે સ્થળે છત્રી કરવામાં આવી છે. અને એ પીપળાના ઝાડનું લાકડું દર્શનાર્થે મંદિરમાં પધરાવવામાં આવ્યું છું.



## સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી દીક્ષાસ્થાન
# સ્મૃતિ છત્રી

હાલ આ સ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આવેલું છે. જે સ્થાને ભગવાન શ્રીહરિએ સદ્‌ગુરુ શ્રી **નિત્યાનંદ સ્વામી**ને **દીક્ષા** આપી હતી તે સ્થાને **સ્મૃતિ છત્રી** બનાવવામાં આવી છે.

➠ એકવખત શ્રીજીમહારાજ **મેઘપુર** પધાર્યા. અહીં નારાયણ સોનીના ઘેર ઊતર્યા. ઘરના ફળીમાં પીપળો છે. તેની નીચે નારાયણ સોનીએ ઢોલિયો ઢાળી દીધો અને ભગવાન શ્રીહરિ તે ઉપર બિરાજમાન થયા. આજુબાજુ સંતો-હરિભક્તોની સભા થઈ. મહાપ્રભુ શ્રીહરિના સ્વરૂપમાં જેવો ચમત્કાર હતો તેવો તેઓની વાતોમાં પણ હતો. તેઓના શબ્દની ચોટ જેમને લાગતી તેમના હૈયામાંથી સંસારની વાસના લુપ્ત થઈ જતી. અહીં પણ ભગવાન શ્રીહરિએ મનુષ્યદેહની દુર્લભતા અને ભગવાન ભજી મોક્ષ પામવા માટે જ મનુષ્ય જન્મનો હેતુ છે તે ઉપર ઘણી વાતો કરી છે.

આ સભામાં **દિનમણિ શર્મા** બેઠા હતા મધ્ય પ્રદેશના દંતિયા ગામના નિવાસી દિનમણિ શર્માને શ્રીજીમહારાજના પ્રથમ દર્શન ઊંઝામાં થયા હતા ત્યારે શ્રીજીમહારાજની દંતપંક્તિ જોઈને તેમણે **નિર્ણય** કરી લીધો હતો કે, સંસારમાં હવે રહેવું નથી અને આ ભગવાન શ્રીહરિ સાથે ત્યાગી થઈને રહેવું. દુર્લભમાં દુર્લભ આ જે પ્રાપ્તિ થઈ છે તે સિદ્ધ કરી લેવી.

મહાપ્રભુ શ્રીહરિની વાતો સાંભળી તેમણે સંકલ્પ કરી લીધો કે હવે દીક્ષા લેવા માટે ક્ષણનો પણ વિલંબ કરવો નથી. તેથી તેઓ તરત જ ઊભા થયા અને શ્રીજીમહારાજને પ્રણામ કરી પાસે ઊભા રહ્યા. થોડીવારે ભગવાન શ્રીહરિએ તેમના સામું જોયું એટલે તરત જ દિનમણિ શર્માએ કહ્યું : ''હે પ્રભુ ! મને ભાગવતી દીક્ષા આપો.''

ભગવાન શ્રીહરિએ તેમની સામું જોયું. તેમના મુખ પર તાલાવેલીના ભાવો હતા. છતાં શ્રીજીમહારાજે તેમને પૂછ્યું : ''તમારે પાછું ઘેર જવું નથી ?''

દિનમણિ શર્માએ કહ્યું : ''આપની વાતોથી, આપના દર્શનથી ઘર તો અંતરમાંથી બળી ગયું છે. હવે તેને સજીવન કરવું નથી.''

આ સાંભળી ભગવાન શ્રીહરિએ તરત જ તેમને કહ્યું : ''સારું. તમને દીક્ષા આપીશું.''

પછી દિનમણિ શર્માને મહાપ્રભુ શ્રીહરિએ ભાગવતી દીક્ષા આપી અને **'નિત્યાનંદ સ્વામી'** નામાભિધાન કર્યું. તે વખતે સભાને સંબોધતા ભગવાન શ્રીહરિએ કહ્યું : ''આ નિત્યાનંદ મુનિ તો આપણા આ ઉદ્ધવ સંપ્રદાયમાં વિદ્વત્તામાં અજોડ પુરુષ છે. શાસ્ત્રાર્થમાં સર્વ પ્રતિવાદીઓનો પરાજય કરી તેઓ સંપ્રદાયનો દિગ્વિજય કરશે.''

પછી નારાયણ સોનીએ બ્રાહ્મણો પાસે રસોઈ કરાવી તે તૈયાર થઈ ત્યારે શ્રીજીમહારાજને જમવા બોલાવ્યા. મહાપ્રભુ શ્રીહરિ સ્નાન કરીને પીતાંબર પહેરીને બાજોઠ ઉપર જમવા બેઠા. પછી જમતા જાય ને પાણી પીતા જાય ને પેટ ઉપર હાથ ફેરવતા જાય. પછી ચળુ કરીને જળપાન કર્યું. ને થાળની પ્રસાદી નિત્યાનંદ સ્વામીને આપી. પછી સાધુઓની પંક્તિ કરીને શ્રીજીમહારાજે પોતે પીરસીને સારી પેઠે સંતોને જમાડ્યા.

## લાડકીબાઈનું પ્રાસાદિક ઘર




જેમનો ઉલ્લેખ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૫માં વચનામૃતમાં કર્યો છે એવા મેઘપુરના અમરસિંહ ભાટના પુત્રી લાડકીબાઈના આ **પ્રાસાદિક ઘર** આજે મોજુદ છે. આ ઘેરે ભગવાન શ્રીહરિ અનેકવાર પધારીને થાળ જમ્યા હતા. એક મુસ્લિમ ફકીરને પોતાનો નિશ્ચય કરાવવા આ જ ઘેરે ભગવાન શ્રીહરિએ લાડકીબાઈના ભાઈ કરશનજી પાસે કુરાનના કલમો બોલાવ્યા હતા. ➠ એકસમયે શ્રીજીમહારાજ મેઘપુર પધાર્યા ને લાડકીબાઈને ઘેર ઉતારો કર્યો. લાડકીબાઈએ ઢોલિયો ઢાળીને તે ઉપર ગાદલું પાથરીને તે ઉપર ઓછાડ ઓઢાડ્યો. પછી તે ઉપર ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા અને થાળ કરીને મહારાજને જમાડ્યા.



## પ્રસાદીનું આંબલીનું વૃક્ષ તથા ગંગાજળિયો કૂવો

મેઘપુર ગામની દક્ષિણે ખેતરમાં આ પ્રાસાદિક **આંબલીનું વૃક્ષ** આવેલું છે. ભગવાન શ્રીહરિ આ આંબલી નીચે પથ્થર ઉપર બિરાજમાન થઈને સંતો-હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપતા હતા. આ પ્રસાદીનો પથ્થર હાલ મંદિરમાં દર્શનાર્થે રાખવામાં આવ્યો છે. આ આંબલીની બાજુમાં જ **ગંગાજળિયો કૂવો** છે; તેમાં ભગવાન શ્રીહરિ અને સંતોએ અનેકવાર સ્નાન કર્યું છે.

## પ્રાસાદિક વાવ



એકવાર શ્રીજીમહારાજ **માંગરોળ** પધાર્યા હતા. દરેક વખતે ભગવાન શ્રીહરિ સ્નાન કરવા જતા ત્યારે સંતો-હરિભક્તોને સાથે લઈને જતા હતા અને સૌ સાથે જળક્રીડા કરતા હતા, પરંતુ આ વખતે મહાપ્રભુને એક અલૌકિક લીલા કરવાની ઈચ્છા થઈ. તેથી કોઈને કહ્યા વિના એકલા જ વાવમાં સ્નાન કરવા પધાર્યા. ભગવાન શ્રીહરિ વાવને વિશેષ તીર્થત્વ આપવા માટે એકલા જ સ્નાન વાવને કાંઠે બેસીને કરવા લાગ્યા. તે વખતે ત્યાં વાવની બાજુમાં એક આલચી ઘાંચી ઊભો હતો. તે બોલ્યો : ''મહાપુરુષ ! વાવને કાંઠે બેસીને સ્નાન કરો છો તે શું તમોને તરતા નથી આવડતું ?''

ત્યારે અનંત મુમુક્ષુઓને અને બુભુક્ષુઓને પણ સંસાર સાગરથી તારનાર પૂર્ણ પુરુષોત્તમ નારાયણ કહેવા લાગ્યા : ''ના,

અમને તરતા નથી આવડતું.'' ત્યારે આલચી ઘાંચી બોલ્યો : ''તમારે આ વાવમાં ડૂબકી લગાવવી હોય તો મારે ખંભે બેસી જાવ, હું તમોને ડૂબકી ખવડાવી ને પછી નવડાવું.''

આલચી ઘાંચીના ભાગ્યનો ઉદય થયો, પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ તેના ખભા પર બેસી ગયા ! પછી ઘાંચીએ ડૂબકી લગાવી. થોડીવાર પાણીમાં રહીને પછી બહાર નીકળ્યા ત્યાં તો માંગરોળને બદલે **મેઘપુર** હતું !! ભગવાન શ્રીહરિની ઈચ્છાથી મેઘપુરની **વાવ**માં નીકળ્યા !

સર્વાંતર્યામી મહાપ્રભુ શ્રીહરિ બધું જ જાણવા છતાં કહેવા લાગ્યા : ''અરે ! આપણે ક્યાંથી ક્યાં આવી ગયા ? તું મને ક્યાં લઈ આવ્યો ? આ તો કોઈ બીજું ગામ છે.'' આલચી ઘાંચીએ જોયું ત્યાં તો મેઘપુર હતું. આવો ચમત્કાર જોઈ તેના મનમાં થયું : ''અરે ! આ તો ભૂત-પ્રેત લાગે છે. એ વિના આવું બને નહિ.'' મનોમન આવું મનાઈ જવાથી તે ધ્રૂજવા લાગ્યો અને ડરવા લાગ્યો. ત્યારે દયાળુ શ્રીહરિ બોલ્યા : ''ગભરાઈશ નહિ, તું ફરીને ડૂબકી માર, એટલે હતા ત્યાંને ત્યાં જ નીકળીશું.''

આલચી ઘાંચીએ ચમત્કાર જોયો હતો, તેથી ભગવાન શ્રીહરિના વચનમાં વિશ્વાસ આવ્યો એટલે ફરીને ખંભે બેસાડીને મેઘપુરની વાવમાં ડૂબકી મારી. ફરીને માંગરોળની વાવમાં નીકળ્યા..!!

ભગવાન શ્રીહરિનો આવો ઐશ્વર્ય-પ્રતાપ જોઈને તેઓને દિવ્ય પુરુષ જાણી નમસ્કાર કરી તે સ્વરૂપનું ચિંતન કરતો કરતો ઘેર ગયો. આ રીતે આ વાવમાં પ્રતાપ દેખાડ્યો હતો તેથી આ વાવ મહાપ્રસાદીની છે. હાલ આ વાવને



## પ.ભ. મૂળજી લોહાણા સ્મૃતિ છત્રી

ભગવાન શ્રીહરિના પરમ એકાંતિક ભક્તરાજ **મૂળજી લોહાણા** દ્વેષી બાવાની સાથેની ધમાલમાં ઘાયલ થઈને ધામમાં સિધાવ્યા હતા તે **સ્મૃતિ સ્થાન** મેઘપુર ગામમાં પ્રવેશ કરતા જ જમણી બાજુએ આવેલું છે.

➠ એકવખત શ્રીજીમહારાજ કાઠીસ્વારો તથા પાર્ષદો સહિત પીપલાણા પધારી નરસિંહ મહેતાના દીકરા કલ્યાણજીના ઘેર ઉતર્યા હતા. ત્યાં કલ્યાણજીના ઘરનાએ થાળ કર્યો તે ભગવાન શ્રીહરિ જમ્યાં અને કાઠી તથા પાર્ષદોને પણ જમાડ્યાં. પછી બે દિવસ રોકાઈને ચાલવાની તૈયારી કરી તે સમે સૂર્ય ઊગ્યાનો વખત હતો. તે વખતે શ્રીજીમહારાજે મૂળજી પાળાને કહ્યું : ''તું આજ હથિયાર ધારણ કરીશમાં. કારણ કે આજ સૂર્ય ઊગ્યો છે તે લોહીનો ભરેલો દેખાય છે. માટે તારે માથે વિઘ્ન છે.'' ત્યારે મૂળજીએ બધા હથિયાર છોડી નાંખ્યા, પરંતુ એક તલવાર પાસે રાખી હતી.

પછી શ્રીજીમહારાજે કહ્યું : ''આજ આપણે ભાડેર જાવું છે, માટે સહુ ચાલવા માંડો.'' ત્યારે મૂળજી આગળ ચાલ્યો ને મેઘપુર આવી ચોરા પાસે ઊભો રહ્યો. તે સમયે બાવાએ ભગવાન શ્રીહરિની નિંદા કરવા માંડી. ત્યારે મૂળજીએ કહ્યું : ''તું બોલમાં.'' તો પણ તે બાવો બોલતો બંધ ન થયો. ત્યારે મૂળજીને રીસ ચડી, તેથી તલવાર ખેંચીને બાવાના કાંડા ઉપર મારીને ભાગ્યો તે અરધો ગાઉ ગયો ત્યાં વાંસેથી બે બાવા અને ભાટ દોડ્યો. તેણે છેટેથી હાકલ મારીને કહ્યું : ''તું ભાગ્યમાં અમે તને મારશું નહિ ને જો તું ત્યાંથી ચાલ્ય તો તને તારા સ્વામિનારાયણના સમ છે.'' તે સાંભળી મૂળજી ઊભો રહ્યો અને સહુ ભેળા થયા ત્યારે ભાટે કહ્યું : ''તું પાછો વળ.'' પછી સર્વે પાછા આવવા ચાલ્યા તે ગામ ઢુંકડા આવ્યા ત્યારે વાંસેથી બાવે મૂળજીને બરછી મારી તેથી 'સ્વામિનારાયણ' કહીને તે હેઠો પડી ગયો ને આંખમાં જીવ રાખી રહ્યો તે વખતે પીપલાણાથી મહારાજ આવ્યા. ત્યારે ગામના ભાટ તથા બાવા ભેગા થઈને મહારાજને કહેવા લાગ્યા જે, ''તમારા પાળા મૂળજીએ અમારા માણસને તલવાર મારી. તેથી અરધો હાથ કપાઈ ગયો છે.'' ત્યારે મહારાજે કહ્યું : ''અમે તે પાળાને સવારમાં કહ્યું હતું જે તું હથિયાર રાખીશમાં, તોપણ અમારા વચન ન માન્યા પણ તમે અમારું રાખોને ફરિયાદ કરશો નહિ ને પાટા પીંડીનું જે ખર્ચ થાશે તે અમે દેશું.'' આમ જ્યાં ભગવાન શ્રીહરિ વાત કરે છે ત્યાં મહારાજ પાસે કોઈ હરિભક્તે આવીને કહ્યું : ''હે મહારાજ ! તમે શું વષ્ટિ કરો છો ? મૂળજીને તો બરછી મારીને મારી નાખ્યો છે.'' ત્યારે મહારાજ કહે : ''આ ગામમાં અમે છ મહિના બ્રાહ્મણોને



જમાડ્યા ને ગામને પણ ઘણીવાર જમાડ્યું તોપણ મૂળજીને મારી નાખ્યો ?'' એમ કહી સર્વે હરિભક્તોને કહ્યું : ''તમે સર્વે આજની રાત્રિ રહીને કાલથી મેઘપુરનો ત્યાગ કરજો ને અમારે આજથી આ ગામનું પાણી હરામ છે.'' એમ કહીને ચાલી નીકળ્યા. ત્યારે ગામના હરિભક્તો શ્રીજીમહારાજ સાથે ગામ બહાર આવ્યા. ત્યાં મૂળજી આંખમાં જીવ રાખીને રહ્યો હતો તેને મહારાજે કહ્યું : ''કેમ હવે તારે જીવવું છે ?'' ત્યારે તે કહે ''ના, મહારાજ !'' પછી ભગવાન શ્રીહરિએ તેને તુરંત ધામમાં મોકલી દીધો ને હરિભક્તોને કહ્યું : ''આ મૂળજીના દેહને અગ્નિસંસ્કાર કરજો.'' એમ કહીને ચાલ્યા ત્યારે ભેગા કાઠીઓ હતા તે બોલ્યા જે, ''હે મહારાજ ! અમારી લાજ જાય છે, માટે તમે આજ્ઞા કરો તો કાંઈક કરીએ.'' ત્યારે મહારાજે ના પાડીને ચાલ્યા તે ગામ ભાડેર પધાર્યા ને ત્યાંથી ફરતાં ફરતાં ગઢપુર આવ્યા.

તે વર્ષમાં મેઘપુરમાં કાંઈપણ અનાજ પાક્યું નહિ. ખેતરમાં બાજરાના છોડ હાથ હાથના થયાને નાની ડૂંડીઓ થઈ એમ બે-ચાર વર્ષ ગયા. પછી બે ભાટ ગઢડે આવ્યા ને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની તથા નિત્યાનંદ સ્વામીની બહુ પ્રાર્થના કરી ત્યારે તેઓએ ભલે આવીએ એમ કહીને પોત પોતાના મંડળના સાધુઓને લઈને **મેઘપુર** પધાર્યા. ગામના સર્વ ભાટ મળીને બેય સદ્‌ગુરુ સંતોને પગે લાગ્યા ને એક મોટા ઓરડામાં ઉતારો કરાવ્યો. પછી ઓસરીમાં સભા કરીને બેઠા. તે વખતે **નિત્યાનંદ સ્વામી** ગોપાળાનંદ સ્વામીને કહે : ''આ ગામમાં મને મહારાજે **દીક્ષા** આપી સાધુ કર્યો છે. માટે આ ગામ તો મારી **જન્મભૂમિ** કહેવાય. તમે ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરો જેથી આ ગામમાં સારું નીપજે.'' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ભાટને કહ્યું : ''તમો શ્રી રાધારમણ દેવના થાળ અને મંદિર કરવા માટે જગ્યા આપો અને એક ખેડૂતને રહેવા માટે ઘર આપો.'' એ પ્રમાણે સ્વામીના વચન સાંભળીને જે ભાટ બેઠા હતા તે બોલ્યા : ''ભલે સ્વામી ! તમને કેટલી જગ્યા આપીએ ?'' ત્યારે સ્વામી કહે : ''તમારી શ્રદ્ધા પ્રમાણે આપો.'' પછી સાંઠ વીઘા જમીન તથા ખેડુને રહેવા માટે ઓરડા તથા મંદિર કરવા માટે નારાયણ સોનીવાળા ઘર આપ્યા અને બધાંનો લેખ કરીને નિત્યાનંદ સ્વામીના હાથમાં આપ્યો. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે : ''હવે આ સાલથી તમારા ખેતર તથા વાડી વગેરેમાં અનાજ બધું સારી રીતે નીપજશે અને તમને કોઈ પ્રકારનું દુઃખ નહીં રહે.'' (શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૧, વાત ૧૬૮ના આધારે...)

આ પ્રમાણે શ્રીહરિ ચરિત્ર ચિંતામણિમાં ઉપરોક્ત **પ્રસંગનું નિરૂપણ** કર્યું છે. જ્યારે તેથી પૂર્વે લખાયેલ સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો (નં.૪૮૯)માં તો એમ પણ કહ્યું છે કે, 'મહારાજે અમુક ભક્તોને આખા-પીપલાણા તેમજ પંચાળા રહેવાની આજ્ઞા કરીને મહારાજ ચાલ્યા. પછી તે અપરાધે કરીને તે ગામમાં અન્નને ને દાંતને વેર થઈ ગયું. તે ઘણાક કાળ રહ્યું. પછી તે ગામના ભાટે મયારામ ભટ્ટને પોતાનું પૂર્વાપરનું વૃત્તાંત કહ્યું.

પછી મયારામ ભટ્ટ બોલ્યા જે, ''જેનો તમે અપરાધ કર્યો છે, તે

તો સ્વધામ પધાર્યા, પણ તેમના પુત્ર **રઘુવીરજી મહારાજ** અને **ગોપાળાનંદ સ્વામી** ને **નિત્યાનંદ સ્વામી**, તે સર્વે રાજી થાય તો તમારો દિવસ વળે.'' પછી તેમણે ગઢડે જઈને બહુ **પ્રાર્થના** કરી. ત્યાંથી પોતાને ગામ લઈ ગયા, ને ત્યાં પધરામણી કરીને રાજી કર્યા અને તેમની કૃપાદૃષ્ટિથી વળતો દિવસ થયો.'

આ પ્રમાણે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના જ શિષ્ય **નિર્ગુણદાસજી સ્વામી**એ તેમની **વાતો**માં લખ્યું છે. અને આજે પણ મેઘપુરના લાડકીબાઈના સગાભાઈ (જેમને મુખે શ્રીજીમહારાજે કુરાન બોલાવ્યું હતું) તેમના જ આઠમા વંશજ અશોકભાઈ વગેરે ભક્તો દ્વારા પોતાના વડીલો પાસેથી કર્ણોપકર્ણ સાંભળેલી વાતો મુજબ જાણવા મળે છે કે, ''પ.પૂ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ જ્યારે જૂનાગઢ થઈને માણાવદરમાં મંદિરનું ખાતમુહૂર્ત કરવા પધારતા હતા ત્યારે તેઓ રસ્તામાં મેઘપુરની પાસે પહોંચ્યા ત્યારે સામે જઈને તેમના રથની આગળ આડાં સૂઈ જઈને પણ ખૂબજ વિનંતિપૂર્વક ગામમાં પધારવાનો આગ્રહ કરીને સંતો સહિત શ્રી રઘુવીરજી મહારાજની **પધરામણી** કરાવી ત્યારપછી કાંઈક વળતો દિવસ થયો અને ખેતરોમાં ધાન્ય પાકવા લાગ્યું. નહિતર તો શ્રીજીમહારાજે ગામનો ત્યાગ કર્યો ત્યારપછીથી સાતેક વર્ષ સુધી ગામમાં વરસાદ વરસે - ખડ ખૂબ થાય પણ ધાન્ય-બાજરો વગેરે કાંઈક જ થતું નહિ. પછી ગોપાળાનંદ સ્વામીના વચનાનુસાર ઉપરોક્ત મુજબ મંદિરની જમીન તથા તેની આજીવિકા માટે ૯૦ વીઘા જમીન વગેરે શ્રી રાધારમણ દેવને અર્પણ કર્યું. તેમજ દર વર્ષે ગ્રામજનો જ આપમેળે એક માટલું ગોળ અને આંબા-ગુંદા પણ તેમની મોસમમાં ફળે ત્યારે તેનું અથાણું કરવા માટે જૂનાગઢ પહોંચાડવા લાગ્યા. આમ કરવાથી ભગવાન શ્રીહરિની પુન: **અમીદૃષ્ટિ** થવાથી ગ્રામજનોને ખેતરોમાંથી ધાન્ય મળતું થયું અને ખાધેપીધે સુખી થયાં.'' આ રીતે ગામનો **ઈતિહાસ** વડીલો પાસેથી જાણવા મળે છે. અને તે ૯૦ વીઘા જમીન પણ રાજાશાહીની સમાપ્તિ બાદ સરકારશ્રીના કાયદા મુજબ જપ્તે ન થઈ જાય તે માટે તે જમીનને જૂનાગઢના તત્કાલીન મહંત સ્વામીના જ કહેવા મુજબ વેચીને તેના હરરાજીના રૂા. ૧૯૦૦ તે સમયે આવ્યા તે રોકડા રૂપિયા શ્રી રાધારમણ દેવના કોઠારે ગ્રામજનોએ જમા કરાવેલ છે.

**★ શ્રીજીમહારાજે ધાડપાડુના સરદાર મૂળજી લોહાણાને પોતાનો આશ્રિત કરી મૂળજી ભક્ત કર્યો તે પ્રસંગને સવિસ્તારથી જોઈએ :**

એકવખત સોરઠની ધરતીને પાવન કરતા વિચરી રહેલા ભગવાન શ્રીહરિ **શેરગઢ** ગામને સીમાડેથી પસાર થયા.

શેરગઢ એટલે શેર જેવા શૂરવીર **મૂળજી લોહાણા**નું ગામ. મૂળજી એટલે જાણીતો ધાડપાડુ લૂંટારો. આજુબાજુના પંથકમાં મૂળજીના નામની હાંક વાગે. નાનપણથી જ નિડર તેજસ્વી, તોફાની અને ખડતલ મૂળજી મોટો થયો. એની કળાને કોઈ ન પહોંચે.

ભગવાને મૂળજીને બુદ્ધિ અને શક્તિના છૂટે હાથે દાન કર્યા પણ કેળવ્યા વિનાના દુર્દાન્ત ઘોડાની પેઠે મૂળજીની શક્તિ અવળે રસ્તે ચડી. તેણે ધાડપાડુનો ધંધો શરૂ કર્યો. પોતાના જેવા જ કેટલાક ક્રૂર લોકોની ટોળી જમાવીને મૂળજી સૌરાષ્ટ્રના ગામડાઓને ધમરોળવા લાગ્યો. જે ગામ ઉપર મૂળજીની ટોળી ત્રાટકે તે ગામને ભાંગીને ભૂકો કરે. લોકોની માલ મિલકત લૂંટી લ્યે. મૂળજી ગામ લૂંટીને ભાગે ત્યારે દોડવામાં એટલો તેજ કે ભલભલા અસ્વારો પણ એને આંબી ન શકે. કોઈ સામો થવા પ્રયાસ કરે તો કાચા ચીભડાની જેમ ચીરી નાખે. ગામો સળગાવવા, જાનો લૂંટવી વગેરે ક્રૂર કાર્યોમાં મૂળજીની ટોળી મશહૂર હતી. રાજ્યના અમલદારો પણ મૂળજીના નામથી થર-થર ધ્રૂજતા હતા.

આ ભયંકર લૂંટારો કોઈક ગામે લૂંટ ચલાવી પાછો વળી રહ્યો છે, સાથીદારો સાથે છે, ત્યાં શેરગઢના સીમાડેથી પસાર થતા ભગવાન શ્રીહરિ સામે મળ્યા.

મૂળજીએ સાથીઓને પૂછ્યું : ''સાથીઓ ! આ કોણ આવે છે ?'' ''સરદાર ! સ્વામિનારાયણ લાગે છે.'' એક સાથીએ જવાબ દીધો. ''કોણ સ્વામિનારાયણ ? જેને લોકો ભગવાન માને છે તે !'' ''હા, સરદાર ! એજ પ્રૌઢ પ્રતાપી પુરુષ સામે આવી રહ્યા હોય તેમ લાગે છે.'' ''તો ચાલો, આપણે એના દર્શન કરીએ.'' મૂળજીએ સાથીઓને ઈશારો કર્યો. કોણ જાણે કેમ આજ એની ચિત્તવૃત્તિ શ્રીજીમહારાજ તરફ તણાવા લાગી. અંતરમાં અગાઉની કોઈ અગમ્ય ઓળખાણ તાજી થતી લાગી.

લૂંટારાઓ ભગવાન શ્રીહરિની સમીપ આવ્યા. હાથ જોડ્યા, દૃષ્ટિ સ્થિર કરી દર્શન કર્યા. અદ્‌ભુત મૂર્તિના દર્શન કરતા અંતરમાં શાંતિ થઈ. મૂળજી ગમે તેમ તોય પૂર્વનો દૈવી જીવ હતો. એ યોગભ્રષ્ટ આત્મા હતો. હીરો તો હતો પણ માથે ધૂળ ચડી ગઈ હતી.

શ્રીજીમહારાજે મૂળજીની સામે કરુણાદૃષ્ટિ કરી, ચાર આંખો ભેગી થઈ. ભલભલાને ડરાવનાર મૂળજીની આંખો ભગવાન શ્રીહરિની તેજસ્વી દૃષ્ટિના પ્રતાપને સહન ન કરી શકી. મૂળજી નીચે જોઈ ગયો.

મેઘ ગંભીર સ્વરે ભગવાન શ્રીહરિએ મૂળજીને સંબોધ્યો : ''મૂળજી ! આવા કાળા કામ ક્યાં સુધી કર્યા કરીશ. પોતાના પાશેર પેટનો ખાડો પૂરવા માટે અનેકના હાંડલાં ફોડી નાખવા તે તને યોગ્ય લાગે છે ? પેટ તો કાગડા-કૂતરાં પણ ભરે છે. મૂળજી ! માનવ દેહ તો ચિંતામણી સમાન છે. એને કાદવમાં ફેંકી દેવાય ગાંડા ! માણસ જેવું કરે છે તેવું ભરે છે. જેવું વાવે તેવું લણે છે. પરમાત્માના ઘેર દેર છે પણ અંધેર નથી. આજે નહિ તો કાલે પાપનું ફળ અવશ્ય ભોગવવું જ પડશે. મૂળજી હજી મોડું નથી થયું. આ પાપના પંથેથી પાછો વળી જા.'' અણઘડ પથ્થરમાંથી વેણને ટકોરે ટકોરે ભવ્ય મૂર્તિ ઘડનાર આ જીવન શિલ્પીને મૂળજી નીરખી રહ્યો. અંતર્યામીના અમૃતવચનોને જાણે મૂળજી પી રહ્યો હતો, અંતરમાં ઉતારવા મથી રહ્યો હતો. ઘોર ઊંઘમાં સૂતેલો એનો આત્મારામ જાગવા માંડ્યો. એનું રોમે રોમ પોકારવા લાગ્યું : ''પાછો વળી જા ! મૂળજી ! પાછો વળી જા ! પાપના પંથેથી પાછો વળી જા !''

ત્યાં વળી તેના અંતરમાં આસુરી સંપત્તિએ બળવો

પોકાર્યો : "નહીં, નહીં ! પાપથી ડરે તો મૂળજી નહીં ! ધતીંગ છે, ઢોંગ છે, પાપ અને યમપુરી આવા સાધુપુરુષોએ જ ઊભી કરેલી છે !"

અંતર્યામીએ એની અંતરની ગતિને માપી લીધી. હીરાને ઓપ દેવા, એના એક-એક પાસાને પૂર્ણરૂપે નીરખવા કરુણાસિંધુએ સંકલ્પ કર્યો. ભગવાન શ્રીહરિએ ચપટી વગાડી. ચપટીને ચટકારે એને સમાધિ થઈ. સમાધિમાં ભયંકર યમદૂતો દેખાણા અને નરકના કુંડોમાં વિવિધ પ્રકારના પાપના ફળોની વેદના ભોગવી રહેલા જીવોને જોયા. યમયાતનાઓ જોતા મૂળજીને ત્રાસ થયો. યમદૂતોએ મૂળજીને મારવા દોટ દીધી. પાપી, તારો પણ આવો જ વારો છે. ભયંકર યમદૂતોથી ઘેરાયેલો મૂળજી 'ત્રાહિમામ્ ત્રાહિમામ્' પોકારી ઊઠ્યો.

શ્રીજીમહારાજે ફરી ચપટી વગાડી. સમાધિનું દૃશ્ય બદલાયું. પ્રકાશના પુંજ દેખાયા. અક્ષરધામને વિષે અનંતમુક્તોથી સેવાયેલા ભગવાન શ્રીહરિના દર્શન થયા. મૂળજીના અંતરમાં આનંદના ઓઘ ઊઠ્યા. મહાપ્રભુ શ્રીહરિના દિવ્ય સુખને એ માણવા લાગ્યો. શ્રીજીમહારાજે ફરી ચપટી વગાડી. મૂળજી સમાધિમાંથી જાગ્યો અને ભગવાન શ્રીહરિના ચરણોમાં શીશ નમાવી દીધું. "બોલ, મૂળજી ! ક્યાં જવું છે ? પહેલા જોયું ત્યાં કે પછી જોયું ત્યાં ?" મહારાજે પ્રશ્ન કર્યો.

મૂળજી હાથ જોડી બોલ્યો : "હે મહારાજ ! મારા ગુન્હા માફ કરો, હું અપરાધી છું. ન કરવાના કામ કર્યા છે. યમયાતનાથી મારો ઉદ્ધાર કરો, આજથી હું આપને શરણે છું."

"તો પ્રતિજ્ઞા કર - આજથી કોઈ દિવસ ચોરી નહીં કરું, લૂંટફાટ નહીં કરું, ગરીબોને પીડા નહીં ઉપજાવું, દારૂમાંસ અને પરસ્ત્રીના સંગનો સર્વથા ત્યાગ કરીશ." મૂળજીએ હાથમાં જળ લઈ સંકલ્પ કર્યો. ખરા હૃદયથી પશ્ચાત્તાપ કર્યો. એના પશ્ચાત્તાપના આંસુડાઓથી એના પાપના થર ધોવાઈ ગયા. એક ભયંકર ડાકુ ભરાડી મટી ભગત બન્યો, એટલું જ નહીં ભગવાન શ્રીહરિએ તેને પોતાના અંગરક્ષક પાર્ષદ તરીકે અંગત સેવામાં રાખ્યો. દુર્દાંત ઘોડાને કુશળ સ્વાર કેળવે, તેમ તેના આત્માને કેળવ્યો. તેની બધી જ કુટેવો મુકાવી.

અદ્‌ભુત ઐશ્વર્ય દર્શનથી મૂળજી ભરાડી મટી ભગત તો બન્યો, પરંતુ એકવખત તેના જૂના સ્વભાવો ફરી જાગૃત થયા.

ભગવાન શ્રીહરિ સોરઠમાં વિચરતા હતા. મૂળજી ભક્ત સાથે હતા. શ્રીજીમહારાજ એક ભક્તના ફળિયામાં સભા ભરીને બેઠા હતા. ભગવાન શ્રીહરિના મુખમાંથી નીકળતા બ્રહ્મરસનું પાન કરી ભક્તો ધન્ય ધન્ય બની રહ્યા હતા.

એ વખતે બાઈઓની સભામાંથી આધેડ ઉંમરની બે-ત્રણ બાઈઓ ઊભી થઈ. દૂરથી મહાપ્રભુ શ્રીહરિને પ્રણામ કર્યા. એક બાઈના હાથમાં તાંબાનો ડાબલો હતો તે નીચે મૂક્યો ને શ્રીજીમહારાજને વિનંતી કરી : "કૃપાનાથ ! અમે બહારગામથી આવીએ છીએ. આ મામૂલી ભેટ આપના ચરણોમાં ધરીએ છીએ. તેને સ્વીકારી અમને કૃતાર્થ કરો." શ્રીજીમહારાજે પાસે બેઠેલા મૂળજી ભક્તને ડાબલો લઈ આવવા સંકેત કર્યો. મૂળજી ભક્ત ઊભા થયા. બાઈઓ પાસે જઈ ડાબલો લીધો. બાઈઓએ કહ્યું : "ભક્તરાજ ! એમાં સોનાના નવા દાગીના છે. તે અમારા વતી મહારાજને પહેરાવો."

"બહુ સારું." કહી મૂળજી ભક્ત મહારાજ પાસે આવ્યા.

ભગવાન શ્રીહરિ સુંદર પાટ ઉપર બિરાજમાન હતા. મૂળજી ભક્તે ડાબલો પાટ ઉપર મૂકીને કહ્યું : "મહારાજ ! આમાં શુદ્ધ સોનાના નવા નકોર દાગીના છે. આ પ્રેમી ભક્તો આપને અર્થે ભેટ લાવેલા છે." એમ કહી મૂળજી ભક્તે ડાબલો ખોલ્યો અને જોયું તો અંદર ચકચકાટ કરતા સુંદર દાગીના દેખાયા.

ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ તે દાગીના હાથમાં લીધા. થોડીવાર ઊંચા નીચા કર્યા, જોયા અને પાછા ડાબલામાં મેલી દીધા. પછી મૂળજી ભક્તને હાથમાં ડાબલો સોંપીને બોલ્યા : "જાઓ, એ બાઈઓને કહો આ દાગીના હમણાં તેમની પાસે જ સાચવી રાખે. અમારે હમણાં જરૂર નથી, જ્યારે જરૂર પડશે ત્યારે મંગાવી લેશું." કહેવાય છે કે સ્ત્રીના સૌંદર્ય ને સોનાના ચળકાટે મોટા મોટા મુનિવરોને મોહ પમાડ્યા છે. સ્વાદિયો માણસ જેમ મન ભાવતા ભોજન ભાળી લલચાઈ જાય તેમ મૂળજી ભક્તની વૃત્તિ સોનાનાં ચટકાળમાં ખેંચાઈ ગઈ. તેનો જુનો સ્વભાવ જાગૃત થયો. હાથમાં સોનાનો ડાબલો આવતા એના અંતરમાં ઉથલ-પાથલ થવા માંડી. એની દબાયેલી આંતરવૃત્તિ અંતર્યામી શ્રીહરિ પારખી ગયા અને મનોમન હસી મહાપ્રભુ મૌન રહ્યા. આ બાજુ મૂળજી ભક્તે બાઈઓને ડાબલો પાછો સોંપી ભગવાન શ્રીહરિનો સંદેશ કહી સંભળાવ્યો અને સાથો સાથ બાઈઓના ગામ તથા નામઠામ પૂછી લીધા. પછી બાઈઓ પણ નમસ્કાર કરી પોતાને ઘેર ગઈ.

તે દિવસે રાત્રે મૂળજીને ઊંઘ ન આવી. સૂવે ત્યાં સામે સોનું દેખાય. એનું મન કોઈ પણ રીતે સોનું ઝડપ કરવા તલપાપડ બન્યું. શ્રીજીમહારાજ પાસે લીધેલી પ્રતિજ્ઞાઓ યાદ આવતા થોડા શાંત બને ત્યાં વળી ચોરીની ઈચ્છા બળવાન બને. આખી રાત અજંપામાં પસાર થઈ. અખંડ વિરોધી વિચારોના દ્વન્દ્વ ચાલ્યા. આખરે આસુરી વૃત્તિઓનો વિજય થયો. કોઈપણ રીતે ડાબલો મેળવવાનું નક્કી કર્યું.

બીજે જ દિવસે શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરી મૂળજી ભક્તે કહ્યું : "મહારાજ ! રજા આપો તો હું મારે ઘેર જઈ આવું. મારું ગામ અહીંથી દૂર નથી."

ભગવાન શ્રીહરિએ મંદ મંદ હસીને હા પાડી. મહાપ્રભુના હાસ્યનો ઊંડો મર્મ એને ક્યાંથી સમજાય ? કારણ કે, આજે એની આંખો ઉપર તો મોહના પડદા પડી ચૂક્યા હતા. શ્રીજીમહારાજની પાસેથી નીકળીને મૂળજી સીધો પેલી બાઈઓને ગામ ગયો.

મહાપ્રભુ શ્રીહરિના હજુરી પાર્ષદને જોઈ તે બાઈઓને અતિ આનંદ થયો. અને હેતથી સ્વાગત કર્યું : "પધારો ભક્તરાજ ! પધારો. આજ આંગણા પાવન થયા." બાઈઓએ પ્રેમથી સારાં ભોજન જમાડ્યાં. મૂળજીએ પણ અંતરના ભાવો કળાવા ન દીધા.

રાત્રે બાર વાગ્યા સુધી શ્રીજીમહારાજના મહિમાની મોટી મોટી વાતો કરી. તે વાત સાંભળીને બાઈઓ, તેના ઘરના માણસો અને ગામના માણસો પણ ખૂબ રાજી થયા. આખરે સૌ સૂઈ ગયા. વાત ડાહ્યા મૂળજીએ ચાલાકીપૂર્વક કહ્યું : "બહેનો ! મહારાજે ખાસ ભલામણ કરી છે, પેલો સોનાનો ડાબલો બરાબર કાળજીથી સાચવજો. જમાનો ખરાબ થતો જાય છે."

ભોળી બહેનોએ મૂળજીને કહ્યું : "ભગત ! મહારાજને કહેજો ચિંતા ન કરે. અમે બરાબર સાચવ્યો છે. ચૂલાની આગમણમાં ઊંડો ખાડો કરીને દાટી દીધો છે. ઘરના કોઈ માણસને પણ તેની ખબર નથી." ભગતને તો એટલું જ જોતું હતું.

વાત વાતમાં મૂળજી મતલબની વાત પામી ગયો. વિશ્વાસુ બહેનોને ક્યાંથી ખબર હોય કે, 'આજે એની સામે ભગત મૂળજી નથી બેઠા પણ પહેલાનો ધાડપાડુ મૂળજી બેઠો છે.' પછી તો બધા જ ઘસઘસાટ સૂઈ ગયા. મૂળજીએ જાણ્યું કે હવે કોઈ જાગતું નથી. એટલે પોતે ખાટલામાંથી ઊભો થયો. ઘરમાં જઈ ચૂલાની આગમણમાંથી દાગીનાનો ડાબલો કાઢી ખડિયામાં મૂક્યો. ખડિયો ખંભે મૂકી ચાલતી પકડી, વહેલું આવે પોતાનું ઘર.

સવાર થયું બાઈઓ જાગ્યા, જુવે તો મૂળજી ન મળે. શૌચવિધિ કરવા ગયા હશે પણ ઘરમાં ગયા ત્યાં ચૂલાની આગમણમાં કોઈએ ખોદેલું ભાળ્યું ! બાઈઓના હૃદયમાં ફાળ પડી. તપાસ કરી તો ડાબલો ન મળે. બંને બાઈ સમજી ગયા કે મૂળજી સિવાય આ કોઈનું કામ નથી. બંને બાઈઓના મનમાં અરેરાટી ઉપડી : 'અરે ! મહારાજ ! આ દાગીના તો થાપણ હતી તેને અમે સાચવી ન શક્યા.' વળી, બંનેએ વિચાર કર્યો કે, આપણે આ વાત કોઈને કરવી નથી. એમ કરવાથી તો મૂળજીની સાથે શ્રીજીમહારાજનું નામ અને સર્વ સત્સંગ પણ વગોવાય. જેવી મહારાજની મરજી એમ માની બંને બહેનોએ મન વાળ્યું પણ અંતર્યામી શ્રીહરિથી આ કેમ સહન થાય ? મૂળજી ભાગ્યો જાય છે, સવાર થવા આવ્યા, બગુબગુ અજવાળાં થઈ રહ્યા છે પણ એટલી વારમાં તો મૂળજી આઠ-દસ ગાઉં દૂર નીકળી ગયો. ત્યાં સામેથી ભગવાન શ્રીહરિને આવતા જોયા. મહારાજને જોઈને એ ગભરાયો. અત્યારે મહારાજની સામે જવામાં સાર નથી એમ માની આછા અંધારામાં રસ્તો ચાતરી ત્રાંસો ચાલ્યો. ત્યાં તો એ બાજુથી પણ મહારાજને આવતા ભાળ્યા. બીજી દિશામાં વળ્યો તો ત્યાં પણ મહારાજને સામે આવતા જોયા. જાણે ચારે બાજુથી મૂળજીને મહારાજે ઘેરી લીધો. મૂઢ બનીને મૂળજી ઊભો રહી ગયો ત્યાં ભગવાન શ્રીહરિ સમીપ આવીને પ્રશ્ન કર્યો : "કોણ ? મૂળજી ? તું અહીં ક્યાંથી ? કહેતો હતોને મારે ઘેર જવું છે."

મહાપ્રભુ શ્રીહરિના એક સામટા પ્રશ્નોથી મૂળજી થોથવાયો, સમજ ન પડી કે શું જવાબ દેવો. "મહારાજ ! હું.... હું તો..... અમસ્તો આ બાજુ મારા સંબંધી રહે છે તે મનમાં થયું કે મળતો જાઉં." મૂળજીને મનમાં થયું કે હવે મહારાજ વધુ ઊંડી તપાસ ન કરે તો સારું.

"મૂળજી ! આ તારે ખંભે શું છે ?"

"મહારાજ ! ખડિયો છે."

"ખડિયામાં શું છે ?"

ભગવાન શ્રીહરિના આ વેધક પ્રશ્નથી મૂળજીની જીભમાં લોચા વળ્યા : "મહારાજ ! પૂજા છે પૂજા."

"મૂળજી ! ખડિયો ખોલ મારે તારી પૂજા જોવી છે." એટલું કહી મહાપ્રભુ શ્રીહરિએ ઘોડી સમીપ લીધી. મૂળજીને ખંભેથી ખડિયો લઈ લીધો. અંદરથી ઘરેણાનો ડાબલો બહાર કાઢ્યો. મૂળજી થર-થર ધ્રૂજી રહ્યો, શરીરે પરસેવો છૂટી ગયો.

દાગીનો ડાબલો હાથમાં લઈ શ્રીજીમહારાજ બોલ્યા : "મૂળજી ! આ તારી પૂજા છે ? હજુ તારા સ્વભાવ ન ગયા. બોલ આટલા માટે અમારો ભગત બન્યો હતો ?" ભગવાન શ્રીહરિએ દૃષ્ટિ સહેજ કરડી કરી, ઠપકો આપ્યો : "ગાંડા ! વિચાર તો કર. બધાને છેતરી શકાય પણ અંતર્યામીને છેતરી શકાય ? જેનો ડાબલો તે ચોર્યો છે એ નિર્દોષ બાઈઓના અંતરમાં કેટલો વલોપાત થતો હશે તેની તને ખબર છે ?"

મીણના પૂતળાની પેઠે પીગળી ગયેલો એ ભગવાન શ્રીહરિના પગમાં પડી ગયો : "મહારાજ ! મને માફ કરો, માફ કરો. દીનાનાથ ! હું ભાન ભૂલ્યો." મૂળજી પશ્ચાત્તાપથી રડવા લાગ્યો.

શ્રીજીમહારાજ કહે : "મૂળજી ! સુવર્ણની ચોરી મહાપાપ છે. તેમાં પણ તે તો ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે. તેને હું પણ માફ ન કરી શકું. જેનો અપરાધ કર્યો છે તેને શરણે જા. ડાબલો તેને સોંપી નિષ્કપટ થઈ તારી ભૂલની માફી માંગ તો જ તને માફી મળે."


"ભલે, મહારાજ ! જેવો આપનો આદેશ." મૂળજી તુરત રવાના થયો. બાઈઓને ગામ આવી પગમાં પડી ગયો. ડાબલો પાછો સોંપ્યો અને પોતાની ભૂલોનો પસ્તાવો કર્યો. ઘરના તમામ સભ્યો સમક્ષ મહારાજે કઈ રીતે પાછો મોકલ્યો તે વાત કરી. કરુણાસિંધુની કરુણાનો વિચાર કરી બંને બહેનોએ મનોમન ભગવાન શ્રીહરિને વંદન કર્યા.

આ પ્રસંગે મૂળજીને હચમચાવી મૂક્યો, એના હૃદયમાં પોતાના પાપ-કર્મો પ્રત્યે ભયંકર દાઝ ઉપડી, અંતરમાં વલોપાત શરૂ થયો.

બસ, પાપને તો પશ્ચાત્તાપના આંસુથી જ પલાળીને પલાયન કરી શકાય ને ! અને એ મૂળજી આજ પશ્ચાત્તાપના પાવન ઝરણાથી નાહ્યો, એનું અંતર શુદ્ધ થયું. સોની સોનાને એકવખત તપાવે, શુદ્ધ ન થાય તો બીજીવખત તપાવીને પણ કુંદન કરે. તેમ મૂળજીનો રહ્યો સહ્યો મેલ પણ શ્રીજીમહારાજે કાઢી નાખ્યો. અરે ! કહો કે કથીર કુંદન બની ગયું.

એના માર, ધાર ને આકારમાં સમૂળું પરિવર્તન આવી ગયું. શેરગઢનો આ હિંસક સિંહ સૌમ્ય બની ગયો. પછી તો શિર સાટે સત્સંગનો ને ભગવાન શ્રી સ્વામિનારાયણનો પક્ષ રાખે એવો સહજાનંદી સિંહ બની ગયો.

(સત્સંગની શુભવાર્તામાંથી સાભાર...)



## તીર્થધામ મેઘપુરમાં શ્રીજીમહારાજે કરેલ

# દિવ્ય લીલાચરિત્રો

### સં. ૧૮૫૭

**સૌપ્રથમવાર ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી સંગાથે મેઘપુરમાં આગમન....**

સં. ૧૮૫૭ કારતક સુદ - ૧૧ના દિવસે પીપલાણામાં મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીને સદ્‌ગુરુવર્ય શ્રી **રામાનંદ સ્વામી**એ ભાગવતી દીક્ષા આપી 'સહજાનંદ સ્વામી' તથા 'નારાયણમુનિ' એવા બે નામ ધરાવ્યાં. ત્યારબાદ કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ કરી રામાનંદ સ્વામીએ પોતાના સંતમંડળ સાથે સોરઠના ભક્તોને દર્શન દેવા જવાનો વિચાર કર્યો. નરસિંહ મહેતા આદિક ભક્તોને પાસે બોલાવ્યા અને કહ્યું : ''અમારે **સહજાનંદ સ્વામી**ને સાથે રાખી **સોરઠમાં વિચરણ** કરવા માટે નીકળવું છે.'' ત્યારે ભક્તોએ કહ્યું : ''સાડા ચાર માસ સુધી આનંદ આપ્યો આવા આનંદને અમે કેમ છોડી શકીએ ? હે સ્વામી ! તમારો વિયોગ અમે કેમ સહન કરીશું ?'' રામાનંદ સ્વામીએ સૌને આશ્વાસન આપતાં કહ્યું : ''અત્યાર સુધી જે દિવ્ય સુખ માણ્યું છે તે સંભારવું. આ સહજાનંદ સ્વામીને પણ સંભારવા. તે ઈશ્વરમૂર્તિ છે.'' એમ કહી સહજાનંદ સ્વામીને સાથે લઈ પોતે રથમાં બેઠા. મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો ગાડામાં બેઠા. બીજા કોઈ ઘોડા ઉપર તો કોઈક ચાલતા એમ તૈયાર થયા. નરસિંહ મહેતા, તેમનો પુત્ર કલ્યાણજી તથા ગામના ભક્તો વળાવવા આવ્યા. રામાનંદ સ્વામીએ તેમને સૌને ગામને પાદરેથી પાછા વાળ્યા અને સંઘ ત્યાંથી **આખા** ગામ પ્રતિ વિદાય થયો.

આખા થકી **અગતરાઈ**માં પાંચ દિવસ રહીને ત્યાંથી મઢડે જેઠા મેરને ત્યાં થઈને **કાલવાણી** પધાર્યા. કાલવાણીમાં બે માસ સુધી રોકાઈને વસંતપંચમીનો ઉત્સવ કરી ત્યાંથી **માંગરોળ** પંદર દિવસ સુધી રામાનંદ સ્વામી, સહજાનંદ સ્વામી તથા સંઘ સાથે રહ્યા. ત્યાંથી **લોજ** પધાર્યા. અહીં પણ સ્વામી સંઘ સાથે

પંદર દિવસ રહ્યા. પછી ત્યાંથી **માણાવદર** ગયા. ત્યાં ફૂલદોલનો ઉત્સવ કરી રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામી તથા સંતો-હરિભક્તો સાથે **મેઘપુર** પધાર્યા.

અહીં રામભાઈને ઘેર સ્વામીએ ઉતાર્યો કર્યો. સોની ભક્ત જીવરાજ, ભક્ત નારાયણ તથા જસરાજ પણ સેવામાં આવી ગયા. રંગપંચમીનો ઉત્સવ અહીં કર્યો. તે પ્રસંગે ભેગા થયેલા ભક્તોના સમૂહને સંબોધતા રામાનંદ સ્વામીએ કહ્યું :

**'જુઓ આ વરણી અતિ મોટા, એની આગળ છે સહુ છોટા;**
**એમ કહીને પ્રશંસા કરી, હરિભક્તે સુણી મન ધરી.'**

(શ્રીહરિલીલામૃત : ૪/૧૮/૧૪)

"હે ભક્તો ! સૌ ધ્યાન દઈને મારી વાત સાંભળો. આ સહજાનંદ સ્વામી જે અહીં બેઠા છે તેમને ઓળખી લેજો. દેહે નાના દેખાય છે પણ સ્વરૂપે સૌથી મોટા છે, અતિ મહાન છે, પરમાત્મા છે."

ગુરુ તો વાત ઊંચેથી કરે પણ શિષ્યો બેધ્યાનમાં વાતને હૈયા સુધી પહોંચવા દે નહિ. પરંતુ ત્યાંની બે સમાધિષ્ઠ બહેનોને આ વાત અંતરમાં ઊતરી ગઈ. તેમાં એક હતા લાડકીબાઈ ભાટ અને બીજા આખા ગામના લાડકીબાઈ બ્રાહ્મણ. રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીને લઈને આ બંનેને ઘેર વારાફરતી થાળ જમવા જતા. જ્યારે ભાટને ત્યાં જમવા જાય, ત્યારે પોતાની રસોઈ હાથે બનાવી લેતા અથવા કોઈ બ્રાહ્મણ પાસે કરાવતા. લાડકીબાઈ બ્રાહ્મણની દીકરી રુકમાઈને સમાધિ થતી. સહજાનંદ સ્વામી જ્યારે તેને ત્યાં પહેલી વાર જમવા આવ્યા, ત્યારે તેને જોઈ રુકમાઈએ તેની માતાને કહ્યું : "મા ! હું તને વનમાં ફરતા વર્ણીની વાત કરતી હતી ને ! તે આ જ !" એમ વાત કરતા જ રુકમાઈને સમાધિ થઈ. સમાધિમાં તે ગોલોકમાં ગઈ અને ત્યાં તેને રાધાકૃષ્ણ સ્વરૂપના દર્શન થયા. સમાધિમાંથી જાગ્રત થઈ તેમણે સહજાનંદ સ્વામીની મોટાઈની વાત પોતાની માતા લાડકીબાઈને કરી. સહજાનંદ સ્વામીને સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા જાણી અંતરમાં અતિ આનંદ થયો. આમ, મેઘપુરમાં રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામી સાથે થોડા દિવસો રહી ભાડેર, જમનાવડ થઈને ધોરાજી પધાર્યા.

ધોરાજીથી નીકળી ફરેણી, દૂધીવદર, કંડોરડા, ગોંડળ, બંધિયા થઈને જેતપુર પધાર્યા. અહીં જેઠ સુદ ૧૧ કરી તથા પૂનમે જળયાત્રાનો ઉત્સવ કર્યો. પછી ત્યાંથી ભાડેરમાં આ. સં. ૧૮૫૮ની દેવશયની એકાદશી કરી. ત્યાંથી સાંકળી, ભાડેર, પીપલાણા, આખા, અગતરાઈ, કાલવાણી થઈને માંગરોળ પધાર્યા. માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરી લોજ થઈને પંચાળા પધાર્યા. પંચાળામાં બે દિવસ રહીને ત્યાંથી માણાવદર, પીપલાણા, નાવડા થઈને પુનઃ રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામી સાથે **મેઘપુર** પધાર્યા હતા.

**➠ મેઘપુરમાં સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના પ્રસંગો :**

એકવખત ગામ **મેઘપુર**માં રામાનંદ સ્વામી પોતાના સંતમંડળ સહિત પધાર્યા. તે વખતે ભાટ અમરસિંહજીએ પોતાનું એક ઘર ખાલી હતું તેમાં ઉતારો આપ્યો ને બિછાનાં પાથરી દીધા. પછી રાત્રે સંધ્યા આરતી કરીને સભા કરીને બેઠા ને ગામમાંથી લોકો પણ આવ્યા. સ્વામીએ ઉપદેશની વાતો કરી ને પછી સૌ પોઢી ગયા.

સવારે સ્નાન-પૂજાપાઠ કરીને સ્વામી સભામાં બેઠા. ઉપદેશની વાતો કરી ત્યાં અમરસિંહ ભાટને ઘેરથી સીધું આવ્યું તે લઈને સંતોએ રસોઈ કરી. પછી લાલજીને નૈવેદ્ય ધરી સૌ જમીને ચાર વાગે આંબાવાડીએ સ્નાન કરવા ગયા. ત્યાં અમરસિંહે ઢોલિયો બીછાવી માથે તકિયો મૂક્યો. ત્યાં સ્વામી સ્નાન કરીને ઢોલિયા ઉપર બિરાજ્યા. આગળ સંતો-હરિભક્તોની સભા થઈ. તે વખતે રામાનંદ સ્વામીએ અમરસિંહને કહ્યું : "તમે આંહી ઢોલિયાના પાયા પાસે બેસો." ત્યારે તે બેઠા ને બોલ્યા : "હે સ્વામી ! મને આંહી ઢોલિયાના પાયા પાસે બેસાર્યો પણ એ પ્રમાણે બ્રહ્મમહોલમાં મને તમારા ઢોલિયાનો પાયો આપવો પડશે." ત્યારે સ્વામી કહે : "ભલે ! અમે એ વર તમને આપીએ છીએ, પણ તમારે અમારી આજ્ઞા બરોબર પાળવી પડશે કે આ હોકો તથા અફીણ પીઓ છો તે મૂકી દેવા પડશે. જો તમારે અમારી સમીપમાં રહેવું હોય તો." ત્યારે અમરસિંહ બોલ્યા : "ભલે, સ્વામી ! હું હોકો તથા અફીણનો ત્યાગ કરી દઈશ." એમ કહી તેમણે હોકો અને અફીણનો ત્યાગ કર્યો ને પરમ એકાંતિક ભક્ત થયા.

એકવખત મેઘપુરમાં **રામાનંદ સ્વામી** સંતમંડળ સહિત પધાર્યા ત્યારે ભાટ અમરસિંહે પોતાના ઓરડામાં ઉતારો કરાવ્યો હતો. પછી આરતી કરીને સર્વે સભામાં બેઠા ત્યારે ગામમાંથી લોકો આવ્યા. તેની આગળ સ્વામીએ જન્મ-મરણ તથા જમપુરીના દુઃખોની વાતો કરી કે, 'ભગવાનને જે નથી ભજતાં તેને જમ લઈ જાય છે ને ત્યાં છ લાખ ને ચોરાશી હજાર નરકના કુંડ છે તેમાં નાખે છે.' આવી વાતો કરીને પોઢ્યા. સવારે વહેલા ઊઠી આંબાવાડીના કૂવે સ્નાન કરીને ઉતારા પર આવ્યા.

પછી બપોરે ઠાકોરજીને થાળ કરીને અમરસિંહની વાડીએ સ્નાન કરવા ગયા. ત્યારે ભાટે કહ્યું : "હે સ્વામી ! આ વર્ષે તો ઉનાળું જાર બગડી ગઈ છે તે છોકરા જાર વિના રહેશે." ત્યારે સ્વામીએ પાણીની તુંબડી ભરીને કહ્યું : "ચાલ તારી જાર બતાવ." પછી ખેતરમાં ગયા ને સ્વામીએ તુંબડીમાં રહેલ જળ જાર ઉપર છાંટ્યું ને બોલ્યા : "આ તારી જાર આખા ગામ કરતા સારી પાકશે ને હે અમરસિંહ ! આવતા ચોમાસામાં વરસાદ ઘણો થવાનો છે, તેથી વહેલો વરસશે માટે જાર વહેલી લણી લેજો." એટલું કહી વાડીમાં સ્નાન કરીને ભાટ અમરસિંહની ઘોડી ઉપર બેસી રામાનંદ સ્વામી ગામ ભાડેરને રસ્તે ચાલ્યા. સાથે અમરસિંહ મૂકવા જતા હતા. તે રસ્તામાં

પાતળભાઈ ઘોડી લઈને તેડવા આવતા હતા તે સામા ભેગા થયા ત્યારે દરબાર ઘોડીએથી નીચે ઉતરીને સ્વામીને પગે લાગ્યા. એટલે સ્વામી કહે : "પાતળભાઈ ! તમે ક્યાં જાઓ છો ?" ત્યારે તે કહે : "સ્વામી ! તમને તેડવા આવતો હતો." એટલે સ્વામી ઘોડીએથી નીચે ઉતર્યા ને અમરસિંહને કહ્યું : "તમે હવે પાછા વળો ને અમે આ દરબારની ઘોડી ઉપર બેસીને ભાડેર જઈશું ને તમે જારને લણી લેજો ને દાણા કાઢી ઘરમાં ભરી દેજો ને કડબ પણ ઘરમાં લઈ લેજો. કારણ કે, બે જ દિવસમાં વરસાદ બહુ વરસશે." પછી અમરસિંહ રામાનંદ સ્વામીને પગે લાગીને ઘેર આવ્યા. રાત્રે મજૂરો કરીને તેમજ ઘરના નાના-મોટા સહુ મળીને જાર લણવા ગયા ત્યાં તો જારના લોથામાં મોતીના દાણા જેવી જાર ભરાઈ ગયેલ જોઈ તે લણી મસળીને ભરી તો વરસો વરસ કરતા બમણી થઈ. તે ઘેર લાવીને કોઠીઓમાં ભરી દીધી ને કડબ પણ લાવીને ઘરમાં ભરી દીધી. તે જ રાત્રિએ વરસાદ બહુ વરસ્યો તેથી ગામના લોકોની જાર બગડી ગઈ ને કડબ સડી ગઈને ઘરમાં મૂઠી જાર ન આવી તે જોઈને સર્વે બોલવા લાગ્યા કે, 'ભાટ અમરસિંહની જારની તો તેના ગુરુ રામાનંદ સ્વામીએ રક્ષા કરીને પરચો આપ્યો.'

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૧, વાત ૧૫૯-૧૬૦ના આધારે...)

## સં. ૧૮૫૯

### ➠ મુક્તાનંદ સ્વામી ભગવાન શ્રીહરિને ઠપકો આપવા આવ્યા...

સં. ૧૮૫૯માં ભગવાન શ્રીહરિ લોજપુરમાં અન્નકૂટોત્સવ કરી કાલવાણીમાં **પ્રબોધિની એકાદશી**નો ઉત્સવ કરવા નીકળ્યા હતા. પરંતુ રસ્તામાં વચ્ચે મેઘપુર નારાયણ સોનીને ત્યાં રોકાયા. અગાઉથી જ આ ઉત્સવ કાલવાણીમાં કરવાનો હતો તે નક્કી હતું તેથી ગામોગામ કાગળો લખી દીધા હતા. એટલે ઝાલાવાડ, ગુજરાત તથા કચ્છથી પણ સત્સંગીઓ કાલવાણીમાં આવતા હતા.

ભગવાન શ્રીહરિ **મેઘપુર** ગામે સભામાં બિરાજમાન હતા. સંતો-હરિભક્તોના વૃંદ તેમને વીંટળાઈને બેઠાં હતાં અને તેઓની દિવ્ય મૂર્તિના દર્શન કરી રહ્યા હતાં. એટલામાં સમાચાર આવ્યા કે મુક્તાનંદ સ્વામી· આવે છે. ભગવાન શ્રીહરિ તરત જ પલંગ ઉપરથી ઊભા થઈ ગયા અને મુક્તાનંદ સ્વામી સન્મુખ ગયા. સ્વામીને જોઈ તેઓ **સાષ્ટાંગ દંડવત્** પ્રણામ કરવા લાગ્યા. એટલામાં સ્વામી પણ દોડ્યા અને સહજાનંદ સ્વામીને હાથ ઝાલીને ઉઠાડ્યાં. બંને મહાનુભાવો પરસ્પર ભેટ્યા. આ શીતળ સ્પર્શથી મુક્તાનંદ સ્વામીના અંતરમાં વ્યાપેલો ક્રોધ શમી ગયો. તેમને શાંતિ થઈ ગઈ. ભગવાન શ્રીહરિ તેમને સભામાં હાથ પકડીને લાવ્યા અને પલંગ ઉપર બેસાડ્યા. સંતો-હરિભક્તો પણ મુક્તાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીની સન્મુખ ભૂમિ ઉપર જ શ્રીજીમહારાજ બેઠા. શ્રીહરિની નમ્રતાથી, વિવેકથી સ્વામીને લાગ્યું કે વર્ણી ઉદ્ધત તો નથી થયા. નમ્રતા છે એટલે વાળ્યા વળી જશે.

પછી ભગવાન શ્રીહરિને મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "વર્ણી ! તમારી ઉંમર નાની છે તેથી અતિ ઉત્સાહમાં આ ચમત્કારોનું વહેણ વહેતું મૂકી દીધું છે, પણ તેથી સત્સંગનું ખરાબ થશે. લોકો આ ફેલથી ફેલી થશે, પાખંડ ધર્મ પ્રવર્તશે અને રામાનંદ સ્વામીનું કર્યું કારવ્યું સર્વે ધૂળમાં મળી જશે. આગળ મોટી મોટી વિભૂતિઓ-અવતારો થઈ ગયા પણ તેમણે કદી આવું પાખંડ ચલાવ્યું ન હતું. આમાં ભોળા ફસાશે. અમારા જેવા તો નહિ જ માને."

**'સમાધિ કાંઈ નથી સોયલી, મોટા યોગિને પણ દોયલી;**
**તે તો જેને તેને કેમ થાય, બીજા માને અમે ન મનાય.'**

(ભક્ત ચિંતામણી : ૪૯/૫૪)

મુક્તાનંદ સ્વામીની વિષાદભરી વાણીમાં તમોગુણનો ભાવ ભારોભાર ભર્યો હતો. ભગવાન શ્રીહરિએ તેમની વાત સાંભળી અને પછી નમ્રતાપૂર્વક કહ્યું : "સ્વામી ! આમાં હું કાંઈ કરતો નથી. ભક્તો રામાનંદ સ્વામીનું ભજન કરે છે અને તેમને સમાધિ થાય છે. તમને વિશ્વાસ ન આવતો હોય તો આ તમારા શિષ્યને પૂછો."

સ્વામીના શિષ્ય પાસે જ બેઠા હતા. તેમને બોલાવ્યા. શ્રીજીમહારાજે એમના તરફ દૃષ્ટિ કરી અને તરત તેમને સમાધિ થઈ ! મુક્તાનંદ સ્વામીએ તેમની નાડી જોઈ. નાડી ચાલતી હતી. તેમને ઉઠાડવા તેમણે પ્રયત્ન કર્યો પણ ઉઠાડી ન શક્યા. ભગવાન શ્રીહરિએ તેમના કાનમાં મંત્ર કહ્યો અને તરત જ તે જાગ્યા. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! ભ્રમણામાં ન પડો. આ સહજાનંદ સ્વામી એ સાક્ષાત્ ભગવાન છે અને રામાનંદ સ્વામી એ ઉદ્ધવ છે. મેં હમણાં જ સમાધિમાં આ જોયું છે."

એટલે ભગવાન શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમને સમાધિમાં રામાનંદ સ્વામીના દર્શન થયાં ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, ઉદ્ધવ સ્વરૂપે અને તેઓએ મને કહ્યું કે મુક્તાનંદને કહેજો કે કેમ માનતા નથી ? મારા શબ્દો ભૂલી ગયા ?"

મુક્તાનંદ સ્વામીને આ સાંભળી કાંઈક અંતર્દષ્ટિ થઈ, છતાં ઉદાસીનતા તો ન જ ટળી. તેમને આવા ઉદાસ જોઈ તેમના બે શિષ્યો - માધવદાસ અને જેઠો તેમની પાસે આવ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! સમાધિ ખોટી નથી. અમે પણ અનુભવ કર્યો છે. માટે અમારું માનો અને આ શ્રીહરિએ આજે સત્સંગને જે રીતે વેગ આપી વિકસાવ્યો છે તેમાં ભળો."

આ સાંભળી મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ થઈ કે આજે સત્સંગમાં નાના-મોટા તમામ સહજાનંદ સ્વામીમાં સર્વ પ્રકારે જોડાયેલા છે તે તેમના ઐશ્વર્યથી કે ચમત્કારથી નહિ, પરંતુ તેમના પરમાત્મભાવથી. તેમણે સત્સંગને વેગ આપ્યો છે. સ્વામી છતાં જે સત્સંગ હતો તે આજે ઘણો વિસ્તરી ગયો છે. આવા આવા વિચારોમાં સ્વામી ઊભા થયા.

સાંજે સહજાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી અને તેમનું સંતમંડળ કાલવાણી★ જવા નીકળ્યું. કાલવાણીમાં મુક્તાનંદ સ્વામીને શોકાતુર જોઈને રામાનંદ સ્વામીએ પ્રત્યક્ષ દર્શન આપ્યા અને ભગવાન શ્રીહરિનો સર્વાવતારીપણે નિશ્ચય કરાવ્યો. ત્યારબાદ મુક્તાનંદ સ્વામીના મંજુલ સ્વરોમાં 'જય સદ્‌ગુરુ સ્વામી...' આરતીનો પ્રથમ રણકાર ગુંજી ઊઠ્યો.

## સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં મેઘપુર લીલાદર્શન

### ➠ શ્રીહરિનું મેઘપુર આગમન, સંજોગોને જોઈને એક વિવેક પત્ર સૌને લખ્યો.

શ્રીહરિ સંધ્યા સમયે **મેઘપુર** ગામ પહોંચ્યા. બધા હરિભક્તો સારા વસ્ત્ર વગેરે પહેરીને સામૈયું લઈને આવ્યા. પહેલા દંડવત પ્રણામ કર્યા. પછીથી પગમાં નમી પડ્યા. ઉત્સાહથી હજારી ફૂલના હાર પહેરાવ્યા. બે મશાલો કરાવી. વાજિંત્રોમાં ઢોલ વગડાવ્યા. પછી શ્રીહરિ નારાયણ સોનીને ઘેર પ્રેમથી આવ્યા અને ઉતારો કર્યો. સંતો સદાવ્રતની જગ્યામાં ઊતર્યા. પછી આવીને પ્રભુને પગે લાગ્યા અને ચોક વચ્ચે સુખદ સભા કરી. અરધી રાત સુધી સંતોએ કીર્તન ગાયા. ગામના બધા માણસો આવ્યા હતા. ગામના અમરસિંહ ભાટ પણ કુટુંબની સાથે સભામાં આવ્યા હતા. તેઓ શ્રીહરિના ચરણમાં નમી પડ્યા. અભયંકર શ્રીહરિએ તેમને પોતાની પાસે બેસાડ્યા. શ્રીહરિની વાત સાંભળીને તેઓ સર્વ કુટુંબ પરિવાર સાથે શ્રીહરિના આશ્રિત થયા. અમરસિંહને રણછોડજી. નંદલાલભાઈ અને કૃષ્ણજી, એ ત્રણ પુત્ર અને લાડકી બાઈ નામે એક અનુપમ પુત્રી હતી, તેઓ શ્રીહરિના સ્વરૂપના દર્શન કરીને શરણે આવી આશ્રિત થયા. જીવરામ સોની અને વીરુબાઈ પણ આવીને શ્રીહરિને શરણે આવી આશ્રિત થયા. જેઠો, ભાણજી અને રવજી, એ બધા બ્રાહ્મણો પણ શ્રીહરિના આશ્રિત થયા. શુભ બુદ્ધિમાન સવદાસ અને સામત, એ બે પ્રજાપતિ શુભ મતિવાળા હતા, તેઓ શ્રીહરિને શરણે આવ્યા. બીજા લોકો પણ શ્રીહરિના આશ્રિત થયા. જ્યારે અધરાત થવા આવી ત્યારે સહુ લોકો પોતપોતાને ઘેર ગયા અને શ્રીહરિ સંતોને મધ્યે, સુંદર પલંગ બિછાવ્યો હતો ત્યાં પોઢી રહ્યા. પછી જ્યારે સવાર થયું ત્યારે બધા સંતો જાગ્યા. 'સ્વામિનારાયણ' નામ બોલીને આનંદિત થયેલા સહુ મતવાલા થઈ ગયા. ભુજના સુંદરજી સુતાર ઘેર જવા તૈયાર થઈને તે વેળાએ શ્રીહરિની પાસે રજા લેવા આવ્યા. ત્યારે શ્રીહરિએ તેમને હરખભેર કહ્યું, તમે ભુજ જઈને શ્રીમુક્તાનંદ સ્વામીને અમારા 'જય સ્વામિનારાયણ' કહેજો. હવે અહીંયાં આવીને અમને સહુને દર્શન આપે, બસ અમારા આટલા સમાચાર જરૂર કહેજો. મયારામ ભટ્ટે એક પત્ર લખ્યો તેમાં અલગ અલગ વિગતવાર વિવેક ભર્યા સમાચાર લખ્યા અને તે પત્ર સુંદરજીભાઈને આપ્યો. શ્રીહરિને મનમાં ઘણો આનંદ થયો.

મેઘપુરમાં પહેલી રસોઈ દરબારે આપી અને તે મયારામ ભટ્ટે રાંધીને તૈયાર કરી. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી, એ બન્ને કુશળતાથી શ્રીહરિ માટે નિત્ય થાળ તૈયાર કરતા. આનંદાનંદ સ્વામી કાયમ પહેલા શ્રીહરિને અંગે સુગંધી તેલ ચોળીને પછી સ્નાન કરાવતા. શરીર રૂમાલથી લૂછીને તે વેળાએ એક પીતાંબર પહેરાવતા અને બીજું સારું પીતાંબર ઓઢવા આપતા. ચરણોમાં પહેરવા માટે ધોયેલી ચાખડીઓ મૂકી. તત્કાળ તે ચાંખડીઓ શ્રીહરિએ પહેરી લીધી. અને એક સુંદર રૂમાલ હાથમાં લીધો. પછી ઉલ્લાસથી જઈને બાજોઠ ઉપર બેઠા. વિવિધ રીતે બનાવેલો થાળ ધરાવ્યો. ત્યારે પરમ ઉદાર શ્રીહરિ ભાવનાથી જમવા લાગ્યા. ત્યાંના દરબાર પાસે આવીને

---

★ શ્રીજીમહારાજને મુક્તાનંદ સ્વામી યાદ આવ્યા, પત્ર લખી કોઈ સાથે મોકલવાની તજવીજ કરતા હતા ત્યાં જ ભુજના સુંદરજી સુથાર મહારાજના દર્શન કરી કચ્છ જવા વિદાય લેવા આવ્યા. શ્રીજીમહારાજ બહુ રાજી થયા ને કહ્યું : "મુક્તાનંદ સ્વામીને કહેજો દર્શન દેવા પધારે." એમ કહી મયારામ ભટ્ટ પાસે **પત્ર** લખાવ્યો ને સુંદરજી સુથાર સાથે કચ્છ મોકલાવ્યો.

ભગવાન શ્રીહરિનો પત્ર કચ્છ જઈ સુંદરજી સુથારે મુક્તાનંદ સ્વામીને આપ્યો. સ્વામીએ પત્ર વાંચ્યો અને શ્રીજીમહારાજને મળવા એમનું હૈયું વિહ્‌વળ થયું. પરંતુ એ પત્ર સાથે બીજો પણ એક પત્ર મયારામ ભટ્ટે લખ્યો હતો. એમણે લખ્યું હતું કે, "સ્વામી ! તમે તો કચ્છ ગયા ઘણો સમય વીતી ગયો, અહીં આ નારાયણમુનિએ ધતિંગ આદર્યાં છે. વિવિધ નાત-જાતના સમુદાયોને ભેળા કરે છે. કોણ જાણે એ શું કરે છે, તે ખબર પડતી નથી. દૃષ્ટિ કરે છે ને લોકો મડદાંની માફક પડે છે. નાડી બરાબર ચાલુ હોય પણ આખું અંગ નિશ્ચેતન થઈ જાય છે. લોકો પણ એવા છે કે આ તરકટ જોવા ટોળે વળે છે, ભજનમાં ભળે છે. આપણા નવા સહજાનંદ સ્વામી ચપટી વગાડે તે મડદું બનેલો માણસ ઊભો થાય છે, પગે પડે છે, નિયમ ધારણ કરે છે અને સ્તુતિ પણ એમની જ કરે છે. કોણ જાણે કેવું યે બતાવતા હશે ! પણ ગામોના ગામ ઊમટે છે. લોકો પાછળ પાછળ ભમે છે. હું એમની સાથે જ છું. લોજથી હાલ મેઘપુર આવ્યા છીએ, પ્રબોધિની અહીં જ કરીશું. તમારી વાટ જોઉં છું. જલ્દી આવજો..."

પત્ર વાંચતા મુક્તાનંદ સ્વામીને ઉદ્વેગ વ્યાપ્યો. તેમને થયું કે નક્કી આ યુવાન સાધુ ગુરુનું ભેગું કરેલું ભેળાવી દેશે. એમને તો દાખડા વગર તૈયાર ગાદી મળી છે... વળી, વિચાર આવ્યો કે વર્ણી સાવ એવા નથી, સમજુ છે, ડાહ્યા છે. ગુરુ પાસે પણ વરદાનમાં ભક્તોનું હિત એમણે માગ્યું છે, પોતાને કષ્ટ પડે તેની ગણના કરી નથી. ...પણ યુવાન વય, સત્તા મળી, વળી અષ્ટાંગ યોગની કળા ભળી એટલે મયારામ લખે છે તે ખોટું તો નહિ જ હોય. આમ, તેમનું મનોવલણ એક નિશ્ચિત વાત પર આવ્યું કે 'સોરઠ જવું અને સહજાનંદ સ્વામીને ઠપકો આપવો.' તે જ દિવસે મુક્તાનંદ સ્વામીએ **સોરઠની વાટ** લીધી.

બેઠા. ઘણી ચાતુર્ય ભરી વાતો શ્રીહરિ સાથે કરતા. શ્રીહરિ તેનું હૃદય જાણતા કે આને સ્નેહ કેવળ ઉપરથી કહેવા માત્રનો જ છે. થાળ જમ્યા પછી શ્રીહરિએ ચળું કરીને જળપાન કર્યું. તુરંત પ્રસાદી દરબારને આપી અને શ્રીહરિએ કહ્યું, દરબાર ! સાંભળો, આ પ્રસાદી તમે ન લેશો. તમારા પુત્રોને આપજો. અમારો બધો પ્રસાદ એવો હોય છે કે જેને જેવો ભાવ હોય છે તેને તેવું ફળ મળે છે. દરબારે તેને મજાક માની હતી પણ શ્રીહરિએ મજાક કરી ન હતી. તેઓ પુત્રોની સાથે પ્રસાદી જમ્યા. તેનાથી દરબારના પુત્રોને ભાવના ઘણી વધી. તેઓ રાત દિવસ શ્રીહરિની સાથે જ રહેતા અને ઉત્સાહથી ધ્યાન તથા ધારણા કરતા. ગામમાંથી જે લોકો આવતા તે શ્રીહરિની વાત સાંભળીને ખુશી થતા. જે આવતા તે બધાને ભારે સમાધિ થાતી. સમાધિને લીધે સહુ ઘરનું કામ પણ ભૂલી જતા. પોતાના સંબંધીએ ચીંધેલું કામપણ કરતા નહિ. તેઓ રાત દિવસ ધ્યાન જ ધરતા હતા. તે ગામમાં કેટલાક વેરાગી રહેતા. તે દરબારને અનુકૂળ થઈને રહેતા. તેણે શ્રીહરિનો અતિશય પ્રતાપ જોયો એટલે તેઓ બળી ઊઠ્યા. તેથી તેઓ તે દરબારની પાસે દોડી ગયા. પોકારીને કહ્યું. તમે તો અમારા થઈને બીજાને ગુરુ કેમ કર્યા. ? તમે દરબાર છો, એટલે તમારે લીધે જ અમે આ ગામમાં રહ્યા છીએ. તમે અમારી શરમ રાખી નહિ અને અમને શીખ (વિદાય) આપવાનો જ તમે આ ઉપાય રચ્યો ! એક મિયાનમાં ક્યાંય બે તલવાર દેખી નથી. અમને રાખો કાં તેમને. આ સ્પષ્ટ નિર્ણય થયા પછી જ અમે ઠાકોરજીને ભોગ(થાળ) ધરાવશું. ત્યારે દરબારને મોટું ધર્મ સંકટ આવ્યું. તરત જ તાજો સત્સંગ ધાર્યો હતો. બુદ્ધિ-જ્ઞાન પરિપકવ થયેલ નહિ. હૃદયમાં મોક્ષનો અંકુર ન હતો. તેઓ બગલાને અને હંસને એક સરખા ગણતા. "ભેખ બધા એકજ છે" એમ માનતા. નાભાદાસના ભક્તમાળનું જ એક જ્ઞાન હતું. મોક્ષની બાબતમાં એક લેશ પણ તાન હતું નહિ. માન મળે, તેની જ ઈચ્છા હતી, બીજું કાંઈ ચાહતા નહિ. મનમાં કોઈ પરીક્ષા કરતા નહિ. જ્યાં વધારે માન મળે, તેને તેઓ પ્રભુના સમાન માનતા. પછી દરબારે વેરાગીને કહ્યું, ગભરાશો નહિ. હું તમારા સિવાય બીજા કોઈને માનતો નથી. અમે તો ગામધણી કહેવાઈએ. અમારે બધાનું સન્માન કરવું જોઈએ. આ સહજાનંદ સ્વામીનું અમે સન્માન કર્યું છે, તેને તમારે વ્યવહાર જાણવો. રાજા (ગામધણી), વેશ્યા, ભેખધારી અને વેપારી એ ચાર તો સ્વાર્થ(મતલબ)ના યારી(પ્રેમી) હોય છે. પોતાનો મતલબ સર્યો એટલે કોઈ કોઈના થતા નથી. આ રીતે બધાનો એક જ મત છે. તમે સુખે ભગવાનનું ભજન કરો. કોઈ તમારું અપમાન કરશે નહિ. જો કોઈ કાંઈ તમને કહે, તો તે મને કહેજો. તેને માટે તો હું પ્રાણ આપી દઈશ. દરબારે આમ કહ્યું એટલે વેરાગીને બળ મળ્યું, તેઓ હરિભક્તોને અને સંતોને ગાળો દેવા લાગ્યા. ત્યારે હરિભક્તોએ શ્રીહરિ પાસે આવીને બધી વાત કહી સંભળાવી. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'કોઈ આપણને-પોતાને ગાળો દે, છતાં તમે કાંઈ બોલશો નહિ.' પણ તેનાથી તો ઊલટું થયું. જ્યારે ગામના બીજા કોઈ લોકો ન હોય ત્યારે તે વેરાગી હથિયાર લઈને શ્રીહરિના આશ્રિતોને ડરાવતા. ત્યારે શ્રીહરિએ સંતોને અને હરિભક્તોને કહ્યું, સૌ સાંભળો, "પોતાને કોઈ ગાળ દે કે મારે, તો તેને સહન કરવું. સામે મારવો નહિ." જે અમારી આજ્ઞાને માનશે તે અમારો સત્સંગી અને જે નહિ માને તે વચનદ્રોહી છે" આવો પત્ર લખાવીને શ્રીહરિએ સત્સંગમાં ફેરવ્યો.

સહુએ પોતાની શક્તિ પ્રમાણે સ્થિર આસન કરવું. હૃદયમાં પ્રકટ હરિને ધારીને ધ્યાન-ધારણા અને ભજન-સ્મરણ કરતા રહેવું. જે સાંખ્યયોગી-સંતો છે તેમણે આસને બેસીને મનને ભગવાનમાં જોડવું. દેહના સગા-કુટુંબીઓનો સંબંધ તો અત્યંત કાચો છે. કોઈ પણ સત્સંગીએ સત્સંગને નિમિત્તે કોઈની સાથે વેર કરવું નહિ. ગૃહસ્થોએ સંસારનો વ્યવહાર તો સંસારની રીતે પ્રેમથી કરવો. ગૃહસ્થને હૃદયમાં વૈરાગ્ય ઊપજે તો પણ તેણે પોતાની પત્નીનો ત્યાગ કરવો નહિ. તે રીતે જ સ્ત્રીએ પણ વૈરાગ્યને લીધે પોતાના પતિનો ત્યાગ કરવો નહિ. જો પતિ પાપી હોય તો તેનો ત્યાગ કરવો. જો હૃદયમાં ત્યાગની અત્યંત દૃઢતા હોય તો નરનારીએ પરસ્પર ત્યાગ રાખવો. જો છેવટ સુધી દૃઢતા ન રહે તો તે ત્યાગને પ્રકટ વ્યવહારમાં લેવો નહિ.

વિચાર કર્યા વિના જે કરવામાં આવે તે પાર પડતું નથી. આપણા સત્સંગમાં જે સહુનું હિત ઈચ્છે એવા સંતો પરમ પવિત્ર ગણાય છે. જેના મનમાં પોતાનો સ્વાર્થ લેશ માત્ર પણ હોતો નથી, તેના ઉપદેશને લેવો, તે કહે તેમ કરવું. તે એવું બતાવે કે જેનાથી કલેશ ન થાય. અને તેને જે સાંભળે તેને શાંતિ થાય. એવા સંતનો વિશ્વાસ કરવો. તેનાથી મોક્ષનો નાશ થતો નથી. દિન પ્રતિદિનના તેના સમાગમથી સત્સંગ વધીને ઘણી ઉચ્ચ કક્ષાએ પહોંચે છે. જેવો રોગ હોય, તેને સમજીને જે વૈદ્ય તેને અનુરૂપ ઔષધ આપે છે. તો બધા જ લોકો તે વૈદ્યનું કહ્યું માને છે. પણ રોગ કાંઈ હોય અને ઔષધ તેથી વિપરીત કાંઈ જુદું જ હોય, તો તેને કોઈ ઠેકાણે લોકો માનતા નથી. સમજ્યા વિના વિપરીત ઔષધ આપનારા વૈદ્યને તો ગામે ગામ ઉપાધિ થાય છે અને ઠામે ઠામ 'મારો' 'મારો' એમ લોકો બોલે છે. અને વિરુદ્ધ ઉપચારથી તો રોગ અસાધ્ય કક્ષાએ પહોંચીને ઘણો જ વધી જાય છે. તે પછી તો કોઈને સત્ય ઉપચાર કે બાબતમાં ક્યાંય વિશ્વાસ રહેતો નથી."

શ્રીહરિએ આવી બાબતના **વિવેક**નો **પત્ર** તુરંત લખાવ્યો. આમ શ્રીહરિ સત્સંગનું હિત જ કરે છે. દેશે દેશ અને ગામે ગામ હરિભક્તોએ નિત્ય આ પત્ર વાંચવો. અને તે પ્રમાણે જ સહુએ

વર્તવું. અને જે આ પ્રમાણે વર્તશે તેજ અમારો મિત્ર છે. બધા સત્સંગીઓને અમે અમારું અંગ માન્યું છે માટે કોઈએ અમારા આ વચનને લોપવું નહિ. તે વચનને લોપશે તેને અવશ્ય દુઃખ આવશે. હું તો તાળી પાડીને કહું છું કે તે મરીને જમપુરીમાં જાશે અને તે સત્સંગનો દ્રોહી કહેવાશે અથવા તે ભૂત પ્રેત કે રાક્ષસના દેહને પામશે.

### ➠ ભક્તોને થતી સમાધિનું વર્ણન તથા ઐશ્વર્ય દર્શન

પર્વતભાઈ અને સહુ સંતોએ તે પત્ર સાંભળ્યો અને તેને સત્સંગનું જીવન જાણીને સૌએ મસ્તકે ચઢાવ્યો. ગામે ગામના હરિભક્તો તેમાં પોતાનું હિત રહ્યું છે આવું માનીને તે પત્રને વાંચતા. જે મુમુક્ષુઓ હતા તે બધા પત્રને સાંભળીને સત્સંગ કરવા લાગ્યા. શ્રીહરિ જે ગામમાં રહ્યા હોય ત્યાં સત્સંગીઓ ઘણા આવતા. શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારતા અને તેથી તેમને **તત્કાળ સમાધિ** થતી. શ્રીહરિએ યોગરૂપી યજ્ઞ કરવાની આ મહાન રીત અપનાવી. તેનાથી ચારે વર્ણના લોકોને તેઓ હિતકારી પોતાનું **જ્ઞાન** આપીને **તૃપ્તિ** કરાવતા હતા. સાંભળવાની અને જોવાની વાત જુદી જ છે. દૂર સ્થાનમાં રહીને પણ નજીક જણાતું હોય છે. વાત સાંભળી હોય ત્યાં થોડા અનુમાનની પણ જરૂર રહે છે. માત્ર સાંભળવાથી સાક્ષાત્ નિશ્ચય થાતો નથી. કેવળ અનુમાનને આધારે જ બધું બતાવવામાં આવે તો તેમાં સુદઢ નિષ્ઠા (સ્થિતિ) થઈ શકતી નથી. જો માયિક પદાર્થનું જ્ઞાન અનુમાન દ્વારા યથાર્થ રીતે સમજી શકાતું ન હોય, તો ભગવાનનું ધામ અને ભગવાન, બન્ને અમાયિક (દિવ્ય) છે, તે સાંભળવા માત્રથી જ તેનો નિશ્ચય કઈ રીતે થઈ શકે ? આવું વિચારીને શ્રીહરિએ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી જ અપરમપાર કરુણા કરી. અને સમાધિમાં પોતાનું સંપૂર્ણ ધામ દેખાડવા લાગ્યા. અને હરિભક્તોના હિતને માટે જ તેમણે બધા જ લોક અપવાદોને સહન કર્યા. ભૂમિ લોકોના અપાર અપરાધોને સહન કરે છે તે રીતે જ શ્રીહરિએ આસુરી તત્ત્વોના અપરાધોને સહન કરીને આ વખતે વિચરણ કર્યું. સમર્થ હોવા છતાં જે સહન કરવું, તેજ આશ્ચર્યકારી વાત મનમાં ધાર્યા જેવી છે. "અનેક જીવોનું કલ્યાણ કરવું." આ એક ગુણ શ્રીહરિમાં નિશ્ચળ છે અખંડ છે. બીજામાં તો તે ગુણ આવ્યો-ગયો હોય છે. તે સિવાયના બીજા ગુણ તો પોતાની રુચિ પ્રમાણે હોય છે. આવું સમજીને પરમ દયાળુ શ્રીહરિએ લોકોના ઉપર અપાર કૃપા કરી છે. પોતાનું જે અનંત ઐશ્વર્ય છે તેને સ્વેચ્છાથી દેખાડતા. શ્રીહરિની કૃપાથી અનંત નર અને નારીઓને જે સમાધિ થાતી તે સમાધિ કદાચ કોઈ અષ્ટાંગ યોગ સાધીને મરી જાય તો પણ થઈ શકે નહિ.

શ્રીહરિની અપાર કરુણાથી આબાળવૃદ્ધ નરનારીઓ બધા જ મહાન સિદ્ધ ગતિને પામ્યા અને સમાધિમાં સ્વતંત્ર થયા. શ્રીહરિના પ્રતાપના બળથી હરિભક્તોના ટોળે ટોળા અનાદિ મહામુક્તોના જેવા સમાધિમાં અવિચળ અને સ્વતંત્ર થયા. શ્રીહરિ જે સમાધિ કરાવતા હતા તેના પ્રભાવથી આ દુનિયામાં જે જોગી થઈને ફરતા હતા. જે જતિ (યતિ) કે સતી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા તે બધા ખુવાર થઈ ગયા. અને નાટક ચેટકનો પણ રતીભાર જેટલોએ ભાર રહ્યો નહિ. કોઈ યોગસાધના કરીને પ્રાણાયામથી શરીરને તજી દે કે યોગના ઐશ્વર્યથી લાંબા સમય સુધી શરીરમાં સ્નેહપૂર્વક રહે. તેમના કરતા પણ શ્રીહરિના આશ્રિત અધિક સ્વતંત્ર થયા હતા અને શ્રીહરિના પ્રતાપથી મનચાહી ગતિને પામતા હતા. સહુને એક સાથે **સમાધિ** થાતી. વિશાળ સમુદાય જોઈને લોકોને વિસ્મય થતો. તે અંગે સંક્ષેપમાં હું પ્રેમથી તે સમાધિની **શુભ રીત-ભાત** કહું છું.

અપરમપાર લોકોને સમાધિ થાતી. અનાદિકાળથી મનમાં રહેલા વિકારો કે દોષો સમાધિથી ધોવાઈ જાતા. હજારોની સંખ્યામાં, જેનો કોઈ અવધિ નહિ એવા પુરુષો અને સ્ત્રીઓ અલગ અલગ પંક્તિબદ્ધ થઈને સમાધિ કરતા. તે સહુને સમાધિમાં જનપ્રતિપાલક અને ધર્મના પ્રિયપુત્ર કિશોર વયમાં રહેલા શ્રીહરિના દર્શન થાતા હતા. કોઈ સિદ્ધાસને બેસીને સમાધિ કરતા અને નાસિકાના અગ્રભાગ ઉપર મૂર્તિને સ્થિર કરતા. કોઈ પદ્માસન કરીને સમાધિમાં મન અને પ્રાણને લીન કરીને સ્થિર થઈ જતા. કોઈ વીર આસને બેસીને સમાધિનો આનંદ લેતા. તો કોઈ વજ્રાસને રહેતા. જેને સ્વસ્તિકાસન કહેવાય છે તેને લગાવીને કોઈ બેસતા. કોઈ શબાસને સમાધિમાં બેસીને ભગવાનની મૂર્તિમાં મનને મગ્ન કરી દેતા. સમાધિમાં જે ગયા હોય તેના શરીર લાકડાના જેવા પ્રાણ વગરના અને મરેલા જેવા પડ્યા હોય. આવા સમાધિનિષ્ઠો કે જે રાત દિવસ પંક્તિબદ્ધ ઘણા જ પડ્યા દેખાતા. ૨૨. ધર્મકુમાર શ્રીહરિનો મહિમા અપાર છે. કરોડો જીભથી કહેવામાં આવે તો પણ પાર પમાય તેમ નથી. શારદા અને શેષ પણ જો તે મહિમાને કહેવા માંડે તો તેઓ પણ કોઈ દિવસ તેના પારને પામી શકે તેમ નથી. જે જે લોકો શ્રીસહજાનંદ સ્વામીને શરણે આવીને સત્સંગી થયા તે બધા સિદ્ધગતિને પામ્યા અને સમાધિનિષ્ઠ થયા. તેઓ એક પળવાર પણ બહાર આવવા ચાહતા નહિ. શ્રીહરિની મૂર્તિમાં જ લીન રહેતા. તેમણે પ્રાણની વૃત્તિઓને પ્રભુપદમાં ગાઢ પ્રેમથી લીન કરી દીધી.

શ્રીહરિ કોઈ સમાધિમાં જાય પછી એક પહોર (૩-કલાક) સમય જાય ત્યારે તેને જગાડતા. કોઈને બે પહોરે જગાડતા. કેટલાકને તો બે દિવસ વીત્યા પછી જગાડતા. કોઈને તો શ્રીહરિ એક પખવાડિયે જગાડતા. કોઈકને એક મહિનો ગયા પછી જગાડતા તો કોઈકને બે મહિને જગાડતા. ક્યારેક ત્રણ મહિના પસાર થઈ ગયેલાને જગાડતા તો કોઈને ચાર માસ સમાધિમાં રહ્યા પછી જગાડતા. પ્રાણ અને ચિત્તનું આકર્ષણ

કરનારા શ્રીહરિ કેટલાકને બહુ ઝાઝે સમયે જગાડતા તો કોઈને થોડે સમયે જગાડતા. પોતાના સ્વરૂપનું અપાર સુખ તે ભક્તોને સમાધિ કરાવીને દેખાડતા હતા. સર્વ સુખનું મૂળ શ્રીસહજાનંદ સ્વામી સમાધિમાં ગયેલાની સામે નજર કરીને તેને ઉઠાડતા. અંતર્યામી તે પ્રભુ કોઈકને શબ્દ બોલીને ઉઠાડતા. કોઈને તો પોતે મનમાં સંકલ્પ કરીને જગાડે એટલે તે તરત જ પોતાના શરીરમાં આવી જતા. સમાધિમાં અનંત સુખ પામીને પછી તે અહીંના દેહના સુખને તો તુચ્છ કહીને ફરતા. શ્રીહરિની ઈચ્છાથી તેઓ બાહ્ય શરીરમાં રહેતા પણ બ્રહ્મા સુધીના લૌકિક સુખને તેઓ તુચ્છ જ માનતા. શ્રીહરિના પ્રતાપે હરિભક્તો મૂર્તિમાં પ્રાણ રાખીને આટલા બળવાન થયા હતા. જેમ મોટો મગર સાગરમાં ઊંડે બૂડ્યો રહે અને બહાર ન આવે તેમ કોઈ ભક્ત રસમય કે સારરૂપ તે અલૌકિક સુખને તજીને તે ધ્યાનથી બહાર આવવા ન ચાહે અને તે સમાધિના સુખમાંજ આનંદ માણતો રહે. ત્યારે શ્રીહરિ તેને પરાણે શરીરમાં લાવતા. ભલે તે ગાઢ સમાધિમાં લીન હોય તો પણ ધર્મના લાલ તેને જગાડી દેતા. સમાધિમાંથી બહાર આવ્યા પછી તે **અલૌકિક વાતો** કરતા. જે દૈવી જીવ હોય તેને તે વાત સાચી મનાતી પણ જે મહાપાપી આસુરી જીવ શાપિત થયા હોય તેને આ વાત મનાતી નહિ. કોઈ બ્રહ્મપુર-અક્ષરધામની, કોઈ વૈકુંઠની કે કોઈ ગોલોક ધામની સાક્ષાત દેખી હોય તેવી વાતો કહેતા. કેટલાક સમાધિવાળા ભક્તો બદરિકાશ્રમની શ્વેતદ્વીપની અને ત્યાંના અનંત મુક્તોની અને તેને મધ્યે રહેલી જે મૂર્તિ, તે બધાની વાતો આવીને કહેતા.

ત્રિલોકીની અંદર ઘણા જ મહાન **દિવ્ય સ્થાનો** છે. દેવતાઓના, મુનિઆના અને અસુરોના પણ સ્થાન છે. અહીં વર્ણન કરતા તેનો પાર આવે તેમ નથી. ત્રિલોકીમાં પ્રસિદ્ધ એવા ભગવાનના સ્થાનો છે. અત્યંત રમણીય અને તેજસ્વી છે તેનું વર્ણન સમાધિવાળા ભક્તો ખૂબજ હરખથી કહેતા. લોકાલોક પર્વતની બહાર જે સિદ્ધિઓ વાળા દિવ્ય સ્થાનો છે તેનું **વર્ણન** ભક્તો જેવું દેખ્યું હોય તેવું કરતા. સભામાં જે બીજા લોકો બેઠા હોય તે સમાધિવાળાની વાત સાંભળીને આશ્ચર્યચકિત થાતા. અનેક કોટિ બ્રહ્માંડોમાં રહેલા બ્રહ્મા, વિષ્ણુ અને શંકર, જેઓ ઘણા સુખમય છે. તેમની ક્રિયાઓ. જગતને ઉત્પન્ન કરવું, તેનું પાલન કરવું, તેનો પ્રલય કરવો, વગેરે છે. તેને સમાધિમાં દેખીને તે ભક્તો તેનું યથાર્થરૂપમાં વર્ણન કરતા. અનંત બ્રહ્માંડોમાં જેટલો વૈભવ રહ્યો છે, તેનું વર્ણન પણ ભક્તજનો કરતા. અનેક બ્રહ્માંડોની રચના, જેવી દેખી હોય તેવી સમાધિમાંથી પાછા આવીને કહેતા. પોતાના શરીર અંદરની રચના અને બ્રહ્માંડની રચના, તે બન્નેની એકતા, તેનું કોઈ વર્ણન કરતા. કોઈ ભૂગોળનું વર્ણન કરતા તો કોઈ પાતાલ પર્યન્તના સાત લોકોની વાતો કહેતા.

તે રીતે જ બ્રહ્માના સત્યલોક પર્યંત ખગોળના વિસ્તારની વાતોને કોઈક ભક્ત કહેતા. પ્રભુ **નારાયણમુનિ** તે ભક્તોની સર્વ પ્રકારની વાતોને સાંભળીને તેનો **નિર્ધાર** કરતા. પછી અંતર્યામી અને બહુનામી આવા શ્રીહરિ તેની ધારણાની પકવતા તથા અપકવતાને કહેતા. પછી જેની ધારણા પરિપક્વ થઈ હોય તેમને અલગ બેસાડતા. જે ભક્તોની ધારણા અપક્વ રહી હોય તેમને પ્રભુ શ્રીહરિ પક્વ કરવાનું સ્વયં સાક્ષાત્ શીખવતા. યોગ કલાનિધિ શ્રીહરિ પ્રાણોના સંકોચનો પ્રકાર અને વિધિ તથા નાડીઓના સંકોચનો પ્રકાર તથા વિધિ શીખવતા. પછી પક્વ થયેલો તે ભક્ત સ્વેચ્છાથી પોતાના નાડી અને પ્રાણનો સંકોચ વિકાસ તત્કાળ જ કરી બતાવતો. કાચબો જેમ બહારથી પોતાના અંગોને સંકોચી લે છે તેમ શ્રીહરિ ભક્તોને **દૃઢ અભ્યાસ** કરાવીને સંકોચ વિકાસની ક્રિયાઓ શીખવતા. પોતાના અંગોથી જીવને અને પ્રાણોને ખેંચીને અલગ કરી બતાવતા, તેમજ એક જ અંગમાં જીવ કે પ્રાણોને પરોવી દેતા. આ પ્રમાણેની બધી યોગની કળાઓને શ્રીહરિ શીખવતા. જે ભક્તને **સ્વતંત્ર ધારણા** થતી તેને પોતાના શરીરનું ભાન રહેતું નહિ. ધારણા થયા પછી તેના શરીરને કોઈ કાપે કે બાળે તો પણ તેની પીડા તેને થાતી નહિ.

### ➠ મેઘપુરમાં દેવ દિવાળીનો ઉત્સવ તથા અમોઘ ઐશ્વર્ય દર્શન.

દેવ દિવાળીને દિવસ અપાર હરિભક્તો આજુ બાજુના દેશનાં આવ્યા. તેમના ઉતારા ગામથી બહાર કરાવ્યા. ત્યાં ઘણો વિશાળ **મંડપ** કરાવ્યો તેથી છાયા સારી થઈ. મંડપની વચ્ચે સિંહાસન ગોઠવ્યું. તેના ઉપર ધર્મપુત્ર **શ્રીહરિ** વિરાજ્યા. ઘનશ્યામ સ્વરૂપ શ્રીહરિ સોનાના આભૂષણ પહેરવાથી શોભતા હતા. અનંત બ્રહ્માંડોની શોભાઓને ધારી રહ્યા હતા એટલે શોભાનો કોઈ પાર ન હતો. સિંહાસનની ચોતરફ સંતોની અપાર સભા થઈ. તે પછી અનંત હરિભક્તો બેઠા અને તેના પછી સ્ત્રીઓ બેઠી હતી. મેઘપુર ગામને નજીક પીપલાણાને માર્ગે સુંદર વિશાળ ભૂમિ છે. ત્યાં ઘણા સોહામણા વૃક્ષોની હારમાળા ઊભી હતી. કેળના બગીચા અને ફૂલના બગીચા પણ સુંદર હતા. શેરડીના વાડ પણ ચારે બાજુ હોવાથી તે ભૂમિ ખૂબજ રળિયામણી અને સુખ- સગવડવાળી લાગતી. તે ભૂમિમાં હરિભક્તોને ઉતારા કરાવ્યા. અપરમપાર શોભા બની હતી. પ્રેમરસથી તરબોળ હરિભક્તો શ્રીહરિનું યશોગાન કરતા. અને મૂર્તિમાં બધા તલ્લીન રહેતા હતા. તે સહુ ભગવાનની જ વાતો કરતા. વ્યવહાર સંબંધી વાતોને તેઓ કરતા જ નહિ. તેઓએ વ્યસનમાત્રને છોડી દીધાં હતાં, માત્ર શ્રીહરિના **દર્શન**નો જ લાભ લેતા હતા.

તે સમયે સહુ ચંદન અને પુષ્પ વગેરે લઈને શ્રીહરિની **પૂજા**

કરવા આવતા. કેટલાક સંતો વાજિંત્ર વગાડતા ત્યારે કેટલાક પગમાં ઘૂઘરા બાંધીને નાચતા. કેટલાક ભક્તો શ્રીહરિનું **ધ્યાન** કરતા. આ રીતે સહુ દિવ્ય  લાભ લેતા. કોઈ ભક્તો તો સુંદર મનોહર મૂર્તિને હૃદયમાં ઉતારતા. કોઈ પવિત્ર ભગવદ્ ભક્ત શ્રીહરિના કોઈ એક અંગને ચિત્તમાં ચિંતવીને લખી લેતો-આળેખી લેતો. જે હરિભક્તો હતા તે પણ એક એક અંગનું ધ્યાન કરીને બીજાને બતાવતા. કોઈ ભક્ત જેટલા પાળવાના નિયમ હોય તે એક એક ગણીને બતાવતા. કેટલાક ભક્ત તો શ્રીહરિના હાથમાં પોતાનો હાથ આપીને સત્સંગના નિયમો ને ધારતા. હરિભક્તો આવીને શ્રીહરિની પૂજા કરતા. પછી આગળ ભેટ મૂકતા. તે પછી શ્રીહરિના ચરણ કમળને પોતાની છાતીએ ચાંપીને બધા તાપોથી **શાંતિ** મેળવતા. ભક્તો બરફીના પેંડાના અને સાકરના થાળ ભરી ભરીને લાવતા. તેઓ જ્યારે આગળ મૂકે ત્યારે તેને જોઈને દયાળુ શ્રીહરિ હસતા. જેને જેમ ઘટે તેમ યાદ કરી કરીને પછી શ્રીહરિ પ્રસાદ અપાવતા. ક્યારેય કોઈને પ્રસાદ આપવાનું ભૂલતા નહિ. કોઈ ભક્ત ફૂલહાર લઈને પહેરાવવા આવે પણ તેને રસ્તો ન મળે ત્યારે શ્રીહરિ તેને માટે રસ્તો કરાવીને તેને પોતાની પાસે બોલાવતા.

### ➠ શ્રીહરિની ભક્તોને પ્રેમ દેવાની અલૌકિક રીતિ :

જે જે ગામના **હરિભક્તો** આવીને શ્રીહરિને પગે લાગતા ત્યારે તેમને પોતે તમારું ગામ કયું છે ? અને તમારું નામ શું છે ? તેમજ તમારી જ્ઞાતિ કઈ છે ? એમ બધું પૂછતા. તમારું ગામ અહીંથી કેટલું દૂર છે ? કઈ દિશામાં આવ્યું ? તમારા ગામમાં હરિભક્તો કેટલા છે ? અને ત્યાં કુસંગનું બળ કેવું છે ?  સત્સંગ ઉપર ભાવ કેટલાને છે ? સત્સંગનો અભાવ કેટલાને છે ? ત્યાંના લોકો અમારી બાબતમાં કેવી વાતો કરે છે ? અને તમારે ત્યાં સંતો આવે ત્યારે તેમની પાસે કેટલા લોકો સત્સંગ કરવા આવે ? તમારા ઘરમાં સત્સંગી કેટલા ? અને કુસંગી કેટલા ? શ્રીહરિના આવા વચન સાંભળીને હરિભક્તો જેવું હોય તેવું કહેતા. આવેલા હરિભક્તોને ઘટે તેવી સંભાવના પોતે રખાવતા. ગમે તેટલી પ્રવૃત્તિ હોય તો પણ સંભાવનાને ક્યારેય ભૂલી જાતા નહિ. જેને જેવા રૂપમાં બોલાવવો ઘટે તેને તેવા રૂપમાં **શ્રીહરિ** બોલાવતા. જેને જ્યાં બેસવું ઘટતું હોય તેને ત્યાં બેસાડતા. કોઈ પૂરા પ્રેમી ભક્ત હોય, સેવા કરવામાં શૂરા હોય, તો તેની પરીક્ષા કરીને સેવા કરાવવી ઘટતી હોય તેની પાસે સેવા પણ કરાવતા. ઘરમાં તે ભક્તનું ચલણ કેવું છે, તેની તપાસ કરતા. સત્સંગમાં તેની પકવતા કેવી છે, તે વ્રતમાન કેવા પાળે છે, તેને શ્રદ્ધા અને ઉત્સાહ કેવા છે. તેના સત્સંગનું અંગ દિન પ્રતિદિન વધતું કેમ રહે, આવું બધું તપાસી-જાણી જોઈને પછી તેને યોગ્ય હોય તેવી સેવા કરવાનું કહેતા તે પણ તેને મહાપદ આપવા માટે જ, બીજા કોઈ સ્વાર્થથી નહિ.

અનંત બ્રહ્માંડોના બ્રહ્મા, ભવ અને ઈંદ્ર આદિ બધા દેવો જેની સેવા કરવા માટે રાત દિવસ તત્પર રહેતા હોય તે દેવોની સામે પણ શ્રીહરિ દેખતા નહિ. અનંત બ્રહ્માંડોના દેવતાઓ સુદ્ધાં સહુના મનોરથોને પૂર્ણ કરનારા શ્રીહરિ આવા મહાન સમર્થ છે, તેને એકાંતિક ભક્તો જ ઓળખી શકે છે. જેના ઉપર એ મહાપ્રભુ કૃપા કરે તેના ઉપર અઢળક ઢળી જાય છે. સ્વયં તેને ઘેર જઈને લૂખું-સૂકું જે હોય તે માગી લે છે. કોઈ મોટા મોટા અનંત યજ્ઞોને કરે, કોઈ મોટા મોટા અનંત પ્રકારના દાન આપે, કરોડો દેવો જેની આગળ હાથ જોડીને ઊભા રહે છતાં મહાપ્રભુ શ્રીહરિ તે સહુને પોતાના પ્રેમી ભક્તની  સેવા સમાન માનતા નથી. જગતના જીવો તે મર્મને સમજી શકતા નથી. તે તો લૌકિક ધર્મને જ શ્રેષ્ઠ માને છે. માટે લૌકિક અને અલૌકિક બન્ને બાબતોને વિવેકી મનુષ્યે તપાસવી જોઈએ. કોઈ મોટો ચક્રવર્તી રાજા હોય તો પણ શ્રીહરિને તેની કાંઈ ગણતરી નથી. જેની આગળ બ્રહ્માદિ દેવોની પણ ગણતરી નથી તેની આગળ બીજો કોણ તુલ્યતા કરી શકે ? કરોડો અક્ષર આદિકને પણ જેની સેવા કરવાનો વારો આવતો નથી એવા જે શ્રીકૃષ્ણ છે તે મનુષ્ય દેહને ધારણ કરે છે. ત્યારે તેની કોઈને ખબર પડતી નથી જ્યાં બ્રહ્માદિક દેવતાઓ પણ ભૂલા પડતા હોય ત્યાં પંડિત કે પુરાણીનું તો શું લેખું ? જે આંખથી દેખતા હોવા છતાં માનતા નથી.

મોક્ષના માર્ગમાં માન કાંઈ કામ આવતું નથી. મોક્ષને માર્ગે તો તે ચાલી શકે છે કે જે નિર્માની ભક્ત હોય. જે કામી, ક્રોધી અને લોભી હોય, ધન, કુળ અને વિદ્યાનો જેને મદ હોય, જેના મનમાં હું બુદ્ધિમાન છું આવો ભારે ડોડ હોય, એ બધા ભગવાનના માર્ગમાં ખુવાર થાય છે. જે જગતના કામમાં ઉપયોગી થતા હોય તે મોક્ષના માર્ગમાં ઉપયોગી થતા નથી પણ તે તો વિઘ્નરૂપ થાય છે. મનુષ્યનો દેહ ચિંતામણિ જેવો છે, જે ચિંતવે તે સફળ થાય, પણ મોક્ષરૂપ પુરુષાર્થમાં જે મનુષ્ય દેહ ઉપયોગી ન થયો, તેને વેદો, પુરાણો અને દેવો વૃથા કહે છે.

શ્રીહરિ સર્વ સમર્થ છે. છતાં મનુષ્યભાવથી વિચરણ કરે છે.  સહુથી અધિક મહત્ત્વના આ ઉપર કહેલાં ચરિત્રને તો જે ભગવત્પ્રેમી રસિકજન હોય તેજ ઓળખી શકે છે. 'દયા' 'દયા' આમ બોલીને દયાનું રટણ તો સહુ કોઈ કરે છે પણ દયા તો એક મોટો સાગર છે. જ્યારે શ્રીહરિ પ્રકટ હોય છે ત્યારે તો તે અમૃતના પણ અમૃત હોય છે. આવા જે બ્રહ્માંડ છે તેનો વારંવાર, અનંતવાર મહાપ્રલય થઈ ગયો હશે પણ ક્યારેય આવો  અવતાર થયો હોય, એવું સાંભળ્યું નથી. શ્રીહરિ કહે, જે સ્વયં ખાઈને પડ્યો રહેતો હોય તે આ પ્રકટની અમાપ વાતનું માપ કઈ રીતે કરી શકે  ? પરોક્ષ અવતારની વાત જે જે કહેવામાં આવે તે બધી માનવામાં આવે, પણ પ્રત્યક્ષની વાત એક રતીભાર પણ કહેવામાં આવે તો તે તોપના ગોળા જેવી આકરી-વિનાશક લાગે. જે મનુષ્ય બુદ્ધિમાન હોય તેણે પોતાની બુદ્ધિનું

ખરું દૈવત આ પ્રકટની વાત સમજવામાં જ જોવું. અને બુદ્ધિમાનની રૂડી બુદ્ધિનું ફળ પણ એને જ સમજવું, કે જેનાથી પ્રકટ ઓળખાય. તે સિવાયની બીજી બુદ્ધિ તો મોક્ષમાર્ગમાં ઝેરના જેવી છે. આ આપણો જે જીવ છે તે દેવ થયો છે અને રાજા પણ થયો છે. આવા અનંત બ્રહ્માંડોના સુખોને ભોગવી ભોગવીને પણ હજી ભૂખ્યો જ રહ્યો છે. જીવે પોતાની અપાર બુદ્ધિને ચારે બાજુ દોડાવેલી છે. તે મણિ જડિત કાંચનના મહેલ પણ બનાવી ચૂકેલો છે. જીવે અનંત સ્ત્રીઓને ભોગવી છે અને અનંત પ્રકારના બધા જ રસોને પણ તે અનુભવી ચૂકેલો છે. છતાં આ જીવને અત્યાર સુધી તે ભોગોથી શાંતિ મળી નથી. જીવે આ રીતે અનંત જન્મ વ્યર્થ કરી નાખ્યા છે. જમપુરીમાં અપાર દુઃખ સહન કર્યું છે. કરોડો જન્મ વીતી ગયા છે. તેનો કહ્યે પાર આવતો નથી. તે પ્રમાણે જ જીવે લખચોરાશીના દુઃખ પણ ઘણા સહન કર્યા છે. તેનો કહેતા કહેતાએ પાર આવે તેમ નથી. આ સત્સંગ સિવાય સંતનો જોગ થઈ શકે નહિ, આ સંતો મળે તો જ ભવરોગ ટળે તેમ છે.

સંતો મુમુક્ષુ જીવના હાથને ભગવાનના હાથમાં આપે છે. એટલે દીનભાવે ભગવાનના ચરણમાં મસ્તક નમાવવું. સંતો જે કહે તે કરવું. અને પાપની વાસનાવાળી બુદ્ધિનો સંસર્ગ તજી દેવો. ઋતુના ફળ ઋતુમાં તત્કાળ આવે છે અને મળે છે ઋતુ વીતી જાય પછી તે ફળ ન મળે. તે જો પોતાના હૃદયમાં તપાસી જોવામાં આવે તો તેનો યથાર્થ પ્રકાશ થાય છે. તેનું યથાર્થ જ્ઞાન થાય છે. શ્રીસહજાનંદ સ્વામીએ જે પોતાના મુખથી વાત કહી હતી તેને મેં સાક્ષાત્ મોક્ષ થાય એટલા માટે લખી છે. આવી વાતને સાંભળીને જે પોતાના ચિત્તમાં ધારી લે છે તેને શ્રીહરિ તુરંત દર્શન આપે છે. તેમાં વાર લાગતી નથી. ત્યાં મેઘપુરમાં શ્રીહરિની મૂર્તિના જે દર્શન કરતા, તે અનંત લોકોને સમાધિ થતી. અને તેને પહેલેથી છેલ્લે સુધી પુષ્કળ પ્રમાણમાં તેજસ્વી પ્રકાશ દેખાતો હતો. સમાધિમાં ગયેલા મનુષ્યોના શરીરમાં પ્રાણ રહેતા નહિ એટલે તે બધા નિર્જીવ જણાતા શરીરોને એકના ઉપર એક એમ ઉપરાઉપરિ ખડકી મૂકતા હતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૩/૩૦ થી ૩૬માંથી સાભાર...)

## સં. ૧૮૬૦

**➠ મેઘપુરથી શ્રીજીમહારાજે સદાવ્રતોમાં ધીરજતાનો પત્ર લખાવ્યો.**

સં. ૧૮૬૦માં પીપલાણામાં ઓઝત નદીના કિનારે છ માસપર્યંત મહાવિષ્ણુયાગ અને બ્રહ્મભોજન ભગવાન શ્રીહરિએ કરાવ્યું. છ-છ મહિના સુધી ઉત્સવોની પરંપરાથી સારા પ્રદેશમાં જયજયકાર થઈ ગયો. પછી ભગવાન શ્રીહરિ પીપલાણાથી આ.સં. ૧૮૬૦ના અષાઢ સુદ એકમના **મેઘપુર** પધાર્યા. અહીં નારાયણ સોનીના ઘેર ઊતર્યા. ઘરના ફળીમાં વચ્ચે પીપળો છે તેની નીચે નારાયણ સોનીએ ઢોલિયો ઢાળી દીધો અને શ્રીજીમહારાજ તે ઉપર બિરાજમાન થયા. આખાના લાડકીબાઈ અને તેમની દીકરી રુકમાઈબાઈએ અનેક પ્રકારના ભોજનો તૈયાર કરી શ્રીજીમહારાજને જમાડી તૃપ્ત કર્યા. પછી શ્રીજીમહારાજે દેવપોઢણી એકાદશીનો સમૈયો કર્યો.

**'વળી શ્રીહરિયે વિચારિયું આપે, મુનિ જે દુરવાસાને શાપે;**
**ધર્યા છે ધરા ઉપર દેહ, તીર્થ કરવાને આવશે તેહ.**
**આંહિ રસ્તો છે દ્વારિકા કેરો, માટે આવે છે સંઘ ઘણેરો;**
**સદાવ્રત કરિયે અન્ન દેવા, મુનિ આવી ચડે અન્ન લેવા.**
**હતા સ્વામી રામાનંદ જ્યારે, આંહિ દેતા સદાવ્રત ત્યારે;**
**સદાવ્રત હતાં બીજેય ગામ, તોડ્યાં વેરાગિયોયે તમામ.**
**ફરીથે હવે સ્થાપવાં મારે, એવું ધર્મકુંવર મન ધારે;**
**મેઘપરમાં સદાવ્રત આપ્યું, ફણેણી ગામમાં પણ થાપ્યું.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૪/૧૦-૧૩)

અહીં સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ **સદાવ્રત** શરૂ કર્યું હતું. તે સદાવ્રત થોડા સમય પછી બંધ કર્યું હતું. ભગવાન શ્રીહરિએ તે **પુનઃ શરૂ** કર્યું. દ્વારિકાની યાત્રાએ જતા સારા ભારતના યાત્રિકો અહીં સદાવ્રત લેશે, જીવનમુક્તનું નામ સાંભળશે અને પ્રેરણા મળશે તો તેમના દર્શને પણ આવશે. સંસ્કાર હશે તો સાધુ પણ થશે.

ભગવાન શ્રીહરિએ મેઘપુર, લોજ, માંગરોળ, સરધાર વગેરે ગામોમાં સદાવ્રત સ્થાપ્યા અને ત્યાં સાધુઓને સેવા કરવા રાખ્યા. પરિણામ એ આવ્યું કે અન્નાર્થીઓની કતાર લાગવા માંડી. ભેખધારીઓ, બાવાઓ, વેરાગીઓ પણ આવવા લાગ્યા. તેમાં કેટલાક દ્વારિકાની જાત્રા કરવા જતા આ સદાવ્રતોનો લાભ લેતા. સદાવ્રત આપતા સાધુઓની નમ્રતા, વિવેક અને પ્રેમ જોઈને તેઓ તેમને પૂછતા : "આ સદાવ્રત કોણે બંધાવ્યું છે ?"

તેઓ કહેતા : "શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે તેમણે યાત્રાળુઓ તથા અન્નાર્થીઓ માટે આવા સદાવ્રતો બાંધ્યા છે." ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સાંભળતા જ કેટલાકના અંતરમાં પ્રકાશ થતો. અક્ષરધામની દિવ્ય મૂર્તિના દર્શન તે પ્રકાશમાં તેમને થતાં. કેવળ નામમાત્રમાં જ આવું ઐશ્વર્ય અનુભવી તેમને ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શનની ઈચ્છા થતી. તેઓ ભગવાન શ્રીહરિને ગમે તેમ કરીને શોધીને દર્શન કરવા જતા. ધામની મૂર્તિ અને પ્રત્યક્ષ મનુષ્યરૂપ મૂર્તિમાં એકતા જોતા અને પરમાત્મા પામ્યાનો આનંદ અનુભવીને ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતસમાજમાં જોડાઈ જતા. આ પ્રમાણે ભગવાન શ્રીહરિ પાસે સંતમંડળ જમા થવા લાગ્યું.

પરંતુ આની વિપરીત અસર બાવાઓની જમાતમાં થવા લાગી. દરેક જમાતના મોટા મોટા મહંત સ્વામિનારાયણના

સંતમંડળમાં જોડાવા લાગ્યા. તેમના મોક્ષભાગી ગૃહસ્થ શિષ્યો પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનું દિવ્ય ઐશ્વર્ય જોઈ આશ્રિત થવા લાગ્યા. કેવળ મોક્ષ માટે જે જે પરિશ્રમ કરતા હોય તેવા દૈવી મુમુક્ષુ જીવો કોઈ મતપંથ કે વાડામાં બંધાયેલા રહે જ નહિ. તેમની અંતર્વૃત્તિ અવિરતપણે ખોજ કરતી જ રહે છે. પ્રભુપ્રાપ્તિમાં જ તે ખોજનો અંત હોય છે. આવા તીવ્ર મોક્ષભાગીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતજનોમાં આવવા લાગ્યા.

બાવાઓને પોતાનો પંથ પડી ભાંગશે એવી દહેશત પેઠી. તેમને થયું કે, સ્વામિનારાયણે નક્કી કંઈ જડીબુટ્ટી મેળવી છે, તેથી લોકો તેમને જોઈ તેમનામાં ખેંચાઈ આવે છે. તેમની જમાતના સંતો ધર્મ પાળે છે અને લોકોને ધર્મ શું ? તે સમજાવે છે. તેઓ તપ કરે છે અને તપમાં જ પ્રભુની પ્રસન્નતા રહેલી છે તેવું અન્યને શીખવે છે. તેઓ ભક્તિ કરે છે અને 'અહં બ્રહ્માસ્મિ'ના ભ્રામક સૂત્રોની પોકળતા બહાર પડી જાય છે. આથી ભેખને બીક લાગી કે તેમનો પંથ પડી ભાંગશે. તેમણે નક્કી કર્યું : 'સ્વામિનારાયણે સ્થાપેલા સદાવ્રતો જ તોડી નાખવાં. એ સદાવ્રતો તૂટશે તો આપોઆપ તેમનો પંથ પડી ભાંગશે.'

ભગવાન શ્રીહરિને સમાચાર મળ્યા કે, સદાવ્રતો ઉપર બાવાઓના ઝુંડના આક્રમણો થાય છે. સદાવ્રત આપનાર સાધુઓને તેઓ મારે છે. તેમની કંઠી તોડી નાખે છે, જનોઈ ખેંચી લે છે, તેમની સામે સ્ત્રીઓ લાવી તેમને ભ્રષ્ટ કરવા પ્રયત્નો કરે છે, તેમની પૂજા મૂર્તિઓ આંચકી લે છે, મૂર્તિઓ તોડી નાંખે છે, સદાવ્રતમાં સંઘરેલા અન્નને વેરવિખેર કરી મનુષ્ય કે પશુના ઉપયોગમાં ન આવે તેવું નકારું કરી દે છે.

શ્રીજીમહારાજે આ સમાચાર સાંભળ્યા. તેમના દરેક કાર્યમાં સંતોની કસોટી હતી - તેઓના ધર્મની, ભક્તિની અને ધીરજની ! ભગવાન શ્રીહરિને સંતોનો એક આદર્શ સમાજ સ્થાપવો હતો. એક એક સંતનું એવું કવચ ઘડવું હતું કે તેમને શસ્ત્રો છેદી શકે નહિ, અગ્નિ બાળી શકે નહિ, પાણી પલાળી શકે નહિ. જેમને શબ્દો વેધી શકતા નથી, ક્રોધાગ્નિ બાળી શકતો નથી, આ લોકના મિથ્યા ભાવો જેમને આર્દ્ર કરી શકતા નથી તે જ સંત! તે આત્માનું મૂર્ત સ્વરૂપ!

**'પછી શ્રીજીયે પત્ર લખાવ્યા, જ્યાં સદાવ્રત ત્યાં મોકલાવ્યા;**
**અન્ન દેવા જે સાધુ રહેલા, તેને ધૈર્યના શબ્દ લખેલા.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૪/૨૬)

ભગવાન શ્રીહરિને આવા આત્મસ્થિતિવાળા સંતો તૈયાર કરવા હતા. શ્રીજીમહારાજે જ્યાં સદાવ્રત ચાલતા હતા, ત્યાં પત્રો લખી દીધા : સદાવ્રતો ચાલુ રાખવાં, ગમતું ગોવિંદનું થશે, આપણી સાધુતા વિશેષ **ઉજ્જવળ** દેખાશે.

શ્રીજીમહારાજે લખાવેલ **પત્રની નોંધ** લેતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજ** લખે છે :

**'કલ્યાણ માટે જન સાધુ થાય, તેનાં રૂડાં લક્ષણ તો જણાય;**
**ક્ષમા દયા ધીરજ ચિત્ત ધારે, ન કામ કે ક્રોધ નડે જ ક્યારે.**
**મારે લૂંટે દુર્જન ગાળ દેય, જે સાધુ સાચા સઉ સાંખી લેય;**
**કંઠી કદાપિ ખળ આવી તોડે, લડે ન સાધુ કદી તેની જોડે.**
**જે પિંડબ્રહ્માંડથી નેહ ત્યાગે, શી વસ્તુ તેને પછી સારી લાગે ?**
**જો તુંબડું પત્તર દુષ્ટ ફોડે, તથાપિ સાધુ સમતા ન છોડે.**
**સ્ત્રીને નિહાળી મન થાય કામી, કે થાય ક્રોધી અપમાન પામી;**
**કે દ્રવ્ય માટે દિલ લોભી થાય, તે સંત તો સત્ય નહીં ગણાય.**
**ક્ષમા થકી ઈશ્વર રાજી થાય, ક્ષમા થકી વિશ્વ બધું જીતાય;**
**સ્વધર્મ સચ્છાસ્ત્ર વિષે જ વાંચો, ક્ષમા તજે તે નહિ સાધુ સાચો.**
**વિનાપરાધે ખળ દુઃખ દેય, તે દુઃખ જો સજ્જન સાંખી લેય;**
**સહાયતા કૃષ્ણ કરે જરૂર, ક્ષમા તજે તો પ્રભુ જાય દૂર.**
**ભલા તણું ભૂષણ તો ક્ષમા છે, કલેશનું કારણ અક્ષમા છે;**
**ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણા પિડાય.**
**જો ચંદને શીતળતા ન હોય, કહે નહીં ચંદન નામ કોય;**
**જો ન ક્ષમા સદ્‌ગુરુમાં જણાય, સાચા નહીં સદ્‌ગુરુ તે ગણાય.**
**દ્વેષી જનોનું પણ સારું ઈચ્છે, એવી સદા સજ્જનની રીતિ છે;**
**જે શસ્ત્ર તો ચંદન વૃક્ષ કાપે, તે શસ્ત્રને તોય સુગંધ આપે.**
**જો સંતને દુર્જન મારી નાંખે, તથાપિ તે સંતપણું જ રાખે;**
**બાળે કદી ચંદનકાષ્ઠ કોય, દે તેહને તેહ સુગંધ તોય.**
**ન અન્નતુલ્યે જડીબુટ્ટી જોઈ, શ્રીકૃષ્ણ તુલ્યે નહિ દેવ કોઈ;**
**ક્ષમાની તુલ્યે નહિ કોઈ જાપ, નિંદાની તુલ્ય નહિ કોઈ પાપ.**
**ક્ષમા સ્વરૂપી શુભ શસ્ત્ર જેને, રહે ન કોઈ પણ શત્રુ તેને;**
**વિદ્યા ક્ષમા તો વશિકારણી છે, ક્ષમા વિષે શક્તિ રહી ઘણી છે.**
**જો સિંહણી દૂધ સુવર્ણપાત્રે, રહી શકે છે નહિ પાત્રમાત્રે;**
**સુપાત્રમાં તેમ ક્ષમા રહે છે, કૃપાત્રથી દૂર જવા ચહે છે.**
**છે બોબડો જે વર મૂળચંદ, બેઠો વિવાહ ધરી મૌન ફંદ;**
**બોલ્યો ખિજાવ્યા થકી કાંઈ બોલ, ત્યારે થયો તેહ તણો જ તોલ.**
**સુવર્ણને તાપ વિષે તપાવે, ત્યારે પરીક્ષા જ જણાઈ આવે;**
**અસંત ને સંત સમાન લાગે, જણાય જ્યારે બહુ માન ભાંગે.**
**કહે કવિ ધન્ય ફણીંદ્ર નાગ, ક્ષમા ધરી તે નિજ શીશ ભાગ;**
**શેષે કહ્યું શું લવરી કરે છે, સાધુ ક્ષમા દુર્ધર તો ધરે છે.**
**ઋષીશ બોલ્યા જમદગ્નિ ડાહ્યા, ક્ષમા વડે વિપ્ર અમે પૂજાયા;**
**ઐશ્વર્ય મોટું અતિ એવડું છે, ક્ષમા વડે તે અમને જડ્યું છે.**
**શોભે પ્રભા સૂરજકેરી જેવી, વિદ્યા તથા લક્ષ્મી ક્ષમાથી તેવી;**
**ક્ષમા થકી શ્રીહરિ રાજી થાય, ક્ષમાનું સામર્થ્ય કહ્યું ન જાય.**
**ક્ષમા વિષે વીર્ય ઘણું રહે છે, અશક્ત તેને અબુધો કહે છે;**
**ક્ષમા વડે વિશ્વ સુવશ્ય થાય, ક્ષમા વડે સ્વાર્થ બધા સધાય.**
**રાખે નહીં જે મનમાં ક્ષમાને, તે પાપી થૈ પાપી કરે બીજાને;**
**સશક્તને ભૂષણ તો ક્ષમા છે, અશક્તને તે ગુણ શ્રેષ્ઠતા છે.**
**ક્રોધે કરી જે જન ગાળ દે છે, સત્કર્મ તેના સઘળાં બળે છે;**
**જે ગાળ સાંખે અઘ તેનું જે છે, તે ગાળ દેનાર જ ભોગવે છે.**
**ક્ષમા રાખજો ધીરજ ધારી, રક્ષા કરશે શ્રીકૃષ્ણ તમારી;**
**રાખજો પ્રભુનો વિશ્વાસ, કદી ઉરમાં ન થાશો ઉદાસ.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૪/૨૭-૪૯)

ભગવાન શ્રીહરિએ સદાવ્રતો આપતા સંતો ઉપર **ધીરજતા** અને ક્ષમા રાખવા વિષે **પત્ર** લખાવી મોકલ્યો. શ્રીજીમહારાજે વિચાર્યું કે, સત્સંગ વિના, શુદ્ધ જ્ઞાનની સમજણ વિના, મુમુક્ષુતા હોવા છતાં ભોળા ભાવના લોકો ભેખમાં ભરમાય છે. તેમને જ્ઞાન આપવું, સત્સંગના રંગે રંગવા જેથી શબ્દના અર્થ સમજતા શીખે અને સત્ તથા અસત્‌નો વિવેક અંતરમાં સ્થપાય.

શ્રીજીમહારાજ મેઘપુરમાં બિરાજમાન હતા. એક **રવજી** નામે **વિપ્ર** હતો. તે દેણદાર હતો, તેથી તેના લેણદારે બહુ ઉપાધિ કરી હતી. જેને લઈને તે અકળાઈ જઈને ઝેર ઘોળીને મરવા તૈયાર થયો હતો. પરંતુ ભગવાન શ્રીહરિ મેઘપુરમાં બિરાજતા હતા એટલે તેમને વિચાર થયો કે, 'એકવખત સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરીને મારું દુઃખ વ્યક્ત કરું.' એમ વિચાર કરીને તે ભગવાન શ્રીહરિ પાસે આવીને તેમણે પોતાની મૂંઝવણ જણાવી. રવજીનું દુઃખ સાંભળી શ્રીજીમહારાજે તેને દ્રવ્ય આપીને કરજમાંથી મુક્ત કર્યો. તેથી તે રવજી બ્રાહ્મણ ભગવાન શ્રીહરિનું શરણ સ્વીકારી આશ્રિત થયો.

'तत्रैव रवजित्संज्ञमृणदुःखार्दितं द्विजम् ।
दृष्ट्वा भूरि धनं तस्मै दत्त्वाऽमोचयदापदः ।।'

(શ્રી સત્સંગિજીવન : ૨/૯/૨૯)

**➠ લાડકીબાઈને સમાધિમાંથી પાછા લાવ્યા.**

મેઘપુરના ભાટ **અમરસિંહ** રામાનંદ સ્વામીના શિષ્ય હતા. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી તેમણે પણ રામાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે ભગવાન શ્રીહરિને ગુરુ તરીકે સ્વીકારી લીધા. મહાપ્રભુ શ્રીહરિની વય નાની હતી, છતાં પ્રતાપ જબરો હતો. રામાનંદ સ્વામી પોતે જ કહેતા કે 'હું તો ડુગડુગીનો વગાડનારો છું. વેશના ભજવનારા તો હવે પછી આવશે.' આ સહજાનંદ સ્વામી તે વેશના ભજવનારા હતા તેમ તેમણે ઓળખાવ્યા હતા. પણ ભાવિક ભક્તોને તો ગુરુઆજ્ઞા સદા શિરોમાન્ય હોય છે. તેથી અમરસિંહ ભાટને ભગવાન શ્રીહરિ વિષે સાચો **ગુરુભાવ** થઈ ગયો. તેની પુત્રી લાડકીબાઈને પણ સમાધિ થતી એટલે તેને પણ શ્રીજીમહારાજ વિષે **ભગવાનપણા**નો ભાવ હતો.

જેઠાભાઈ તથા જીવરામ વિપ્ર, સોની રણછોડ અને નારાયણ, માનજી, રવજી, સામતભાઈ, શવદાસ કુંભાર તથા નંદુ ભાટ વગેરે સત્સંગીઓને રામાનંદ સ્વામીમાં જે ભક્તિનિષ્ઠા હતી તેવી જ ભગવાન શ્રીહરિમાં પણ હતી. શ્રીજીમહારાજને પણ આવા ભક્તિનિષ્ઠાવાળા સત્સંગીઓની જ વિશેષ પડી હતી.

લાડકીબાઈને સમાધિમાં ભગવાન શ્રીહરિના દિવ્ય સ્વરૂપે દર્શન થયા હતા. તે દર્શનથી તેનું ચિત્ત હિલોળે ચડ્યું હતું. તે દિવ્ય સ્વરૂપની ઝાંખી તેને મહાપ્રભુ શ્રીહરિના મનુષ્ય સ્વરૂપમાં જેમ જેમ થવા લાગી તેમ તેમ તેના અંતરમાંથી આ લોકની કામનાઓની ઈચ્છા ટળતી ગઈ. તેની સર્વ કામનાઓનું સ્વરૂપ ભગવાન શ્રીહરિ બની ગયા. તે જ કમનીય, ચિંતનીય મૂર્તિ તેને વરણીય થઈ ગઈ!

અમરસિંહને લાડકીબાઈમાં ફેરફાર જણાવા લાગ્યો. તેણે શ્રીજીમહારાજને કહ્યું : "હે મહારાજ ! આ લાડકી હવે સંસાર માંડે તેમ કહો."

ભગવાન શ્રીહરિ આ સાંભળી હસ્યા. સંસારમાં આવ્યા એટલે સંસાર તો માંડવો જ રહ્યો. પણ સંસાર તો સરતો જ રહે છે, અંતે સરી જાય છે. છતાં તે કરવો ગમે છે એવો તેનો મોહ છે. શ્રીજીમહારાજે લાડકીબાઈને બોલાવીને કહ્યું : "લાડકી ! હવે ઘર માંડી લે. ઉંમર થઈ છે!"

શ્રીજીમહારાજની આ વાત લાડકીબાઈને જાણે ઝાળ લાગી હોય એવી વસમી લાગી. તેઓ જાણતા હતા કે બાપુએ ભગવાન શ્રીહરિને આવું કહ્યું છે. તેણે મોં સંતાડીને શ્રીજીમહારાજને કહ્યું : "મહારાજ ! મારે પરણવું નથી."

તરત જ ભગવાન શ્રીહરિએ કહ્યું : "સંબંધીજનો તને પરાણે પરણાવશે તો શું બળ કરીશ ?"

ત્યારે લાડકીબાઈ કહે : "હું દેહનો ત્યાગ કરી દઈશ પણ પરણીશ તો નહિ જ."

આ સાંભળી શ્રીજીમહારાજ મંદમંદ હસવા લાગ્યા ને કહ્યું : "દેહ મેલવો તે કંઈ તારા હાથમાં છે ? તે મુકાવવો તે તો અમારા હાથમાં છે."

ત્યારે લાડકીબાઈ હઠયોગે કરીને પોતાના નાડીપ્રાણ ખેંચવા લાગ્યા. તે વખતે શ્રીજીમહારાજે તેના નાડીપ્રાણ કંઠે આવતા અટકાવી દીધા ! લાડકીબાઈએ દેહ મૂકવા ઘણા પ્રયત્ન કર્યા પણ કેમે કરીને દેહ મુકાણો નહિ ને જીવ હૃદયમાં પાછો પણ આવે નહિ ને કંઠમાં જ રહ્યો ! ભગવાન શ્રીહરિએ એને સમાધિમાં પ્રાણના સ્થાનો અને દેવતાઓ તથા પિંડ-બ્રહ્માંડની રચનાઓ સઘળું દેખાડ્યું. અતિશય તેજ જોઈને લાડકીબાઈ ચીસો પાડવા લાગી ને બે હાથ જોડીને શ્રીજીમહારાજની સ્તુતિ કરવા લાગી કે, "હે પ્રભુ ! બ્રહ્માંડ ફાટી જાય એવા ભયંકર નાદ કડાકા થાય છે, તેજના સમૂહ દેખાય છે. હું બળું છું... મારી રક્ષા કરો."

ત્યારે ભગવાન શ્રીહરિએ સમજાવ્યું કે, "તારું સ્વરૂપ તો આત્મા છે દેહ નથી. ને આ લાડકીબાઈ નામને ભાટનો દેહ તે તું નથી ને અચ્છેદ્ય અભેદ્ય એવો જે આત્મા તે તારું સ્વરૂપ છે." શ્રીજીમહારાજે તેના જીવને હૃદયમાં જવા દીધો ત્યારે લાડકીબાઈ શાંતિને પામ્યા ને રાજી થઈ બોલ્યા : "હે મહારાજ ! આપ તો પુરુષોત્તમ નારાયણ છો તે આપને કોઈ પહોંચે નહિ ને આપની કળા કોઈથી કળાય તેમ નથી." એ પ્રાર્થના સાંભળીને શ્રીજીમહારાજ અતિ રાજી થયા. અને આજ્ઞા કરી કે ભલે બ્રહ્મચર્ય પાળીને સાંખ્યયોગી રહો. ભગવાન શ્રીહરિ તો જાણતા

હતા કે લાડકીબાઈ અમને જ સમર્પિત થઈ ચૂકી છે.

➡ એકવખત **લાડકીબાઈ** શ્રીજીમહારાજ દર્શન કરવા **ગઢપુર** ગયા હતા. શ્રીજીમહારાજ પ્રત્યેના અપાર પ્રેમને લઈને તેમની ઈન્દ્રિયો સદા ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં જોડાયેલી રહેતી. ગઢપુર આવ્યા, મહારાજના દર્શન કર્યા અને તરત જ તેને સમાધિ થઈ. સમાધિમાં તેને સમુદ્રમાં ભરતીના ભયંકર મોજાં આવે તેવા પ્રકાશના મોજાં દેખાયા. વળી, જાણે હમણાં બ્રહ્માંડ ફાટી જશે એવા નાદના ગડગડાટ પણ સંભળાયા. આથી લાડકીબાઈ સમાધિસ્થ અવસ્થામાં બોલવા લાગ્યા : "હે મહારાજ! બળું છું, બળું છું. મને ઉગારો."

તેના આ શબ્દો સાંભળી જીવુબા, લાડુબા અને અન્ય બાઈઓ ધ્રૂજી ગઈ. જીવુબાએ શ્રીજીમહારાજને પૂછ્યું : "મહારાજ! આ લાડકીબાઈને શું થાય છે?"

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : "જ્યારે ભગવાનનો ભક્ત જાગ્રત અવસ્થામાંથી સમાધિ અવસ્થામાં જાય છે, ત્યારે જો તેને આત્મામાં સ્થિતિ ન થઈ હોય તો અવકાશમાં અનંત બ્રહ્માંડો તથા ગ્રહોની ગતિને લઈને થતા નાદ સાંભળી અને પ્રકાશના મોજા જોઈ તે ડરી જાય છે. અર્જુન જેવા શૂરવીર પુરુષ પણ વિશ્વરૂપ જોઈ શક્યા નહીં અને ભગવાનને પ્રાર્થના કરી કે, તમારું સૌમ્ય મનુષ્ય સ્વરૂપ મને બતાવો. તો આ બીચારી લાડકીબાઈનું તે શું ગજું?" એટલું કહીને ભગવાન શ્રીહરિએ સમાધિસ્થ લાડકીબાઈને કહ્યું : "તું સમાધિમાં જેમ જેમ ઊંચા સ્થાનકે ગતિ કરે છે, તેમ તેમ તે તે સ્થાનમાં તારું સ્વરૂપ તું જો અને આત્મા અછેદ્ય, અભેદ્ય છે. અગ્નિ તેને બાળી શકતો નથી, પાણી તેને પલાળી શકતું નથી."

લાડકીબાઈને તો કેવળ શ્રીજીમહારાજની કૃપાથી જ જુદા જુદા લોકમાં સમાધિસ્થ અવસ્થામાં ગતિ થઈ હતી. પરંતુ આત્માના સ્વરૂપમાં સ્થિતિ થઈ ન હતી એટલે તેની આ બળતરા અને બીક મટ્યાં નહીં. તેથી મહારાજે કહ્યું : "ભગવાનની કૃપાથી જ જેને સમાધિ થતી હોય તેને પણ આત્મજ્ઞાનની તો જરૂર પડે જ, નહીં તો સમાધિમાં આ પ્રકારના નાદ અને પ્રકાશથી તે ડરી જાય છે." (સંદર્ભ-વચનામૃત : ગ.પ્ર. ૨૫)

**➡ ભાટ કરસનજી પાસે કુરાનના કલમા પઢાવ્યા.**

સંધ્યાટાણે **શ્રીજીમહારાજ** ગામને ચોરે સંત-હરિભક્તો સાથે પધાર્યા. ગામનો ચોરો સંધ્યાટાણે ગાજતો હોય, કારણ ત્યાં **રામજી મંદિર** હોય. આરતીટાણે સૌ ત્યાં ભેગા થાય - આબાલ-વૃદ્ધ સૌ કોઈ. બાવાજી આરતી ઉતારે, છોકરા ઝાલર અને નગારાં વગાડે અને પ્રસાદીમાં બાવાજી શ્રીફળની શેષ આપે. આ શેષના લોભે આરતીમાં છોકરા આવતા. જુવાનો જુવાનીની આંધી ચડાવવા આવતા અને ઘરડાને તો ઘરમાં માણસ જ દેખાતા ન હોય એટલે અહીં મેદની ભાળી રહ્યાસહ્યા જીવનને કોળવી વધુ જીવવાને વેગ લગાડી દેવા આવતા હોય. એમ ચોરે અવનવા રંગો દેખાતા. ભગવાન શ્રીહરિને મેદની જોઈને આનંદ થતો. કોઈને પણ જો પોતાનો રંગ ચડી જાય તો તેનું કામ થઈ જાય, તેમ સમજી ભગવાન શ્રીહરિ અહીં આવ્યા હતા.

આરતી પછી ભગવાન શ્રીહરિ ત્યાં બિરાજમાન થયા. બાજુમાં સંતો બેઠા. સામે હરિભક્તો ને ગામના લોકો પણ બેઠા. શ્રીજીમહારાજ તેમને સૌને વાતો કરતા હતા. એટલામાં ત્યાં એક ફકીર આવ્યો. તેણે ભગવાન શ્રીહરિનું નામ સાંભળ્યું હતું. લોકો તેમને ભગવાન કહે છે એવું સાંભળ્યું હતું. તેણે પાસે આવી તરત જ કહ્યું : "તમે ખુદા છો? ખુદા હો તો મને **પરચો** બતાવો." લોકો માનતા હોય છે કે જે પરચો બતાવે તે ભગવાન કહેવાય.

ત્યારે ભગવાન શ્રીહરિએ તેને પૂછ્યું : "તમે શું ભણ્યા છો?" ફકીરે કહ્યું : "હું કુરાન ભણ્યો છું."

એટલે શ્રીજીમહારાજે અમરસિંહના દીકરા કરસનજીને પાસે બોલાવી ફકીરને કહ્યું : "આ અમારો કરસનજી પણ કુરાન ભણ્યો છે. તમારે પૂછવું હોય તો પૂછો."

ફકીરને આ સાંભળી આશ્ચર્ય થયું : 'આટલો નાનો હિંદુનો છોકરો કુરાન ભણ્યો છે!' તે હસવા લાગ્યો.

ભગવાન શ્રીહરિએ કરસનજીને કહ્યું : "આ ફકીરને **કુરાન** સંભળાવ."

કરસનજી તરત જ બોલ્યો : "ફકીરસાહેબ! તમારું નામ શું?" ફકીરે કહ્યું : "અબડાશા."

ત્યારે કરસનજીએ કહ્યું : "મારું નામ ખલબલશા છે." એટલું કહીને તે કુરાન બોલવા માંડ્યો.

ચોરામાં સૌ બેઠા હતા તેમને સૌને આ કરસનજીને કુરાન બોલતો સાંભળી આશ્ચર્ય થયું! અહીં રોજ નગારું વગાડવા આવનાર આ ભાટનો છોકરો કુરાન ક્યારે ભણ્યો? ફકીર પણ નાનકડા કરસનજીને કુરાન બોલતો સાંભળી તેની સામે મીઠી નજરે જોઈ રહ્યો. થોડીવારે તે કુરાન બોલતો અટક્યો ત્યારે તે ફકીર ભગવાન શ્રીહરિના પગમાં પડી ગયો. તેણે શ્રીજીમહારાજને કહ્યું : "અહો! તમે તો સાક્ષાત્ ખુદા છો. આ કરસનજી કુરાન નો'તો બોલતો પણ તમે બોલતા હતા."

મહાપ્રભુ શ્રીહરિ તેનો ભાવ જોઈ હસ્યા. પછી ફકીરે કહ્યું : "મને તમારે શરણે લ્યો અને તમારા નિયમ આપો."

શ્રીજીમહારાજે તેને નિયમ આપ્યો અને કહ્યું : "દારૂ ન પીશો, માંસ ન ખાશો, ચોરી અને વ્યભિચાર ન કરશો. આટલું કરશો અને અમને સંભારશો તો તમારું કલ્યાણ કરીશું."

અબડાશા ફકીર કૃતકૃત્ય થઈ ગયો. ચોરે બેઠેલાઓને આ કૌતુક લાગ્યું. ભગવાન શ્રીહરિ મોડી રાત્રે ઉતારે પધાર્યા.

**➡ છ માસપર્યંત બ્રાહ્મણોની ચોરાશી કરી.**

**'પછી સોરઠમાં આવ્યા, મેઘપુરમાં વિપ્ર જમાવ્યા;**

**રાખ્યા બ્રાહ્મણને ષટ માસ, જમિ જમિને થયા ઉદાસ.'**
(ભક્ત ચિંતામણી : ૫૦/૨૭-૨૮)

મેઘપુરમાં શ્રીજીમહારાજ **લાડકીબાઈ** ભાટને ત્યાં પધાર્યા અને ફળિયામાં ખાટલો નાખી બિરાજમાન થયા હતા. તે વખતે લાડકીબાઈ ભગવાન શ્રીહરિ સારુ થાળ લાવ્યા. તે થાળ જમવા મહારાજ પાટ ઉપર બેઠા હતા. તે વખતે ત્યાં વિવાહ હોવાથી સોપારી વહેંચાતી હતી. એટલે ભગવાન શ્રીહરિને તથા સત્સંગીઓને પણ સોપારીઓ વહેંચવામાં આવી. શ્રીજીમહારાજને ચરણે સોપારીઓ મૂકવામાં આવી ત્યારે ભગવાન શ્રીહરિ સોપારીઓને હાથ વડે ફેરવવા લાગ્યા અને બોલ્યા : "આ પ્રસાદીની સોપારીઓ કોણ લેશે ?"

બધા લેવા તૈયાર થયા. એટલે ભગવાન શ્રીહરિએ કહ્યું : "જે ભેટ મૂકે તે લે."

પછી બધા ચડવા માંડ્યા. તે એક કોરીથી ચડતાં ચડતાં પચાસ કોરી સુધી ચડ્યા. ત્યારે પીપલાણાથી આવેલા નરસિંહ મહેતા ત્યાં બેઠેલા, તેઓ સો કોરી સુધી ચડ્યા.

ભગવાન શ્રીહરિ કહે : "મહેતા ! એક સો કોરી રહેવા દો પણ આ **મેઘપુર** ગામમાં અમારે એક બ્રાહ્મણોની **ચોરાશી*** કરવી છે. માટે આ સત્કર્મમાં સીધા-સામગ્રીની કોઈ વ્યવસ્થા કરે તો તેનું વ્યવહારિક ખર્ચ જે થશે તે અમે આપી દઈશું. તે સીધું જે થાય તે તમારા નામે ખરીદીશું."

(આખાના વિપ્ર લાડકીબાઈને **રુકમાઈ** નામે એક દીકરી હતા. તેના લગ્ન પીપલાણાના વિપ્ર નરસિંહ મહેતાના ભાઈ **નારણ મહેતા** સાથે થયા હતા. પરંતુ થોડા જ વર્ષમાં નારણભાઈ અક્ષરવાસી થયા. તેથી રુકમાઈબાઈ વિધવા થયા. પોતાના પતિ અક્ષરવાસી થયા પછી થોડા વર્ષો બાદ રુકમાઈબાઈએ પોતાના પતિની મિલકતના વારસાની માગણી નરસિંહ મહેતા પાસે કરી અને આ બાબતની વાત તેના પરિવારના આગેવાનોને પણ તેમણે કરી હતી. પરંતુ નરસિંહ મહેતાએ તેને કાંઈ આપ્યું જ નહિ. તેથી રુકમાઈબાઈએ તથા તેમના માતુશ્રી લાડકીબાઈએ આ બાબતની વાત ભગવાન શ્રીહરિને કરી હતી. તે સાંભળી શ્રીજીમહારાજે કહ્યું : "નરસિંહ મહેતા સીધી રીતે તો તમને મિલકતમાંથી ભાગ આપશે નહિ, પરંતુ તમારા **ભાગ નિમિત્તે** નરસિંહ મહેતા દ્વારા તમને જે પૈસા મળે તે પૈસા ધર્માદા-સત્કાર્યમાં વાપરવાનું તમે નક્કી કરો, તો અમે કુનેહથી તેની પાસેથી તમારો વારસો મેળવીએ અને તે પૈસા વડે સત્કર્મો કરીએ." ત્યારે રુકમાઈબાઈએ કહ્યું : "મહારાજ ! મારા પતિનો પૈસો ધર્માદામાં વપરાય એવી જ મારી ઈચ્છા છે અને માટે જ હું મિલકતમાંથી ભાગ માંગું છું. મહેતા પાસેથી મારો ભાગ વસૂલ કરીને તે પૈસો સત્કર્મમાં વાપરો, આ બાબતનું પાકું લખાણ તમને અમે કરી આપીએ." એમ કહીને રુકમાઈબાઈ અને લાડકીબાઈએ આ બાબતનું લખાણ કરાવી, પોતાની અને વડીલોની તથા સાક્ષીઓની સહીઓ કરી, તે લખાણ ભગવાન શ્રીહરિને આપ્યું હતું.)

નરસિંહ મહેતા સહમત થયા. તેમને એમ કે મહારાજ કેટલાક બ્રાહ્મણોને જમાડશે ! પરંતુ ભગવાન શ્રીહરિએ તો મોટા પાયા ઉપર **ચોરાશી**નું મંડાણ કર્યું. જ્ઞાનયજ્ઞ અને બ્રહ્મભોજનની શરૂઆત કરાવી. આ જ્ઞાનયજ્ઞ અને બ્રહ્મચોરાશી છ મહિના સુધી ચાલી. ચોરાશી પૂર્ણ થઈ ત્યારે શ્રીજીમહારાજના કહેવાથી આનંદાનંદ સ્વામીએ અને બ્રાહ્મણોએ છેલ્લે દિવસે નરસિંહ મહેતાની જય બોલાવી.

તે જયધ્વનિ સાંભળીને નરસિંહ મહેતાના કાન ચમક્યા ! ભગવાન શ્રીહરિને તેમણે કહ્યું : "મહારાજ ! આ બધા મારી જય શા માટે બોલે છે ? જય તો રામાનંદ સ્વામીની અને તમારી જ બોલાય, બીજાની નહિ."

ત્યારે શ્રીજીમહારાજ કહે : "મહેતા ! એ લોકો જે જય બોલે છે તે બરાબર છે, કારણ કે જેનું ભોજન જમ્યા, જેની દાન-દક્ષિણા લીધી તેને જ આશીર્વાદ આપ્યાં છે અને તેની જય બોલાવી છે, તેમાં તેમણે ખોટું શું કર્યું ?"

નરસિંહ મહેતાએ કહ્યું : "મહારાજ ! પ્રથમ તમે કહેલું કે સીધા-સામગ્રીનો જે ખર્ચ થશે તે હું આપીશ અને હવે તમે બોલીને ફરી જાઓ અને આ ખર્ચ મારી ઉપર નાખો એ તો અન્યાય કહેવાય. આ ખર્ચ તો તમારે જ આપવું પડશે."

ત્યારે ભગવાન શ્રીહરિ કહે : "અમે વચન બોલ્યા છીએ તે પ્રમાણે જ વર્તીશું અને તમે જે ખર્ચ કર્યો છે તે અમે આપીશું. પરંતુ તમારી જે મજિયારી મિલકત છે તેમાંથી તમારા ભાઈ નારણભાઈની પત્ની રુકમાઈ જે પોતાનો ભાગ માંગે છે, તે ભાગના જે પૈસા આવે તે તમારી પાસેથી વસૂલ કરીને પોતાના પતિની પ્રસન્નતા માટે સત્કાર્યમાં વાપરવા આ પ્રકારનું લખાણ તેમણે અમને કરી આપ્યું છે. માટે તેના ભાગના જે પૈસા થાય તેટલું ખર્ચ જો આ કાર્યમાં થયું હોય તો અમારે તમને કશું જ દેવાનું રહેતું નથી અને તેથી વધારે ખર્ચ થયો હોય તો તમને આપી દઈએ." એમ કહીને નરસિંહ મહેતાની જ્ઞાતિના અને સમાજના આગેવાનોને બોલાવીને તેઓની રૂબરૂમાં ભગવાન શ્રીહરિએ રુકમાઈ બાઈનો પત્ર નરસિંહ મહેતાને વાંચી સંભળાવ્યો.

નરસિંહ મહેતા કહે : "અરે ! આ તો ગજબ થયો. ઊઠ, ઊઠ કલ્યાણિયા ! આ તો કપટ કરીને બલિરાજાનું સર્વસ્વ લઈ લીધું એ જ છે."

➠ મેઘપુરમાં ભગવાન શ્રીહરિએ બ્રહ્મચોરાશી કરી તે દરમ્યાન હંમેશાં પીપલાણાના આહીર **ઉકાભક્ત** શ્રીજીમહારાજના દર્શન કરવા દરરોજ મેઘપુર આવતા. તેને મહારાજ પોતાના થાળની પ્રસાદી રાખી મૂકી હોય તે જમાડે. આ

ઉકા ભક્તને અંધારાનું આવરણ નહોતું. ઘરમાં અંધારાની અંદર સોઈ મૂકી હોય તો તે પણ લાવી આપતા. જેમ અમદાવાદવાળા ડોસાભાઈને પૃથ્વીનું આવરણ નહોતું તેથી ભીંત સોંસરા ચાલ્યા જતા ને ઘરમાં પૂરી રાખ્યા હોય તોપણ બહાર નીસરી આવતા તેવા આ ઉકા ભક્ત હતા.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૧, વાત ૧૬૪ના આધારે...)

## શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં પૂર - ૧૦માં ભગવાન શ્રીહરિએ મેઘપુરમાં કરેલ બ્રહ્મચોરાશીનું વર્ણન

**➠ તરંગ - ૧૯ : ચોરાશી અંગેનો વિચાર કર્યો, થાળ જમ્યા અને સહુને જમાડ્યા.**

ભાડેરના રાજા વાઘજીભાઈ સારા હરિભક્ત હતા. તે શ્રીહરિની સન્મુખ આવ્યા અને ચરણમાં પડ્યા. ગોકુળદાસ નામે વેરાગી પણ સારા હરિભક્ત હતા. તેને શ્રીહરિ ઉપર અપાર હેત હતું. તેણે પણ શ્રીહરિનાં દર્શન કરીને ફૂલનો હાર પહેરાવ્યો. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને શ્રીહરિને પુરમાં પધરાવ્યા. પુરજનો પણ ઘણા હેતથી શ્રીહરિનાં દર્શન કરવા માટે આવીને બજારમાં ઊભા હતા. સહુ શ્રીહરિને પગે લાગતા. શ્રીફળની ભેટ મૂકતા અને ઘણાં ઊંચા ભાવથી ફૂલના હાર પહેરાવતા હતા. ગામ ધણી દરબારે અત્યંત ભક્તિ ભાવથી શ્રીહરિને રાજદરબારમાં પધરાવ્યા. અને જે સારાં નવાં મકાન કરાવી રાખ્યાં હતાં તેમાં ઉતારો કરાવ્યો. જ્યાં ઉતારો હતો ત્યાં સુંદર નવરંગ પલંગ બિછાવ્યો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. બીજા સહુ સંત હરિભક્તોને પણ યથાયોગ્ય ઉતારો આપ્યો. ભવનની આગળના સુંદર ચોકમાં પાણી છંટાવી દીધું. તેમાં સંતો અને દરબારોની સભા થઈ. પાર્ષદોએ ભીંજવેલા વિરણના પંખા લીધા. કારણ કે શ્રીહરિને તાપ બહુ લાગતો હતો. એટલે તે પંખાના પવનથી થોડી શાંતિ થાતી હતી. દરબાર વાઘજીભાઈ શ્રીહરિની પાસે બેઠા. આજ મનમાં ઘણો જ ઉમંગ હતો. તેમણે જ્યાં જ્યાં સત્સંગમાં ફર્યા તે અંગેના બધા સમાચાર શ્રીહરિને પૂછ્યાં. એ સમયે મેઘપુરથી અમરસિંહ ભાટ ત્યાં આવ્યા. તેઓ બધા **હરિભક્તો**ને સાથે લઈને આવ્યા હતા. કારણ કે શ્રીહરિને ઉત્સાહથી **મેઘપુર** લઈ જવાના હતા. તેઓ આવીને શ્રીહરિના પગમાં પડ્યા અને જે શ્રીફળ લાવ્યાં હતાં તે આગળ ભેટ મૂક્યાં.

મેઘપુરના હરિભક્તોને શ્રીહરિએ પોતાની પાસે બેસાડ્યા અને તેમની **સંમતિ** પૂછી. આ વેળાએ તમારાં ગામમાં બ્રાહ્મણોને જમાડવાનું અમે વિચાર્યું છે. તમારાં દિલમાં જે ભાવના હોય તે ખરેખર બોલી જાઓ. એટલે અમને ખબર પડે. કાંઈ ઉપાધિ થાય એવું હોય તો પણ અમને અત્યારે પહેલા જ કહી દો. હું જે બ્રહ્મભોજન કરાવું છું તે અસુરોથી સહન થાતું નથી. પુણ્યને માટે તો વિપ્રોને જમાડીએ છીએ. અને તેઓ તો પુણ્ય કાર્યનો પણ નાશ કરે છે. અમે સાધુ છીએ. અમારાથી અસુરોનો કાંઈ પ્રતિકાર થાય નહિ. એટલે ઉપાધિથી ડરીએ છીએ. જ્યાં થોડી એવી પણ ઉપાધિ થાય, એવું કામ અમે કરવા ચાહતા નથી. કરોડવાર પૂછીને અમે કોઈ કામ આરંભીએ છીએ પણ તે પુણ્ય કાર્યમાં કોઈ ઉપાધિ કરે તે અમને ઝેર જેવું વસમું લાગે છે.

વિપ્રો અને વેરાગીઓથી અમો વધારે ડરીએ છીએ. તેઓ એટલા બધા નિરંકુશ હોય છે કે જેનું ખાતા હોય તેનું જ ભૂંડું કરે. જેટલા વિપ્રો અને વેરાગીઓ છે તે બધા બારોટથી ડરતા હોય છે. આવું વિચારીને અમે તમારાં ગામમાં વિપ્રોને જમાડવાનું ધાર્યું છે. કોઈ વિપ્ર ઉપાધિ કરે તો તમારે તેના ઉપર અંકુશ રાખવો. કદાચ કોઈ પરસ્પર લડીને મરે, તો તે અમારાથી સહન થઈ શકે નહિ. દક્ષ પ્રજાપતિ ભારે શક્તિશાળી હતા. સારી રીતે વિચારીને તેણે યજ્ઞ શરૂ કર્યો. તે યજ્ઞના ઉત્સવમાં દક્ષપુત્રી સતી અત્યંત ઉમંગ ભર્યા ત્યાં આવ્યા. સતી પિયરમાં હેતથી આવ્યા હતા પણ ભયંકર દુઃખદ સ્થિતિ સરજાણી અને તત્કાળ જ અગ્નિમાં બળી મર્યા. શિવગણ અને ભૃગુના પક્ષને પરસ્પર લડાઈ થઈ.

બ્રાહ્મણો તો તેવાને તેવા જ છે. જમતાં જમતાં પણ લડી ઊઠે. બ્રાહ્મણોને જમાડીએ છીએ સારા યશ માટે અને તેમાં જો કાંઈ અણઘટતું થઈ જાય. તે બાબતનો અમને ભારે ડર લાગે છે. તમારે વિપ્રોને ઝઘડાથી રોકી રાખવા. તેઓ કાંઈ ઉપાધિ ન કરે એ રીતે તેમને આપણે હંમેશાં જમાડવા છે. છ માસ સુધી આપણે બ્રહ્મભોજન કરાવવું છે, તેમાં કાંઈ પાછી પાની રાખવી નથી. જે વિપ્રો જમવા આવે તે કોઈ પણ રીતે ઉપાધિ ન કરે, એવો પ્રબંધ તમારે અગાઉથી જ કરવાનો છે. કોઈ વિપ્ર થોડી પણ ઉપાધિ કરવા ચાહે, તો તેને તરત જ ત્યાંથી શીખ (વિદાય) આપી દેવી. તમે આટલી જવાબદારી માથે રાખો તો અમે તેટલા દિવસ વિપ્રોને જમાડીએ. શાકમાં લસણ અને હિંગ નાખવા દેશું નહિ, તે સિવાયની જે કોઈ પણ વસ્તુ 'મોઢે માગી' આપો.

ગાળ્યા વગરનું પાણી કે ઘી રસોઈમાં ન વાપરે. રસોઈમાં એક સરખું જ મિષ્ટાન્ન પીરસાશે. જેને જેમ યોગ્ય હોય તેમ જમવા બેસાડાય. જે નાગર બ્રાહ્મણ હોય, તેનો પાક અલગ થાશે અને તેની બધી વ્યવસ્થા મયારામ ભટ્ટ સંભાળશે. શ્રીહરિએ જેમ કહ્યું, તેમ અમરસિંહે અને મયારામ ભટ્ટે પ્રેમથી 'હા' કહી, તેથી ઘનશ્યામ શ્રીહરિ રાજી થયા. જ્યારે વર્ણી રસોઈ કરી રહ્યા ત્યારે શ્રીહરિને બોલાવવા આવ્યા. ત્યારે દયાળુ શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને એક પીતાંબર પહેર્યું. તથા બીજું પીતાંબર માથે ઓઢ્યું. ચરણોમાં ચાખડીઓ ચતુરતાથી પહેરી અને જ્યાં રસોઈ કરી હતી ત્યાં પહોંચ્યા. બંને ચરણ કમળ

ધોયા.

રૂમાલથી ચરણોને લુછાવીને પછી બાજોઠ ઉપર બેઠા. અને વર્ણીએ જે જે ભોજન કર્યાં હતાં તે બધાં થાળમાં પીરસીને લાવ્યા. થાળ શ્રીહરિની આગળ ધરાવ્યો. તેઓ પ્રસન્ન ભાવે જમવા લાગ્યા. સાકર નાખીને શીરો કર્યો હતો તથા પૂરી-વડાં અને ભજિયાં પણ કર્યાં હતાં. તાંદળજાની ભાજી કરી હતી. રંગ ભીના શ્યામસુંદર તે જમવા લાગ્યા. વર્ણીએ જે ભોજન ધરાવ્યાં હતાં તેમાંથી જે જેટલું જોઈતું હતું તેટલું તે વખતે લીધું અને જમ્યા. પછી હરિભક્ત વિપ્રે દહીં ભાત અને સાકર ધર્યું તે શ્રીહરિ જમ્યા. તે હરિભક્ત વિપ્ર તો સંતોને અને વર્ણીઓને થઈ રહે તેટલું દહીં લાવ્યા હતા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે જળથી હાથ ધોયા. હાથ કોરા કરીને મુખવાસ લીધો અને તે પછી સંતોને જમાડી દીધા.

તે પછી શ્રીહરિએ દરબારો અને પાર્ષદોને જમાડ્યા. થાળની પ્રસાદી ત્યાંના દરબારોને આપી અને અમરસિંહ ભાટને બોલાવ્યા. પોતે પાસે બેસીને તેમને જમાડ્યા. દહીં અને સાકર તો શ્રીહરિએ પોતાને હાથે પીરસ્યાં. અમરસિંહ ભાટની સાથે જે બીજા લોકો આવ્યા હતા તેમને પણ ત્યાં જમાડ્યા. વેરાગી ગોકુલદાસને સંતોની સાથે જમાડ્યા હતા. પર્વતભાઈ અને હીરાભાઈ ઠક્કરને તો વર્ણીએ પીરસીને જમાડી દીધા હતા.

**ક્રમશઃ વધુ વિગત આવતા અંકે...**

**અનુસંધાન પેજ - ૯નું ચાલું....**

વર્ણી સ્વરૂપે આશ્રમની નાનામાં નાની દરેક પ્રકારની સેવા કરી છે. ગામમાં ઘરે ઘરે ફરી સદાવ્રત માટે અન્નદાનની ઝોળી માગી છે. આશ્રમ માટે બળતણ-ઈંધણ લેવાની સેવા પોતે કરી છે.

આમ, શ્રી મુક્તાનંદ સ્વામી સાથે ગામડામાં અન્નના સદાવ્રતો માટે વિચર્યા છે. અને નીલકંઠ વર્ણીએ નિવૃત્તિમાર્ગમાં રહીને પણ જનતા જનાર્દનની સેવા કરવી તથા મુમુક્ષુને ધર્મ તરફ વાળવાની શુભ શરૂઆત સોરઠમાંથી જ કરી છે. તેમજ બાઈઓ-ભાઈઓની ભેગી થતી સભાઓ જુદી કરી અને ગોખલો બંધ કરાવ્યો તે પણ **સોરઠ**ની **ભૂમિ** પર જ.

ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક એવા સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી અને મહાપ્રભુ નીલકંઠ વર્ણી સ્વરૂપે ભગવાન શ્રીહરિનો **પ્રથમ મેળાપ** પણ મેઘપુરની બાજુમાં આવેલા પીપલાણા ગામે થયો છે અને ત્યાં જ શ્રી રામાનંદ સ્વામીએ વર્ણીન્દ્રને દીક્ષા આપીને 'સહજાનંદ સ્વામી' તથા 'નારાયણમુનિ' એવા બે નામ ધરાવ્યાં. તેમજ સોરઠના મધ્યે આવેલ જેતપુરમાં શ્રી રામાનંદ સ્વામીએ સંપ્રદાયના **ગુરુપદે** ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને નિયુક્ત કર્યા છે. આ ઘોર કળિયુગમાં વહેમ, અંધશ્રદ્ધામાં ઘસડાતા માનવસમાજને દુઃખો, રોગો અને વિપત્તિઓમાંથી છૂટવા માટે તથા શાશ્વત સુખ મેળવવા માટે ભગવાન શ્રીહરિએ સોરઠ ભૂમિના ફરેણી ગામમાં સંતો-હરિભક્તોની પ્રથમ વિશાળ સભામાં ઐશ્વર્ય-પ્રતાપ યુક્ત **મંગલકારી** અઘહારી **'શ્રીસ્વામિનારાયણ' મહામંત્ર**નું પ્રદાન સમગ્ર વિશ્વને કરેલ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ સોરઠના સત્સંગ પરત્વે **વિશેષ સ્નેહ** હતો. તેથી પોતે જ કહે છે : **'મને વહાલો છે સોરઠ દેશ, દિવ્ય રૂપે રહીશ હંમેશ.'** (શ્રીહરિલીલામૃત : ૬/૧૮/૫૯) શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની **સોરઠ ભૂમિની પંચતીર્થી** પૈકી એક **મેઘપુર** ગામનો સમાવેશ થાય છે. જ્યાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** અને સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી પધારી **અનેક લીલાચરિત્રો** કર્યા છે. જ્યાં રામાનંદ સ્વામીએ પ્રથમ સદાવ્રત શરૂ કર્યું હતું, ભગવાન શ્રીહરિએ સંપ્રદાયના મહાન વિદ્વાન પંડિતવર્ય સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામીને આ ગામમાં દીક્ષા આપી હતી, છ-છ મહિના સુધી શ્રીજીમહારાજે ચોરાશી કરી બ્રાહ્મણોને જમાડ્યા હતા તેમજ છ-છ મહિના સુધી સમાધિનું પ્રકરણ પણ ચલાવ્યું હતું. અને આ સમાધિ પ્રકરણ જોઈ મુક્તાનંદ સ્વામીએ આ જ ગામમાં ભગવાન શ્રીહરિને ઠપકો આપ્યો હતો. એક અભણ બ્રાહ્મણ વાલજી મહેતા પાસે વેદ બોલાવ્યા હતા. જ્યાં ભગવાન શ્રીહરિએ એક મુસ્લિમ ફકીરને પોતાનો નિશ્ચય કરાવવા લાડકીબાઈના (જેમનો ઉલ્લેખ ભગવાન શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૫માં વચનામૃતમાં કર્યો છે, તેના) ભાઈ કરશનજી ભાટ પાસે કુરાનના કલમા પઢાવ્યા હતા. આ ગામમાં પરમાણંદ તથા દામજી આ બે બ્રાહ્મણ બાળકોને શ્રીજીમહારાજે જનોઈ આપી હતી અને શ્રીજીમહારાજ અને શ્રીજીસમકાલીન સંતો-ભક્તોના **ચરણકમલ પ્રસંગથી** અતિ તીર્થત્વને પામી મહાપ્રસાદીભૂત **તીર્થસ્થાન** બનેલ છે.

સ્વયં વેદો-ઉપનિષદો જેને **નેતિ નેતિ** કહે છે એ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના પવિત્ર પદારવિંદથી **પાવન** થયેલ આ તીર્થધામ **મેઘપુર** ગામમાં આધ્યાત્મિકતાના **દિવ્ય સ્પંદનો** ગુંજી રહ્યા છે. શ્રીજીમહારાજ અને તેમના પરમહંસો જ્યાં પધાર્યા છે. બેઠા છે..., ફર્યા છે..., નાહ્યા છે..., રમ્યા છે..., જમ્યા છે ને જમાડ્યાં છે. આજે પણ આ મેઘપુરધામની ધરતીના કણકણમાં પરબ્રહ્મ તથા પરમહંસોના સ્પર્શનો **દિવ્યનાદ** ગુંજી રહ્યો છે. આ 'ચિંતન' વિશેષાંકના માધ્યમથી આપણે સહુ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ સરધાર નિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના સંપૂર્ણ સાથ-સહકારથી તથા **મેઘપુર સમસ્ત ગામ સત્સંગ સમાજ**ના અથાગ પરિશ્રમથી **જૂનાગઢવાસી શ્રી રાધારમણ દેવ**ના તાબાના ગામ **મેઘપુર**ને આંગણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર**ના ભવ્ય **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** પ્રસંગે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા નંદસંતો-ભક્તોના પદારવિંદથી અંકિત થયેલી એવી **મેઘપુર**ની પવિત્ર ભૂમિમાં પ્રસાદીભૂત વૃક્ષો, મકાનો કે બીજી અનેક વસ્તુઓ જે અત્યારે **મોજુદ** છે તેના **દર્શન**ની સાથે મહિમાને જીવનમાં કંડારીએ...



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

## સત્સંગ સભા - ઓડ




વડતાલ પ્રદેશના ઓડ (આણંદ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા.

## કથાપારાયણ સોજીત્રા




વડતાલ પ્રદેશના સોજીત્રા ગામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## હોમાત્મક મહાપૂજા વાઘોડીયા




વડતાલ પ્રદેશના વાઘોડીયા (વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ હોમાત્મક મહાપૂજા તથા સત્સંગ સભા.






ભરુચને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ ધાબળા વિતરણ કાર્યક્રમ.




પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ હોમાત્મક મહાપૂજા.




પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ.






ખેડા શહેરખાતે મહિલા મંદિરના રજય જયંતી પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ એકાદશી મહાપૂજા તથા સત્સંગ સભા.




પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથા પારાયણ.




જૂનાગઢ પ્રદેશના આખા ગામને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

## ભવ્ય શાકોત્સવ સુણાવ





વડતાલ પ્રદેશના સુણાવ (તા. પેટલાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ નવસારી





નવસારી શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ બીલીમોરા





વડતાલ પ્રદેશના બીલીમોરા શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ બોટાદ





ગઢપુર પ્રદેશના બોટાદ શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ વડુ





વડતાલ પ્રદેશના વડુ (તા. પાદરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ થાણા





થાણા (મુંબઈ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ બોરીવલી





બોરીવલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ કોપરખૈરણે





કોપરખૈરણે (મુંબઈ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## સત્સંગ સભા દહિસર





દહિસર (મુંબઈ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## હોમાત્મક મહાપૂજા કાલોલ



કાલોલ હોમાત્મક મહાપૂજામાં પ્રસંગે સભામાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી

## ઝાડેશ્વર ભરુચ



આગામી યુવા ઉત્સકર્ષ મહોત્સવ સ્થળનું નિરક્ષણ કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## સત્સંગ સભા યોગીચોક





યોગીચોક (સુરત)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## સત્સંગ સભા શ્રીજીમંદિર





શ્રીજીમંદિર (સુરત)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## સત્સંગ સભા રાંદેર



## સત્સંગ સભા કતારગામ



પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## માઘ સ્નાન નાસિક



માઘ સ્નાન પ્રસંગે નાસિકમા ડોંબીવલી મંદિર દ્વારા યોજાયેલ શાકોત્સવ તથા સભા.

## સત્સંગ સભા સાવરકુંડલા



સાવરકુંડલામાં મહોત્સવ ઉપલક્ષમાં યોજાયેલ સત્સંગ સભા.



## ભવ્ય શાકોત્સવ મહેમદાવાદ



વડતાલ પ્રદેશના મહેમદાવાદ ગામને આંગણે આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ મકરપુરા





વડતાલ પ્રદેશના મકરપુરા (વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ ભાવનગર





ભાવનગરને આંગણે મુખ્ય મંદિરના પટાંગણમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ જેતપુર





ગાદીસ્થાન જેતપુરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર દ્વારા યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ સિહોર





સિહોર શહેરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ પાલીતાણા





ગઢપુર પ્રદેશના પાલીતાણા શહેરને આંગણે આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ કમીગઢ



## ભવ્ય શાકોત્સવ સણોસરા



જૂનાગઢ પ્રદેશના કમીગઢને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.



## ભવ્ય શાકોત્સવ રણુ



વડતાલ પ્રદેશના રણું (તા. પાદરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## જનમંગલ પાઠ યોગીચોક-સિમાડા





શ્રી સ્વા. મંદિર-યોગીચોકને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ એકાદશીના પવિત્ર દિવસે મહાપૂજા તથા જનમંગલ પાઠ.

## ભવ્ય શાકોત્સવ બગસરા





બગસરા શહેરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર દ્વારા યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ મહુવા





મહુવાને આંગણે મુખ્ય મંદિરના પટાંગણમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ હાલોલ





હાલોલને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ કરમાડી



## ભવ્ય શાકોત્સવ મોટી ખીલોરી



પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## શેરડી ઉત્સવ સરધાર





સરધાર મંદિર છાત્રાલયમાં વિના મૂલ્યે નિવાસ કરીને અભ્યાસ કરતા કોલેજીયન વિદ્યાર્થીઓને શેરડી ઉત્સવ કરાવતા પૂ. સ્વામી તથા સંતો-પાર્ષદો.













જૂનાગઢ પ્રદેશના કેશોદ શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - મેઘપુર તથા મહેમદાવાદનો ભવ્ય

# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૧૭

અંતર્ગત

## ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

કથા પારાયણ



શ્રી ઘનશ્યામ મહારાજ

પ્રયોજક/વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



:: અધ્યક્ષશ્રી ::

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



:: ઉપાધ્યક્ષશ્રી ::

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - મેઘપુર**

તારીખ :- ૦૧ થી ૦૩ ૨-૨૦૧૭

મહોત્સવ સ્થળ :- મું. મેઘપુર,
તા. માણાવદર, જી. જૂનાગઢ

**શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર - મહેમદાવાદ**

તારીખ :- ૧૨ થી ૧૬ ૨-૨૦૧૭

મહોત્સવ સ્થળ :- સોમનાથ મહાદેવ કોમન પ્લોટ,
નવજીવન સોસા., મહેમદાબાદ, જી. ખેડા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી ત્વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, પૂ. સંતોના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ **વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા** પ્રદેશના સત્સંગ સમાજ દ્વારા શ્રીજીમહારાજે લોયાગામમાં ૯૦ મણ રીંગણા અને ૧૨ મણ ઘીના વઘાર સાથે કરેલ શાકોત્સવની સ્મૃતિ સહ

# ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

૧. તા. ૧૨-૧૧-૨૦૧૬
મું. સાંખડાવદર, તા. જી. જૂનાગઢ

૨. તા. ૩૦-૧૧-૨૦૧૬
મું. મેઘપુર, તા. માણાવદર, જી. જૂનાગઢ.

૩. તા. ૪-૧૨-૨૦૧૬
મું. ઘનસાળી, તા. કેશોદ, જી. જૂનાગઢ.

૪. તા. ૭-૧૨-૨૦૧૬
મું. ખારી, તા. બગસરા, જી. અમરેલી.

૫. તા. ૧૫-૧૨-૨૦૧૬
મું. ધંધુકા, જી. અમદાવાદ.

૬. તા. ૧૭-૧૨-૨૦૧૬
મું.સુણાવ, તા. પેટલાદ, જી. આણંદ.

૭. તા. ૧૭-૧૨-૨૦૧૬
મું. નવસારી, જી. નવસારી.

૮. તા. ૧૮-૧૨-૨૦૧૬
મું. બીલીમોરા, જી. નવસારી.

૯. તા. ૧૮-૧૨-૨૦૧૬
મું. બોરીવલી-મુંબઈ (મહારાષ્ટ્ર)

૧૦. તા. ૧૮-૧૨-૨૦૧૬
મું. ડોંબીવલી-મુંબઈ (મહારાષ્ટ્ર)

૧૧. તા. ૧૮-૧૨-૨૦૧૬
મું. વિસાવદર, જી. જૂનાગઢ.

૧૨. તા. ૧૮-૧૨-૨૦૧૬
મું. નાગનેશ, તા. ચુડા, જી. સુરેન્દ્રનગર.

૧૩. તા. ૧૯-૧૨-૨૦૧૬
મું. થાણા-મુંબઈ (મહારાષ્ટ્ર)

૧૪. તા. ૨૦-૧૨-૨૦૧૬
મું. બોટાદ, જી. બોટાદ.

૧૫. તા. ૨૧-૧૨-૨૦૧૬
મું. કોપરખૈરણે-મુંબઈ (મહારાષ્ટ્ર)

૧૬. તા. ૨૫-૧૨-૨૦૧૬
મું. વડુ, તા.પાદરા, જી. વડોદરા.

૧૭. તા. ૨૫-૧૨-૨૦૧૬
મું. મહેમદાવાદ, જી. ખેડા.

૧૮. તા. ૨૫-૧૨-૨૦૧૬
મું. મકરપુરા - વડોદરા.

૧૯. તા. ૨૫-૧૨-૨૦૧૬
મું. ભાવનગર, જી. ભાવનગર.

૨૦. તા. ૨૫-૧૨-૨૦૧૬
મું. જેતપુર, જી. રાજકોટ.

૨૧. તા. ૨૫-૧૨-૨૦૧૬
મું. રાણપુર, તા. ભેંસાણ, જી. જૂનાગઢ.

૨૨. તા. ૨૬-૧૨-૨૦૧૬
મું. સિહોર, જી. ભાવનગર.

૨૩. તા. ૨૬-૧૨-૨૦૧૬
મું. ગુંજાર, તા. ધંધુકા, જી. અમદાવાદ.

૨૪. તા. ૩૦-૧૨-૨૦૧૬
મું. પાલીતાણા, જી. ભાવનગર.

૨૫. તા. ૩૦-૧૨-૨૦૧૬
મું. કમીગઢ, તા.જી. અમરેલી.

૨૬. તા. ૩૧-૧૨-૨૦૧૬
મું. રણુ, તા. પાદરા, જી. વડોદરા.

૨૭. તા. ૩૧-૧૨-૨૦૧૬
મું. સણોસરા, તા.જી. અમરેલી.

૨૮. તા. ૩૧-૧૨-૨૦૧૬
મું. વડેરા, તા.જી. અમરેલી.

૨૯. તા. ૩૧-૧૨-૨૦૧૬
મું. કાલસારી-વિસાવદર, જી. જૂનાગઢ.

૩૦. તા. ૦૧-૦૧-૨૦૧૭
મું. બગસરા, જી. અમરેલી.

૩૧. તા. ૦૧-૦૧-૨૦૧૭
મું. જામનગર, જી. જામનગર.

૩૨. તા. ૦૧-૦૧-૨૦૧૭
મું. મહુવા, જી. ભાવનગર.

૩૩. તા. ૦૧-૦૧-૨૦૧૭
મું. કરમાડી, તા.લીમખેડા, જી. દાહોદ.

૩૪. તા. ૦૨-૦૧-૨૦૧૭
મું. મોટી કુંકાવાવ, જી. અમરેલી.

૩૫. તા. ૦૨-૦૧-૨૦૧૭
મું. ચોરાળી મોલી, જી. જૂનાગઢ.

૩૬. તા. ૦૩-૦૧-૨૦૧૭
મું. ઓઢાના સમઢીયાળા, જી. અમરેલી.

૩૭. તા. ૦૩-૦૧-૨૦૧૭
મું. નાળીયેલી મોલી, જી. જૂનાગઢ.

૩૮. તા. ૦૩-૦૧-૨૦૧૭
મું. હાલોલ, જી. વડોદરા.

૩૯. તા. ૦૪-૦૧-૨૦૧૭
મું. ઉપલેટા, જી. રાજકોટ.

૪૦. તા. ૦૪-૦૧-૨૦૧૭
મું. ચાંપરડા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

૪૧. તા. ૦૪-૦૧-૨૦૧૭
મું. બોડકા, તા.માણાવદર, જી. જૂનાગઢ.

૪૨. તા. ૦૪-૦૧-૨૦૧૭
મું. પ્રેમપરા, તા. વિસાવદર, જી.જૂનાગઢ.

૪૩. તા. ૦૫-૦૧-૨૦૧૭
મું. માલસીકા, તા. ધારી, જી. અમરેલી.

૪૪. તા. ૦૬-૦૧-૨૦૧૭
મું. જામવંથલી, જી. જામનગર.

૪૫. તા. ૦૬-૦૧-૨૦૧૭
મું. રામોદ, તા. ગોંડલ, જી. રાજકોટ.

૪૬. તા. ૦૬-૦૧-૨૦૧૭
મું. વેરાવળ (શાપર), જી. રાજકોટ.

૪૭. તા. ૦૭-૦૧-૨૦૧૭
મું. સરસઈ, તા. વિસાવદર, જી. જૂનાગઢ.

૪૮. તા. ૦૭-૦૧-૨૦૧૭
મું. સીમાસી, તા. મેંદરડા, જી. જૂનાગઢ.

૪૯. તા. ૦૭-૦૧-૨૦૧૭
મું. જૂના વાઘણીયા, જી. અમરેલી.

૫૦. તા. ૦૮-૦૧-૨૦૧૭
મું. અમરેલી, જી. અમરેલી.

૫૧. તા. ૦૮-૦૧-૨૦૧૭
મું. વેરાવળ (ગીર સોમનાથ)

૫૨. તા. ૦૮-૦૧-૨૦૧૭
મું. અણીયાળા, તા.જી. રાજકોટ.

૫૩. તા. ૦૮-૦૧-૨૦૧૭
મું. આંબલીયા (ઘેડ), જી. જૂનાગઢ.

૫૪. તા. ૦૮-૦૧-૨૦૧૭
મું. સાણથલી, તા. રાજકોટ.

૫૫. તા. ૧૦-૦૧-૨૦૧૭
મું. જરગલી, તા. ઉના, જી. જૂનાગઢ.

૫૬. તા. ૧૦-૦૧-૨૦૧૭
મું. મોટા સમઢીયાળા, તા. ઉના.

૫૭. તા. ૧૦-૦૧-૨૦૧૭
મું. ઢેબર, તા. વિસાવદર, જી. જૂનાગઢ.

૫૮. તા. ૧૧-૦૧-૨૦૧૭
મું. હેમાળ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

૫૯. તા. ૧૧-૦૧-૨૦૧૭
મું. નિંગાળા, તા. રાજુલા, જી. અમરેલી.

૬૦. તા. ૧૧-૦૧-૨૦૧૭
મું. તાલાળા ગીર, જી. જૂનાગઢ.

૬૧. તા. ૧૨-૦૧-૨૦૧૭
મું. ઘનશ્યામનગર (આદસંગ) જી. અમરેલી.

૬૨. તા. ૧૨-૦૧-૨૦૧૭
મું. કેશોદ, જી. જૂનાગઢ.

૬૩. તા. ૧૨-૦૧-૨૦૧૭
મું. ચિત્તલ, તા.જી. અમરેલી.

૬૪. તા. ૧૨-૦૧-૨૦૧૭
મું. નાના મુંજીયાસર, જી. અમરેલી.

૬૫. તા. ૧૩-૦૧-૨૦૧૭
મું. રાણાવાવ, જી. પોરબંદર.

૬૬. તા. ૧૩-૦૧-૨૦૧૭
મું. માણાવદર, જી. જૂનાગઢ.

૬૭. તા. ૧૩-૦૧-૨૦૧૭
મું. રોજકા, તા. ધંધુકા.

૬૮. તા. ૧૪-૦૧-૨૦૧૭
મું. મોટી ખીલોરી, જી. રાજકોટ.

૬૯. તા. ૧૫-૦૧-૨૦૧૭
મું. જૂનાગઢ, જી. જૂનાગઢ.

૭૦. તા. ૧૫-૦૧-૨૦૧૭
મું. થાણાપીપળી, જી. જૂનાગઢ.

૭૧. તા. ૧૫-૦૧-૨૦૧૭
મું. ફાચરીયા, તા. સાવરકુંડલા.

૭૨. તા. ૧૬-૦૧-૨૦૧૭
મું. કમી કેરાળા, જી. અમરેલી.

**શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, મુ. વરજાંગ જાળિયા** (તા. ઉપલેટા)ના **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**નું પૂ. પુરાણી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે **તા. ૧ થી ૩-૨-૨૦૧૭** સુધી આયોજન કરેલ છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

## નૂતન હરિમંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૧-૨-૨૦૧૭ થી ૩-૨-૨૦૧૭ | મહા સુદ - ૫ થી મહા સુદ - ૭ | મહા સુદ - ૭ તા. ૩-૨-૨૦૧૭ | મુ. **મેઘપુર**, તા. માણાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૭૨૭૨૦૯૪૩૧, ૯૯૯૮૭૮૪૪૭૫ |
| ૨. | ૧૨-૨-૨૦૧૭ થી ૧૬-૨-૨૦૧૭ | મહા વદ - ૧ થી મહા વદ - ૫ | મહા વદ - ૫ તા. ૧૬-૨-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મહિલા મંદિર - મહેમદાવાદ**, જી. અમદાવાદ સંપર્ક :- મો. ૯૪૨૮૬૪૭૦૦૪ |
| ૩. | ૮-૩-૨૦૧૭ થી ૧૨-૩-૨૦૧૭ | ફાગણ સુદ - ૧૧ થી ફાગણ સુદ - ૧૫ | ફાગણ વદ - ૧ તા. ૧૩-૩-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર - સમની**, તા. આમોદ, જી. ભરુચ સંપર્ક :- મો. ૮૯૮૦૦૩૫૭૮૩, ૯૯૦૯૪૧૬૧૦૨ |
| ૪. | ૨૭-૪-૨૦૧૭ થી ૩-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૮ | વૈશાખ સુદ - ૫ તા. ૩૦-૪-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર - નાળિયેલી મોલી**, તા. ઉના, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૮૭૯૦૬૫૯૩૦, ૯૭૧૨૪૭૧૫૨૩ |
| ૫. | ૨૭-૪-૨૦૧૭ થી ૧-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬ તા. ૧-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર**, ઘેટી દરવાજા, **પાલીતાણા**, જી. ભાવનગર સંપર્ક :- મો. ૯૪૨૬૩૪૩૮૮૩, ૯૭૨૫૦૨૩૨૬૫ |
| ૬. | ૧-૫-૨૦૧૭ થી ૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૬ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૭-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર, કોટડા સાંગાણી**, જી. રાજકોટ સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩, ૯૮૨૫૪૧૬૯૯૮ |
| ૭. | ૩-૫-૨૦૧૭ થી ૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૮ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૭-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર, કોટડા પીઠા**, તા. બાબરા, જી. અમરેલી સંપર્ક :- મો. ૯૯૦૯૭૮૫૫૮૭ |
| ૮. | ૮-૫-૨૦૧૭ થી ૧૦-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩ તા. ૮-૫-૨૦૧૭ | મુ. **ચાંપરડા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૪૨૮૭૭૬૩૪૯, ૯૭૧૪૩૯૩૦૨૫ |
| ૯. | ૪-૫-૨૦૧૭ થી ૮-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૯ થી વૈશાખ સુદ - ૧૩ | વૈશાખ સુદ - ૧૩ તા. ૮-૫-૨૦૧૭ | મુ. **પ્રેમપરા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૫૩૭૦૧૨૦૭૪, ૯૫૩૭૮૩૪૩૩૫ |

## કથાપારાયણ - મહોત્સવોની તિથિ તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૪-૨-૨૦૧૭ થી ૧૦-૨-૨૦૧૭ | મહા સુદ - ૮ થી મહા સુદ - ૧૫ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **સાવરકુંડલા**, જી. અમરેલી સંપર્ક :- મો. ૯૪૨૯૪૭૮૧૧૭ |
| ૨. | ૨૮-૨-૨૦૧૭ થી ૬-૩-૨૦૧૭ | ફાગણ સુદ - ૨ થી ફાગણ સુદ -૯ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **માળીયા હાટીના**, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૪૨૮૬૨૪૮૨૪ |
| ૩. | ૨-૪-૨૦૧૭ થી ૮-૪-૨૦૧૭ | ચૈત્ર સુદ - ૬ થી ચૈત્ર સુદ - ૧૨ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **શ્રી સ્વા. મંદિર - આખા**, તા. માણાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૭૭૯૫૨૨૫૧૧ |
| ૪. | ૧૨-૪-૨૦૧૭ થી ૧૮-૪-૨૦૧૭ | ચૈત્ર વદ - ૧ થી ચૈત્ર વદ - ૭ | શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવ | **'નૂતન શ્રી સ્વા. મુખ્ય મંદિરનું મેદાન' મહુવા** સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૨૨/૩૫ |
| ૫. | ૧૧-૫-૨૦૧૭ થી ૧૭-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૧ થી વૈશાખ વદ - ૬ | શ્રીમદ્ સત્સંગિજીવન કથા મહોત્સવ | મુ. **બરફટાણા**, તા. રાજુલા, જી. અમરેલી. સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૧ |
| ૬. | ૧૮-૫-૨૦૧૭ થી ૨૪-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૭ થી વૈશાખ વદ - ૧૪ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | **લેપ્રસી ગ્રાઉન્ડ, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા.** સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૯૨૫૧૪૧૦૦૮ |
| ૭. | ૨૦-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૯ | રત્નાકર મહોત્સવ | મું. **વડોદરા.** સંપર્ક :- મો. ૯૮૨૫૯૧૯૯૯૦ |











સર્વાવતારી ભગવાન શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જૂનાગઢ દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. નાનાલાલજીશ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં જૂનાગઢ પ્રદેશના જુદાં જુદાં દેશોમાં ઉજવાયેલ 'ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા'








વડતાલ પ્રદેશના વિણા (તા. નડીયાદ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'રજત જયંતી મહોત્સવ' તથા પૂ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી (વરજાંગ જાળિયા)ના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'



## ભવ્ય શાકોત્સવ ધંધુકા





ભાલપ્રદેશના ધંધુકા શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ચિત્રકુટ એવોર્ડ તલગાજરડા





તલગાજરડાને આંગણે ગુજરાત પ્રાથમિક શાળાના શ્રેષ્ઠ શિક્ષકોને 'ચિત્રકુટ એવોર્ડ' એનાયત પ્રસંગે પૂ. શ્રી મોરારી બાપુ સાથે ઉપસ્થિત પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## દ્વિમાસિક સભા તથા શાકોત્સવ - ડોંબીવલી









ડોંબીવલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ. પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ 'ભવ્ય શાકોત્સવ' તથા બૃહદ મુંબઈ પરાવિસ્તારની 'દ્વિમાસિક સત્સંગ સભા' (તા. ૧૮-૧૨-૨૦૧૬)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

પધારો સાવરકુંડલા

ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના સાવરકુંડલા શહેરને આંગણે

પધારો સાવરકુંડલા



શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ

# શ્રી જનમંગલ

અંતર્ગત

# મહોત્સવ



॥ અધ્યક્ષશ્રી ॥
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

## ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

કથા પારાયણ

॥ કથા સમય ॥
સવારે - ૦૮:૩૦ થી ૧૧:૩૦
બપોરે - ૦૩:૦૦ થી ૦૬:૦૦

તારીખ :- ૪ થી ૧૦-૨-૨૦૧૭



॥ ઉપાધ્યક્ષશ્રી ॥
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

લાઈવ પ્રસારણ हमारा लक्ष्य विश्व का कल्याण हो...

આયોજક :- શ્રી સ્વામિનારાયણ સમસ્ત સત્સંગ સમાજ - સાવરકુંડલા પ્રદેશ

મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ ધામ' જી.ઈ.બી.ની સામે, જેસર રોડ, સાવરકુંડલા

સંપર્ક :- ગોરધનભાઈ કાનાણી મો. ૯૪૨૯૪૭૮૧૧૭ જયંતીભાઈ જયાણી મો. ૯૪૨૬૧૨૧૯૫૪

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥



॥ અધ્યક્ષશ્રી ॥
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી





॥ ઉપાધ્યક્ષશ્રી ॥
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



# યુવા ઉત્કર્ષ મહોત્સવ

પ્રથમ ચરણ (૨૦૧૭)

:: પ્રેરક ::
પ.પૂ. નાનાલાલજી
શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

યુવાનોનું ધાર્મિક સશકિત કરણ

LNDYM

તારીખ : ૧૭ થી ૧૯ - ૦૨- ૨૦૧૭

:: સ્થળ ::
શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર,
ઝાડેશ્વર, ભરૂચ.

આયોજક : શ્રી અખીલ ભારતીય દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ (શાખા) દ્વારા
ભરૂચ, રાજ, કાનમ, વાંકળ, છોટા ઉદેપુર, વડોદરા, દાહોદ, પંચમહાલ, અંકલેશ્વર, કોસંબા

મો. સર્વમંગલ સ્વામી ૯૪૨૭૮૫૪૦૮૦, નીતીનભાઇ ૯૯૨૫૧૧૫૧૦૮, નયનભાઇ પટેલ ૯૬૬૨૦૩૭૫૮૩, અલ્પેશભાઇ ૯૮૨૫૯૧૯૯૯૦

Swaminarayan Chintan, January-2017 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2018_RNI No. GUJGUJ-2013/47868

## નૂતન હરિમંદિર ખાતમુહૂર્ત - નાના ભમોદ્રા





ગઢપુર પ્રદેશના **નાના ભમોદ્રા** (તા. સાવરકુંડલા) ગામને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે યોજાયેલ પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે નવનિર્માણ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્તવિધિ-ભૂમિપૂજન મહોત્સવ.

## નૂતન હરિમંદિર ખાતમુહૂર્ત - વરસોલા





વડતાલ પ્રદેશના **વરસોલા** (તા. મહેમદાવાદ) ગામને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે યોજાયેલ પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે નવનિર્માણ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્તવિધિ-ભૂમિપૂજન મહોત્સવ.

## નૂતન હરિમંદિર ખાતમુહૂર્ત - મગનપુરા





વડતાલ પ્રદેશના **મગનપુરા** (તા. માતર) ગામને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે યોજાયેલ પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે નવનિર્માણ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્તવિધિ-ભૂમિપૂજન મહોત્સવ.

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007